بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧/ફેબ્રુઆરી/૨૦૧૮**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર
હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૨, સળંગ અંક : ૧૭૦



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી (B.Sc.)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


**● અનુક્રમણિકા ●**


| | | |
|---|---|---|
| 01 | અર્વાચીન સ્કૂલો તથા હોસ્પિટલોની સખત જરૂરત | 02 |
| 02 | માનવહત્યા તથા આત્મહત્યા અને ઈસ્લામી આદેશ | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ | 15 |
| 06 | ગરીબી (ફકીરી)ની ફઝીલત | 18 |
| 07 | હદાઈકે બખ્શિશ | 20 |
| 08 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 24 |
| 09 | વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ ﷺ | 27 |
| 10 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 30 |
| 11 | કાનૂને શરીઅત | 32 |
| 12 | ગુનાહોનો ઈલાજ | 35 |
| 13 | હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہના હાલાત...... | 37 |
| 14 | પોતે પોતાને કુર્આન મજીદમાં શોધો ! | 39 |
| 15 | હજ્જ સબસીડીનો ખેલ ખત્મ ! અન્ય ક્યારે ખત્મ થશે ?! | 42 |
| 16 | દુઆ પર અસ્થાને "આમીન" કહેવાની સુધારણા | 44 |
| 17 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## દર્દે દિલ કર મુઝે અતા યા રબ

દર્દે દિલ કર મુઝે અતા યા રબ / દે મેરે દર્દ કી દવા યા રબ
લાજ રખ લે ગુનાહગારોં કી / નામ રહમાન હૈ તેરા યા રબ
તૂને મેરે ઝલીલ હાથોં મેં / દામને મુસ્તફા દિયા યા રબ
દે કે લેતે નહીં કરીમ કભી / જો દિયા જિસકો દે દિયા યા રબ
ઈસ નિકમ્મે સે કામ લે ઐસે / યે નિકમ્મા હો કામ કા યા રબ
બે સબબ બખ્શ દે ન પૂછ અમલ / નામ ગફફાર હૈ તેરા યા રબ
તેરી જાનિબ યે મુશ્ત ખાક ઉળે / ભેજ ઐસી કોઈ હવા યા રબ
દૌલતેં ઐસી નેઅમતેં ઈતની / બે ગરઝ તૂ ને કી અતા યા રબ
ન ભરે ઝખ્મે દિલ હરે હોકર / રહે ગુલશન હરા ભરા યા રબ
ટેસ કમ ન હો દર્દે ઉલ્ફત કી / દિલ તળપતા રહે મેરા યા રબ
અહલે સુન્નત કી હર જમાઅત પર / હર જગહ હો તેરી અતા યા રબ
દુશ્મનોં કે લિએ હિદાયત કી / તુઝ સે કરતા હૂં ઈલ્તેજા યા રબ
તૂ 'હસન' કો ઉઠા હસન કર કે / હો મઅલ ખૈર ખાતેમા યા રબ

મુસલમાનોને દીનથી ફરી જવાના તથા વિમુખ થવાના ફિત્નાથી બચાવવા...

# અર્વાચીન સ્કૂલો તથા હોસ્પિટલોની સખત જરૂરત


**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**


*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત)*


પ્રિય વતનમાં દીનથી વિમુખ થવાના દરવાજા ખોલવામાં આવી રહ્યા છે. આ અવાજ દરેક દૂરંદેશ તથા જાગૃત દિમાગની જીભેથી આપણા કાનોના પડદા પરથી ટકરાઈ રહ્યો છે. ઘણી બધી મુસ્લિમ આબાદીઓના હાલાત કાંઈક અંશે ઠીક છે, પરંતું જો આપણે દેશના વિવિધ ગામડાંઓનો અભ્યાસ કરીએ અને ત્યાંના ૨૦–૩૦ ઘરોવાળાં ગામડાંઓમાં વસનારા મુસલમાનોની જિંદગીઓનો અભ્યાસ કરીએ તો આપણને જાણવા મળશે કે તેઓ કઈ ઈસ્લામી જિંદગી ગુજારી રહ્યા છે ?! શું તેમને કલમા યાદ પણ છે ? તેઓ નમાઝ પઢવાનું જાણે છે ? તેમને કુર્આને મુકદ્દસની સહીહ તાલીમ આપવામાં આવી રહી છે ? ત્યાં મસ્જિદ, મદ્રસા તથા સ્કૂલની વ્યવસ્થા છે ? તેઓ અન્ય ધર્મોના રીત રિવાજોથી દૂર છે ? જો આ સવાલોની હકીકતની રૂએ જાંચ કરીએ તો જાણવા મળશે કે હાલાત બદથી બદતર છે. જે ઉલમાએ કિરામ તથા મુબલ્લિગો નાની નાની મુસ્લિમ વસ્તીઓવાળાં ગામડાંઓમાં જાય છે અને ત્યાં દીની જિમ્મેદારીઓની સાથે કામ અંજામ આપે છે તેઓ સારી રીતે જાણે છે કે ત્યાંની પરિસ્થિતિઓ કેવી છે ? હકીકત એ છે કે ત્યાં ઈસ્લામી તાલીમાતની બૂ પણ નથી જોવા મળતી બલ્કે તેઓ તૌહીદ તથા શિર્કના બારામાં કાંઈ જાણતા પણ નથી. તેમની પાસે જે મઝહબ તથા મસ્લકનો માનવાવાળો પ્રથમ પહોંચી ગયો અથવા પછી જેવો માહોલ મળ્યો તે જ માળખામાં તેઓ ગોઠવાય જાય છે.

જ્યારે પશ્ચિમ જગતે મુસ્લિમ આફ્રિકાને ઈસાઈ આફ્રિકામાં તબદીલ કરવાનો ખતરનાક મનસૂબો બનાવ્યો અને પોતાનો નિશાનો નિશ્ચિત કર્યો તો સૌ પ્રથમ તેમણે ગામડાંઓથી કામ શરૂ કરીને પોતાની સંખ્યામાં વધારો કર્યો. જેનું પરિણામ એ આવ્યું કે આફ્રિકામાં આજથી ૪૦ વરસો પહેલાં મુસલમાનોની જે સંખ્યા હતી એમાં અત્યારે લગભગ ૨૦ થી ૨૫ ટકાની કમી થઈ ચૂકી છે ઈસાઈઓએ પોતાના મઝહબની વૃદ્ધિના માટે બે મહત્વનાં કામો શરૂ કર્યાં, ઠેક ઠેકાણે સ્કૂલો તથા હોસ્પિટલો સ્થાપિત કરી. પછી તે સ્કૂલોમાં તેમણે ચર્ચ પણ સ્થાપિત કર્યાં. એટલે કે પ્રથમ લોકોની રોજની પાયાની જરૂરતોને પૂર્ણ કરી અને તેના થકી દીને ઈસ્લામથી મુસલમાનોના રિશ્તાને કમજોર કર્યો અને ઈસાઈયતનો વિકાસ કર્યો.

યાદ રાખશો ! જ્યાં સુધી આપણે આપણી વિચારધારાને વર્તમાન સંજોગોની ડિમાન્ડો તથા લોકોની જરૂરતોને લક્ષમાં રાખીને આયોજીત નહીં કરીએ ત્યાં સુધી લોકોને દીન પર કાયમ રાખી શકીશું નહીં. આજે આપણે ખુદ આપણા હાલાતનું પરિક્ષણ કરીએ તો જાણવા મળશે કે આપણામાંનો દરેક (ઈલ્લા માશા અલ્લાહ !) પોતાનાં બાળકોને દુનિયવી તાલીમના અલંકારો વડે શણગારી રહ્યો છે. વર્તમાનકાળના તકાઝાઓને જોઈને જ કદમ ઉઠાવી રહ્યો છે. આપણને અનુભવ તથા તજરબો છે કે પબ્લિકની મોટી સંખ્યા આ આધુનિક શિક્ષણની તરફ વળેલી છે. એટલા માટે મુસ્લિમ નેતાગીરી, ઉલમા તથા દાનિશ્વરોએ મસ્જિદો તથા મદ્રસાઓની સાથોસાથ સ્કૂલો તથા હોસ્પિટલો સ્થાપવી પડશે. અર્વાચીન શિક્ષણની સાથોસાથ કુર્આન તથા હદીષની મજબૂત તાલીમ આપવી પડશે. આપણો દરેક બાળક દીન તથા દુનિયા બંનેવથી માહિતગાર થાય, એને આપણે નિશ્ચિત કરવું પડશે. આજે આપણે ત્યાં અમુક રસમોને જાણે કે ફર્ઝનો દરજો આપી દેવામાં આવ્યો છે, અને અસલ દીનના પ્રચાર તથા ખિદમતના

વધુ પેજ 14 પર..



# 'માનવ હત્યા' તથા 'આત્મહત્યા' અને ઈસ્લામી આદેશ

તંત્રી લેખ..

ઈસ્લામનો આદેશ અલલ એલાન છે, હદીષે કુદસી છે, રબ તઆલા ફર્માવે છે કે :–

اَیُّهَا النَّاسُ اِنَّ دِمَآئَکُمْ وَاَمْوَالَکُمْ وَاَعْرَاضَکُمْ عَلَیْکُمْ حَرَامٌ ''હે લોકો ! તમારું **લોહી** તથા **માલ** અને **ઈજ્જતો** એકબીજા પર તદન હરામ કરી દેવામાં આવી.''

''ઈસ્લામથી પહેલાં જાહિલિયતના દૌરમાં માનવ માનવ વચ્ચે વેર તથા અદાવત તથા ખૂનામરકીની બોલબાલા હતી. કબીલા કબીલાઓ વચ્ચે વેરવૃત્તિમાં સેંકડો વરસો સુધી એક પછી એક જંગ થતી રહેતી અને તેમાં કેટલાંય ખૂનો થઈ જતાં, કેટલીય સ્ત્રીઓ વિધવા બનતી, કેટલાંય બાળકો યતીમ બનતાં. પણ એ જાહિલિયતની જુલ્મી ક્રૂર પ્રથાને ઈસ્લામે નાબૂદ કરીને ઉપર મુજબ આદેશ આપ્યો.

આપ ﷺએ હજ્જતુલ વિદાઅના ખુત્બામાં ફર્માવ્યું, ''સર્વ માનવો આદમની ઔલાદ છે અને હઝરત આદમ علیہ السلام માટીથી બનાવવામાં આવ્યા, હવે મહાનતા (બડાઈ)ના સર્વ દાવાઓ, ખૂન તથા માલની સર્વ માગણીઓ અને બદલો આ મારા પગો તળે કચડવામાં આવી ચૂક્યાં છે..... જાહિલિયતના દૌરનું સર્વ કાંઈ મેં મારા પગો નીચે કચડી કાઢ્યું. જાહિલિયતના જમાનાના ખૂનના સર્વ બદલાઓ હવે નાબૂદ છે.''

આ આદેશથી લોકોમાં ચાલતી વેરવૃત્તિની ભાવના તથા ખૂનોની વંશ પરંપરાગત ચાલતી ચેઈનને ખત્મ કરીને ભાઈચારાનો પયગામ આપ્યો હતો. અને ઊંચ નીચના ભેદને ખત્મ કરવા આદેશ આપ્યો કે, ''હે લોકો ! તમારો રબ એક છે, અને તમો એક બાપની ઔલાદથી છો. કોઈ અરબને અજમી પર અને કોઈ ગોરાને કોઈ કાળા પર કોઈ ફઝીલત નથી. હા ! ફઝીલતની ચીજ તક્વો તથા પરહેઝગારી છે.....'' જેમ કે કુર્આને પાકમાં પણ ફઝીલત (અગ્રતા) તથા ઈજ્જતના વિશે રબનો ઈર્શાદ છે : اِنَّ اَکْرَمَکُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰکُمْ ''તમારામાં **''સૌથી ઈજ્જતદાર''** તે છે જે સૌથી વિશેષ **ખુદાથી ડરવાવાળો** છે.'' *(સૂ. હુજુરાત, ૪૯/૧૩)*

## ★ નાહક્ક ખૂનના બારામાં ઈસ્લામી આદેશ ★

આજે ન જેવી વાતમાં, કાંઈક અદાવતમાં કે માલની લાલચમાં કે રાજકિય લાભ ખાતર માનવ માનવની હત્યા એ આજકાલ રમત વાત બની ગઈ છે, પછી બંને પક્ષના કુટુંબીઓએ, બાળકો તથા સ્ત્રીઓએ તેની કઠિન સજા વેઠવી પડે છે. પણ નાહક ખૂનની મનાઈના બારામાં સૂરએ ઈસ્રામાં રબનું ફર્માન છે:–

وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِیْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ ؕ وَمَنْ قُتِلَ مَظْلُوْمًا فَقَدْ جَعَلْنَا لِوَلِیِّهٖ سُلْطٰنًا فَلَا یُسْرِفْ فِّی الْقَتْلِ ؕ اِنَّهٗ کَانَ مَنْصُوْرًا ﴿۳۳﴾

''અને કોઈ જાન જેની હુર્મત અલ્લાહે રાખી છે (તેને) નાહક ન મારો. અને જો નાહક્ક માર્યો જાય તો બેશક ! અમે તેના વારસોને કાબૂ આપ્યો છે તો તે કત્લમાં હદથી ન વધે, જરૂર તેની મદદ થવાની છે.'' *(સૂ. ઈસ્રા, ૧૭/૩૩)*

*ખઝાઈનુલ ઈર્ફાન*માં છે : આ આયતથી સાબિત થયું કે કેસાસ (ખૂનનો બદલો) લેવાનો હક્ક વલી (વાલી

વારસો)ને છે અને તે વંશના ક્રમ પ્રમાણે છે, અને જેનો વલી ન હોય તેનો વલી સુલ્તાન છે. એનાથી એ પણ સ્પષ્ટ થયું કે **જાહિલિયતના જમાનાની જેમ એક કત્લ થનારના બદલામાં અનેકને અથવા ખૂનીને બદલે તેની કૌમને તથા જમાઅતના અન્ય કોઈ શખ્સને કત્લ ન કરે."** *(પેજ–૪૧૩/૩૩)*

## ★ ખૂનીને માફી આપનારને રબનું ઈનામ ! ★

હઝરત અદી બિન ષાબિત رضی اللہ عنہથી રિવાયત છે. કહે છે કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની હુકૂમતના દૌરમાં એક માણસે બીજા એક શખ્સનું મોં તોડી નાખ્યું. પછી તે શખ્સે તે ઝખ્મીને દિયત (તેના બદલામાં માલ) દેવા ચાહ્યું, તો તેણે સ્વીકાર કરવાથી ઈન્કાર કરી આપ્યો. ત્યાં સુધી કે તેણે ત્રણવાર રજૂઆત કરી પણ તેણે સ્વીકાર ન કર્યો. તો તે શખ્સ જેણે માર્યુ હતું તે કહેવા લાગ્યો, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું છે, **"જેણે કત્લ અથવા એનાથી કમ દરજાનો જુર્મ માફ કરી આપ્યો, તો એ એના માટે એના પેદા થવાના દિવસથી લઈને માફ કરવાના દિવસ દરમ્યાનના ગુનાહોનો કફ્ફારો થઈ જશે.** *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૩૨)*

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ત્રણ અમલો છે કે જે શખ્સ ઈમાનની સાથે એને લઈને કયામતમાં હાજર થશે તો **જન્નતના જે દરવાજેથી ચાહે જન્નતમાં દાખલ થઈ જશે અને જન્નતની જેટલી હૂરો સાથે ચાહશે નિકાહ કરી લેશે.** તે અમલો આ છે : **૧.** જેણે કોઈ મુસલમાનને મુશ્કેલીના સમયે છુપાવીને કરજ આપ્યું કે તેની ઈજ્જત સચવાય જાય. **૨.** પોતાના ખૂની (પોતાના કોઈ સગાના ખૂની)ને માફ કરી આપ્યો અને બદલો ન લીધો. **૩.** દરેક ફર્ઝ નમાઝ બાદ ૧૦ વાર કુલ્હુવલ્લાહ પઢી લીધી. એના પર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ અર્ઝ કરી, જો કોઈ એમાંથી કોઈ એક જ અમલ કરી લે તો ?! ઈર્શાદ ફર્માવ્યો, હા ! એક અમલનો પણ આ જ બદલો છે. *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૩૨)*

આ છે ઈસ્લામની ખુશ્નુમા બહારો કે આપસમાં મેળ મહોબ્બત કઈ રીતે વધે તે જોવામાં આવે છે, તથા માફી આપનારને ખુશખબરી આપીને સમાજમાં માહોલને મહોબ્બતથી મહેકાવવામાં આવે છે અને નફરતોને મિટાવવામાં આવે છે. આવી બશારતો ભાગ્યે જ કોઈ અન્ય મઝહબમાં જોવા મળે.

## ★ માનવ અધિકારના ઝંડાધારીઓએ કરેલ માનવ વધોનો ઈતિહાસ ★

હુઝૂર નબી કરીમ ﷺને મક્કાના કાફિરોએ કરેલા જુલ્મોની અતિશયતાને કારણે પ્રિય વતનથી હિજરત કરી મદીના વસવાટ કરવો પડયો. મક્કામાં મુસલમાનો પર જુલ્મની અતિશયતા થતાં રબ તઆલાએ મદીના શરીફ હિજરતનો હુકમ કર્યો. મદીના શરીફમાં સ્થાયી થવા છતાં મક્કાના કાફિરોએ મુસલમાનો પર કેટલીય જંગો લાગુ કરી. પણ હિ.સ. ૨ થી હિ.સ. ૯ (ઈ.સ. ૬૨૪ થી ૬૩૧) સુધીના **આઠ વરસોની જંગોમાં (જેમાં ખુદાના ફઝ્લથી મોટાભાગે મુસલમાનો જ ફતહ પામ્યા) કેવળ ૯૧૮ માણસો માર્યા ગયા.** કાફિરોના **૬૫૬૫** માણસોને લશ્કરી કેદી બનાવવામાં આવ્યા એમાંથી **૬૩૪૭** કેદીઓને નબીએ રહમત હુઝૂર ﷺએ આઝાદ કરી દીધા. આ છે ઈસ્લામી જેહાદના પ્રાથમિક દૌરનું ચિત્ર જે દુનિયાની નિગાહો સામે સૂર્યની જેમ ચમકી રહ્યું છે. અને જ્યારે જ્યારે મુસલમાનોએ ફતહ પામી તો કત્લથી તથા જુલ્મથી મુસલમાનોએ પરહેઝ જ કર્યો છે જેના માટે ઈતિહાસ સાક્ષી છે.

હવે જુઓ કે આજે જેઓ માનવ અધિકારની વાતો કરી રહ્યા છે તે દેશોએ કેટલો માનવસંહાર સામૂહિક રીતે કરેલો છે તેને જાણવા આ આંકડાઓ પર નજર કરો કે રશિયા, જર્મની, ફ્રાંસ, ઈટાલી, બ્રિટન, અમેરિકા, તુર્કી વગેરે દેશોમાં **પ્રથમ વિશ્વ યુધ્ધ** (ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૧૮ સુધી)માં **૭૩,૩૨૦૦૦** (તોત્તેર લાખ બત્રીસ હજાર) નિર્દોષ માનવોની હત્યાઓ થઈ અને **બીજા વિશ્વ યુધ્ધ** (ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૫)માં **૪,૩૪,૪૩૦૧૧** (ચાર કરોડ ચોત્રીસ લાખ તેંતાલીસ હજાર અગીયાર) નિર્દોષ માનવોનો જાન ગયો. એકલા જાપાનના **હીરોશી**મા તથા **નાગાસાકી**માં અમેરિકાના બૉંબથી **૫૦ લાખ લગભગ** લોકો સળગી મળ્યા અને અપંગોની સંખ્યા અગણિત છે. *(ઈસ્લામ અને વિશ્વશાંતિ, પેજ–૧૪૬ થી ૧૫૦)*

એટલું જ નહીં બ્રિટને હિંદ ઉપરાંત વિશ્વભરમાં પોતાની સત્તા જમાવવા અને અન્ય દેશોના નાગરિકોને ગુલામ બનાવવા જે હત્યાકાંડો કર્યા છે તેનો ઈતિહાસ જોઈ જાવ ! હજી તે નિર્દોષોની લાશો જુલ્મની દાસ્તાનોનો જાણે પોકાર કરી રહી છે.

એટલું જ નહીં વર્તમાન સંજોગોમાં ઈઝરાઈલ, અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, રશિયા વગેરેએ સંગઠન બનાવીને યેન કેન બહાને કે ષડયંત્રો રચીને અફઘાનિસ્તાન, ઈરાક, સીરિયા, પેલેસ્ટાઈન, લેબનાન... વગેરે દેશોના લાખો લોકોમાં નિર્દોષ સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધોનો કીડા મકોડાની જેમ ક્રૂરતાપૂર્વક નરસંહાર કર્યો અને હજી કરતા જઈ રહ્યા છે. શહેરોનાં શહેરો જેમાં નિર્દોષ પ્રજા જાહોજલાલીથી સુખેથી જીવતી હતી તે શહેરોને કશાય વાંક વિના ખંડેર બનાવી દીધાં છે, છતાં તેઓ દુનિયાને ઊંધા ચશ્મા લગાડી પોતાને માનવ અધિકારના ઝંડાધારી કહેવડાવે છે !

વર્તમાનકાળનું કહેવાતુ ઈસ્લામિક સ્ટેટ (ISIL) સંગઠન (દાઈશ) જે ક્રૂરતાપૂર્વક હત્યાઓ કરે છે એ કોઈ ઈસ્લામી સંગઠન નથી અને ન તો એ ઈસ્લામી જેહાદના નિયમો મુજબ છે, બલ્કે એ યહૂદીની ઉપજ છે જેને ઈસ્લામ તથા મુસલમાનોને બદનામ કરવા તથા જે તે મુસ્લિમ દેશને ખતમ કરવા જ રચવામાં આવેલ છે, જે સાબિત પણ થઈ ચૂક્યું છે. આવો ! કુર્આન હદીષનો આદેશ માનવ હત્યાઓના વિશે જાણી લો અને સમજી લો કે એની વિરૂધ્ધ વર્તનાર કહેવાતા જેહાદી સંગઠનને ઈસ્લામ તથા મુસલમાનો સાથે કોઈ લેવા દેવા નથી.

## ★ માનવ હત્યાની વિરૂધ્ધમાં કુર્આન હદીષનાં ફર્માનો ★

સેંકડો, હજારો કે લાખો માનવોના વધ માટે નહીં પણ **કેવળ એક માનવીના વધ બાબતે** કુર્આને પાકનું ફર્માન જુઓ :–

مَنْ قَتَلَ نَفْسًا بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِي الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيْعًا ؕ وَ مَنْ اَحْيَاهَا فَكَاَنَّمَاۤ اَحْيَا النَّاسَ جَمِيْعًا ؕ وَ
لَقَدْ جَآءَتْهُمْ رُسُلُنَا بِالْبَيِّنٰتِ ۫ ثُمَّ اِنَّ كَثِيْرًا مِّنْهُمْ بَعْدَ ذٰلِكَ فِي الْاَرْضِ لَمُسْرِفُوْنَ ﴿۳۲﴾

**"જેણે કોઈ માનવીને વિના કૅસાસ (ખૂનના બદલા વિના) અથવા જમીનમાં ફસાદ (ધાંધલ) કરવાના માટે કત્લ કરી દીધો તો જાણે તેણે સમગ્ર માનવોને કત્લ કરી આપ્યા.** અને જેણે કોઈ ઈન્સાનને બચાવી લીધો (નાહક્ક કત્લ થવાથી) તો જાણે તેણે તમામ ઈન્સાનોને બચાવી લીધા. *(સૂ. માઈદા, ૫/૩૨)*

અલ્લાહના મહાન પયગંબર, રહમતે આલમ ﷺએ ફર્માવ્યું કે (બંદાઓના હક્કોમાં) કયામતના દિવસે સૌ પ્રથમ લોકોના દરમિયાન (નાહક્ક) ખૂનોના વિશે ફેંસલો થશે. *(બુખારી, મુસ્લિમ, નિસાઈ, તિર્મિઝી, ઈબ્ને માજહ વગેરે)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ફર્માવ્યું, "તે બર્બાદ કરનાર બાબતો જેમાં પડયા બાદ નીકળવાનો કોઈ માર્ગ નથી રહેતો, એમાંની એક એ છે કે કોઈને જુલ્મની રીતે (નાહક્ક) ક્ત્લ કરી દેવો. *(બુખારી વ મુસ્લિમ)*

એક હદીષમાં છે : "જો ધારો કે જમીન તથા આસ્માનની સર્વ મખ્લૂક કોઈ મોમિનની હત્યા કરવામાં શરીક હોય તો અલ્લાહ તઆલા સૌને દોઝખમાં નાખી દે. *(ઈબ્ને માજહ, બયહક઼)*

અને બયહક઼ીની બીજી એક રિવાયતમાં આ શબ્દો છે : "આખે આખી દુનિયાનું નાશ પામવું અલ્લાહને ત્યાં એ ખૂન કરતાં આસાન છે જેને નાહક્ક વહાવવામાં આવ્યું."

એક હદીષમાં છે : "જો આસ્માનવાળાઓ અને જમીનવાળાઓ કોઈ શખ્સના ક્ત્લ કરવામાં જમા થઈ જાય તો અલ્લાહ તઆલા સૌને અઝાબમાં નાખી દે, પણ તે જે ચાહે છે તે જ કરે છે."

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સે કોઈ મોમિન બંદાના ક્ત્લ પર (ક઼ાતિલની) **અડધા શબ્દની સાથે પણ મદદ કરી,** તે અલ્લાહથી એ હાલમાં મળશે કે તેની બંનેવ આંખોની વચ્ચે લખેલું હશે : اٰیِسٌ مِّنْ رَّحْمَةِ اللہ **"આ બદકિ઼સ્મત અલ્લાહની રહમતથી મેહરૂમ છે."** બીજી હદીષમાં છે કે, "ક઼ાતિલ કે ક઼ત્લમાં મદદ કરનાર જન્નતના જે દરવાજેથી પણ દાખલ થવાની કોશિશ કરશે, અલ્લાહ તઆલા **તેના તથા જન્નતના વચ્ચે આડ** ઉભી કરી દેશે." *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૨૩)*

સારાંશ કે ખૂનીએ જહન્નમમાં સળગવા સિવાય કોઈ માર્ગ હશે નહીં. જેથી સીધી કે આડકતરી રીતે આ ભયાનક જુર્મમાં સપડાવાથી બચવું જોઈએ.

## ★ આત્મહત્યાની બુરાઈ તથા તેની સજાઓ ★

"વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના રિપોર્ટ પ્રમાણે દુનિયામાં **દર વરસે લગભગ આઠ લાખ લોકો આત્મહત્યા કરી આયખું ટૂંકાવી દે છે.** એટલે કે દર **૪૦ સેકંડમાં એક જણ આત્મહત્યા કરી દે છે.** કેન્દ્રિય **ગૃહ મંત્રાલય**ના એક રિપોર્ટ પ્રમાણે દર ૫૫ મિનિટે એક વિદ્યાર્થી પોતાનો જીવ આપી દે છે. એટલે **દર ૨૪ કલાકમાં ૨૬ બનાવ** આત્મહત્યાના બને છે. ઈ.સ. ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીમાં ૨૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી. *(સંદેશ ન્યૂઝ, ૧૬/૧/૨૦૧૮)*

આજે માનવી આ ભૌતિક યુગમાં મોટી મોટી મહત્વકાંક્ષાઓ રચીને દુનિયાના હોદ્દાઓ તેમજ મનચાહી ભ્રામક ચીજો પાછળ સતત દોડતો રહે છે, અને તેને પામવામાં નાસીપાસ થાય છે, ક્યારેક દેવાદાર બની જાય છે તો ક્યારેક કહેવાતા પ્રેમમાં કે પરીક્ષામાં નિષ્ફળતા કે જોબ પામવાના વગેરે મક઼સદમાં નિષ્ફળ જાય છે તો હતાશ થઈને એવી માનસિક હાલત બનાવી લે કે જાણે હવે તે જીવી જ નહીં શકે. અને એ મુશ્કેલીઓથી હિંમત હારી જઈને છૂટકારાના માર્ગ તરીકે આત્મહત્યા કરી લે છે અને સમજે છે કે મરી જવાથી શાંતિ તથા છૂટકારો મળી જશે, પણ આ ખયાલ ગલત છે. કારણ કે આત્મહત્યા કરનારની શું ભયાનક સ્થિતિ થાય છે તેને સમજવા નીચેની હદીષોનો અભ્યાસ કરી લેશો.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જેણે પહાડ પરથી પડીને પોતે પોતાની હત્યા કરી લીધી તે હમેશાં જહન્નમની આગમાં પડતો રહેશે અને હમેશાં હમેશાં તેમાં રહેશે. જેણે ઝહેર પીને આત્મહત્યા કરી તો ઝહેર તેના હાથમાં હશે, તે હમેશાં દોઝખની આગમાં**

**ઝહેર પીતો રહેશે અને તેમાં હમેશાં હમેશાં માટે રહેશે. અને જેણે કોઈ તેજ ધારવાળા ઓજાર (છરી વગેરે) વડે પોતાની જાનને ક઼ત્લ કરી, તે હમેશાં દોઝખની આગની અંદર પોતાના પેટમાં તે જ ઓજાર (છરી, ખંજર વગેરે) મારતો રહેશે. તે ઓજાર તેના હાથમાં હશે અને તેણે હમેશાં દોઝખમાં રહેવું પડશે.** *(બુખારી, મુસ્લિમ, નિસાઈ, તિર્મિઝી)*

જેથી જે લોકો આત્મહત્યા કરતી વેળા એવું વિચારે છે કે મુશ્કેલીઓથી છૂટકારો થઈ જશે, તેઓ ચેતી જાય અને ઉલમાથી ચુલમાં ન પડે ! કેમ કે છૂટકારાને બદલે હમેશાં હમેશાં માટે મુસીબતમાં સપડાય જશે એ યાદ રાખે. અને આત્મહત્યા કરવાથી બચે બલ્કે સબ્રથી શાંતિથી આવી પડેલી મુસીબતમાંથી માર્ગ કાઢવા કોશિશ કરે, સમયનું મલમ એ દરેક ઘાવને રૂઝાવી આપે છે જેથી અલ્લાહ પર ભરોસો કરે તો જરૂર મુસીબત દૂર થઈ જશે.

બીજી હદીષમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે પોતાનુ ગળુ ઘોંટીને (ફાંસી ખાઈને) મરી ગયો તે જહન્નમમાં પોતાનું ગળુ ઘોંટતો રહેશે. જેણે પોતાને ભાલો મારીને (ગોળી મારીને) મારી નાખ્યો તે જહન્નમમાં પણ પોતે પોતાને ભાલો (ગોળી) મારતો રહેશે અને જેણે ઊંચાઈ પરથી પડીને જાન આપી દીધી તે જહન્નમની અંદર ઊંચાઈએથી પડતો રહેશે.

કેટલાક લોકો બીમારીથી કંટાળીને ત્રાસી જઈને આત્મહત્યા કરી લે છે. તેઓ ચેતી જાય અને આત્મહત્યાનો માર્ગ ન અપનાવે. કેમ કે બુખારી તથા મુસ્લિમે રિવાયત કર્યું છે. ફર્માવ્યું : "તમારા પહેલાંના લોકોમાં એક માણસના ચહેરા પર ફોલ્લો નીકળી આવ્યો. જ્યારે ફોલ્લાએ તેને તકલીફ આપી તો તે સહન કરી શક્યો નહીં અને પોતાના કમંડળમાંથી તીર કાઢીને તેને ચીરી નાખ્યો, હવે લોહી બંધ ન થઈ શક્યું ત્યાં સુધી કે તે મૃત્યુ પામ્યો. તમારા પરવરદિગારે ફર્માવ્યું, قَدْ حَرَّمْتُ عَلَيْهِ الْجَنَّةَ "મેં એના પર જન્નત હરામ કરી દીધી." *(અત્તરગીબ વત્તરહીબ, ૨/૨૨૮)*

હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એક માણસને ઝખ્મ લાગી ગયો હતો. તો તે પોતાના કમંડળની પાસે આવ્યો. એમાંથી એક તીર કાઢીને પોતે પોતાને ઝબહ કરી લીધો. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ તેના પર (નારાઝગી પ્રદર્શિત કરતાં) નમાઝે જનાઝા ન પઢી. *(ઈબ્ને હબ્બાન)*

આત્મહત્યા એ ક઼તઈ હરામ છે એને હરામ ન સમજનાર કાફિર છે. જે હરામ જાણીને પણ આત્મહત્યા કરશે તે દર્શાવ્યા મુજબના સખત અઝાબમાં સપડાશે. જો કે એવા શખ્સની નમાઝે જનાઝા પણ પઢવામાં આવશે અને તેના માટે મગફિરતની દુઆ પણ કરવામાં આવશે. પણ આ બુરા કૃત્યથી બચવું જોઈએ કે **એક મર્યાદિત સમયની દુનિયાની મુસીબત ટાળવાના ભ્રમમાં ક્યાંક આખેરતના લાંબા કાળના અઝાબમાં ન સપડાવું પડે.** રબ પર ભરોસો કરીને મુસીબત ટાળવા સબ્રથી દુઆ કરવી જોઈએ કેમ કે રબ ફર્માવે છે : وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ ۭ اِنَّ اللّٰهَ كَانَ بِكُمْ رَحِيْمًا ۝ "ન ક઼ત્લ કરો પોતાની જાનોને, બેશક ! અલ્લાહ તઆલા તમારા પર મહેરબાન છે." *(સૂ. નિસાઅ, ૪/૨૯)*

તો અલ્લાહની મહેરબાની પર ભરોસો કરી ગમે તે મુસીબતમાંથી સબ્રથી મશ્વરાથી, શાંતિથી વિચારણા કરી માર્ગ કાઢવા પ્રયત્નો કરવામાં આવે તો જરૂર માર્ગ નીકળશે અને બુરા દિવસો સારા દિવસોમાં તબદીલ થઈ જશે. જેથી મુસલમાને તો કમસે કમ રબ પર ભરોસો કરી તથા ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો પર ઈમાન રાખી આવા કૃત્યોથી દૂર રહેવું જોઈએ.

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

اِذْ قَالَ اللّٰهُ يٰعِيْسٰۤى اِنِّىْ مُتَوَفِّيْكَ
وَ رَافِعُكَ اِلَىَّ وَ مُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا
وَ جَاعِلُ الَّذِيْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِيْنَ كَفَرُوْۤا
اِلٰى يَوْمِ الْقِيٰمَةِۚ ثُمَّ اِلَىَّ مَرْجِعُكُمْ فَاَحْكُمُ
بَيْنَكُمْ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ۵۵ فَاَمَّا
الَّذِيْنَ كَفَرُوْا فَاُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا فِى
الدُّنْيَا وَ الْاٰخِرَةِ٘ وَ مَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ۵۶ وَ اَمَّا
الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ اُجُوْرَهُمْؕ
وَ اللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ۵۷ ذٰلِكَ نَتْلُوْهُ عَلَيْكَ
مِنَ الْاٰيٰتِ وَ الذِّكْرِ الْحَكِيْمِ ۵۸ اِنَّ مَثَلَ عِيْسٰى
عِنْدَ اللّٰهِ كَمَثَلِ اٰدَمَؕ خَلَقَهٗ مِنْ تُرَابٍ ثُمَّ قَالَ
لَهٗ كُنْ فَيَكُوْنُ ۵۹ اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُنْ مِّنَ
الْمُمْتَرِيْنَ ۶۰ فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ
مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ اَبْنَآءَكُمْ

યાદ કરો જ્યારે અલ્લાહે ફર્માવ્યું, હે ઈસા ! હું તને પૂરી ઉંમર સુધી પહોંચાડીશ[૨૨૨] અને તને મારા તરફ ઉઠાવી લઈશ[૨૨૩] અને તને કાફિરોથી પાક કરી દઈશ, અને તને માનનારાઓને[૨૨૪] કયામત સુધી તને ન માનનારાઓ પર ચઢતી આપીશ, પછી તમે બધા મારી તરફ પરત આવશો તો જે વાતમાં (તમે બધા) ઝગડો છો (તે વાતમાં) હું તમારા દરમ્યાન ફૈસલો કરી દઈશ (૫૫) તો તે જેઓ કાફિર થયા હું તેમને દુનિયા અને આખિરતમાં સખ્ત અઝાબ કરીશ, અને તેમનો કોઈ મદદગાર નહીં થાય (૫૬) અને તેઓ જે ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં, એનો બદલો એમને ભરપુર આપશે, અને જાલિમ અલ્લાહને નથી ગમતા (૫૭) આ અમે તમારા પર પઢીએ છીએ અમુક આયતો અને હિકમતવાળી નસીહત (૫૮) ઈસાનું ઉદાહરણ અલ્લાહની નજીક આદમ જેવું છે[૨૨૫] તેને માટીથી બનાવ્યો પછી ફર્માવ્યું થઈ જા તે તરત થઈ જાય છે (૫૯) હે સાંભળનાર ! આ તારા પરવરદિગાર તરફથી હક્ક છે તો તું શંકાવાળાઓમાં ન થતો (૬૦) પછી હે મહબૂબ ! તમને ઈલ્મ લાધી ગયા પછી જો તમારી સાથે ઈસા વિશે વિવાદ કરે (તો)

તેમને ફર્માવો, આવો ! આપણે બોલાવીએ અમારા બેટાઓ અને તમારા દીકરાઓ અને અમારી સ્ત્રીઓ અને તમારી સ્ત્રીઓ, અને અમારા જીવ અને તમારા જીવ (ને) પછી મુબાહેલા કરીએ અને જૂઠાઓ પર અલ્લાહની લઅનત નાખીએ[૨૨૬] (૬૧) આ બયાન જ બેશક઼ ! સાચું છે[૨૨૭] અને અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી[૨૨૮] અને બેશક઼ ! અલ્લાહ ચઢીયાતો છે હિકમતવાળો (૬૨) પછી જો તેઓ મોઢું ફેરવે તો અલ્લાહ ફસાદીઓને જાણે છે (૬૩) તમે ફર્માવો ! હે કિતાબવાળાઓ ! એવા કલેમા તરફ આવો જે અમારામાં તમારામાં સરખો છે[૨૨૯] એ કે માત્ર અલ્લાહની જ ઈબાદત કરીએ અને તેનો ભાગીદાર કોઈને ન કરીએ[૨૩૦] અને આપણામાં કોઈ એક બીજાને રબ ન બનાવીએ અલ્લાહ સિવાય[૨૩૧] પછી જો તેઓ ન માને તો કહી આપો, તમે સાક્ષી રહો કે અમે મુસલમાન છીએ (૬૪) હે કિતાબવાળાઓ ! ઈબ્રાહીમ વિશે કેમ ઝઘડો છો ? તવરાત અને ઈન્જીલ એમના પછી ઉતરી છે. તો શું તમોને બુદ્‍ધિ નથી ? (૬૫)[૨૩૨] સાંભળો છો ! આ જે તમે છો[૨૩૩] તેમાં ઝઘડયા જેનું તમને ઈલ્મ હતું[૨૩૪] તો એવામાં[૨૩૫] શા માટે ઝઘડો છો ? જેનું તમને ઈલ્મ છે જ નથી, અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા[૨૩૬] (૬૬) ઈબ્રાહીમ યહૂદી હતા ન નસરાની બલ્કે બધા અસત્યોથી અલગ મુસલમાન હતા અને મુશ્રિકોમાંથી ન હતા[૨૩૭]. (૬૭) બેશક઼ ! બધા લોકોથી ઈબ્રાહીમના વધારે હકદાર તેઓ હતા જે તેમના અનુયાયી બન્યા[૨૩૮] અને આ નબી[૨૩૯] અને ઈમાનવાળા[૨૪૦] અને ઈમાનવાળાઓનો વાલી અલ્લાહ છે. (૬૮)

وَ نِسَآءَنَا وَ نِسَآءَكُمْ وَ اَنْفُسَنَا وَ اَنْفُسَكُمْ ۟
ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِیْنَ ﴿٦١﴾
اِنَّ هٰذَا لَهُوَ الْقَصَصُ الْحَقُّ ۚ وَمَا مِنْ اِلٰهٍ اِلَّا
اللّٰهُ ؕ وَ اِنَّ اللّٰهَ لَهُوَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿٦٢﴾ فَاِنْ
تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ عَلِیْمٌۢ بِالْمُفْسِدِیْنَ ﴿٦٣﴾ قُلْ یٰۤاَهْلَ
الْكِتٰبِ تَعَالَوْا اِلٰى كَلِمَةٍ سَوَآءٍۭ بَیْنَنَا وَ بَیْنَكُمْ
اَلَّا نَعْبُدَ اِلَّا اللّٰهَ وَ لَا نُشْرِكَ بِهٖ شَیْــٴًـا وَّ لَا یَتَّخِذَ
بَعْضُنَا بَعْضًا اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ ؕ فَاِنْ تَوَلَّوْا
فَقُوْلُوا اشْهَدُوْا بِاَنَّا مُسْلِمُوْنَ ﴿٦٤﴾ یٰۤاَهْلَ الْكِتٰبِ
لِمَ تُحَآجُّوْنَ فِیْۤ اِبْرٰهِیْمَ وَ مَاۤ اُنْزِلَتِ التَّوْرٰىةُ
وَ الْاِنْجِیْلُ اِلَّا مِنْۢ بَعْدِهٖ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٦٥﴾ هٰۤاَنْتُمْ
هٰۤؤُلَآءِ حَاجَجْتُمْ فِیْمَا لَكُمْ بِهٖ عِلْمٌ فَلِمَ
تُحَآجُّوْنَ فِیْمَا لَیْسَ لَكُمْ بِهٖ عِلْمٌ ؕ وَ اللّٰهُ یَعْلَمُ
وَ اَنْتُمْ لَا تَعْلَمُوْنَ ﴿٦٦﴾ مَا كَانَ اِبْرٰهِیْمُ یَهُوْدِیًّا
وَّ لَا نَصْرَانِیًّا وَّ لٰكِنْ كَانَ حَنِیْفًا مُّسْلِمًا ؕ وَ مَا
كَانَ مِنَ الْمُشْرِكِیْنَ ﴿٦٧﴾ اِنَّ اَوْلَى النَّاسِ بِاِبْرٰهِیْمَ
لَلَّذِیْنَ اتَّبَعُوْهُ وَ هٰذَا النَّبِیُّ وَ الَّذِیْنَ اٰمَنُوْا ؕ
وَ اللّٰهُ وَلِیُّ الْمُؤْمِنِیْنَ ﴿٦٨﴾

## :: સમજૂતી ::

**૨૨૨** : અર્થાત કાફિરો તમને કત્લ કરી શકશે નહીં. *(મદારિક વિ.)*

**૨૨૩** : એટલે કે મૌત આપવા વગર તમને ઉચ્ચતાના સ્થાને અને ફરિશ્તાઓની રહેવાની જગ્યાએ ઉઠાવી લઈશ. હદીષ શરીફમાં છે કે હઝરત ઈસા علیہ السلام મારી ઉમ્મત પર ખલીફા બનીને ઉતરશે સલીબ (ક્રોસ)ને તોડી નાખશે, સુવ્વરોને મારી નાખશે, ચાલીસ વરસ રહેશે, નિકાહ કરશે, ઔલાદ પણ થશે, પછી આપનો વિસાલ (મૃત્યુ) થશે, તે ઉમ્મત કેવી રીતે નાશ પામે જેની શરૂમાં હું છું, અંતમાં હઝરત ઈસા અને વચમાં મારા એહલે બૈતમાંથી મેહદી હશે. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે દમાસ્કસની જુમ્આ મસ્જિદના પૂર્વી મીનારા પર ઉતરશે. અને એવું પણ કહેવાયું છે કે રસૂલુલ્લાહ ﷺના હુજરા મુબારકમાં દફન થશે.

**૨૨૪** : એટલે કે મુસલમાનોને જે આપની નબુવ્વતની સત્યતા જાહેર કરે છે.

**૨૨૫ : શાને નુઝૂલ** : નજરાનના ખ્રિસ્તીઓનું એક ટોળું હુઝૂર علیہ السلامની સેવામાં હાજર થયું અને તે લોકો આપને કહેવા લાગ્યા કે શું તમે એવું વિચારો છો કે ઈસા અલ્લાહના બન્દા છે ? આપે ફર્માવ્યું, હા ! તેના બન્દા, તેના રસૂલ અને તેનો કલેમા છે. જે કુંવારી બાનુ અઝરા તરફ નાખવામાં આવ્યા. ખ્રિસ્તીઓ આ સાંભળીને ખૂબ ક્રોધે ભરાયા અને કહેવા લાગ્યા કે હે મુહમ્મદ ! ﷺ તમે કદી વગર બાપનો દીકરો જોયો છે ? આવું કહેવામાં તેમનો હેતુ એ હતો કે તેઓ અલ્લાહના બેટા છે, (મઆઝલ્લાહ !) ત્યારે આ આયત ઉતરી અને બતાવવામાં આવ્યું કે હઝરત ઈસા علیہ السلام તો ફક્ત વગર બાપે જ જન્મયા, પણ હઝરત આદમ علیہ السلام તો મા અને બાપ બન્ને વગર પેદા થયા, માટીમાંથી બન્યા, તો જ્યારે એમને અલ્લાહની મખ્લૂક અને બન્દા માનો છો તો પછી હઝરત ઈસા علیہ السلامને મખ્લૂક અને તેના બન્દા માનવામાં આશ્ચર્ય શાનું છે ?

**૨૨૬** : જ્યારે હુઝૂર ﷺએ નજરાનના ખ્રિસ્તીઓને આ આયત પઢીને સંભળાવી અને મુબાહિલા કરવાનું નિમંત્રણ આપ્યું ત્યારે તેઓએ કહ્યું કે અમે વિચાર અને સલાહ મશ્વરો કરીને તમને કાલે જવાબ આપીશું. જ્યારે તેઓ એકત્ર થયા ત્યારે તેમના બધાથી મોટા આલિમ અને બુદ્ધિશાળી માણસ આકિબને પૂછયું કે હે અબ્દુલ મસીહ ! તમારો શું અભિપ્રાય છે ? તેણે કહ્યું હે નસરાનીઓ ! તમે જાણી તો ચૂક્યા છો કે મુહમ્મદ ﷺ અલ્લાહના મોકલેલા નબી છે. જો તમે એમની સાથે મુબાહિલા કરશો તો નાશ પામશો, હવે જો તમારા ધર્મ પર કાયમ રહેવા માગતા હોવ તો એમને છોડો અને પોતાના ઘેર જાવ. આવો મશ્વરો કર્યા પછી તેઓ હુઝૂર ﷺની સેવામાં હાજર થયા તો તેઓએ જોયું કે હુઝૂર ﷺના ખોળામાં હઝરત હુસૈન છે, અને આપના મુબારક હાથમાં હઝરત હસનનો હાથ છે. અને હઝરત અલી અને હઝરત ફાતિમા رضی اللہ عنہا આપની પાછળ છે, અને હુઝૂર તે બધાંને ફર્માવી રહ્યા છે કે જ્યારે હું દુઆ કરું ત્યારે તમે આમીન કહેજો. નજરાનના બધાથી મોટા પાદરીએ જ્યારે આ જોયું ત્યારે કહેવા લાગ્યો, **હે નસરાનીઓ ! હું એવા મુખડાંઓ જોઈ રહ્યો છું કે જો તેઓ અલ્લાહ પાસે પહાડને એની જગ્યાએથી હટાવી દેવાની માગણી કરશે તો અલ્લાહ તઆલા પહાડને પણ હટાવી દેશે, એઓ સાથે મુબાહિલો ન કરશો, નહીં તો નાશ પામશો અને સમસ્ત વિશ્વમાં એક નસરાની પણ બાકી નહીં બચે.** આ સાંભળીને ખ્રિસ્તીઓએ હઝરત ﷺને કહ્યું કે મુબાહિલા કરવાનો અમારો વિચાર નથી. અંતે તેઓએ જિઝયો આપવાનું સ્વીકાર્યું પણ મુબાહિલા માટે તૈયાર થયા નહીં. હુઝૂર ﷺએ

ફર્માવ્યું કે તેના સોગંદ જેની કુદરતના હાથમાં મારા પ્રાણ છે ! નજરાનવાળાઓ પર અઝાબ નજીક જ આવી લાગ્યો હતો. જો તેઓ મુબાહિલા કરત તો વાંદરાઓ અને સુવ્વરોની શિકલોમાં તેઓને બનાવી દેવામાં આવત. જંગલ આગથી ભડકી ઉઠત અને નજરાન તથા તેમાં રહેતાં પક્ષીઓ પણ નાશ પામત અને એક વર્ષના ગાળામાં બધા નસરાનીઓ ખત્મ થઈ જાત.

**ફાયદો** : જૂઠા પર ખુદાનો અઝાબ ઉતરે એવી દુઆ કરવાને મુબાહિલા કહે છે.

**૨૨૭** : કે હઝરત ઈસા અલ્લાહના બંદા અને રસૂલ છે અને તેઓની હાલતનું વર્ણન ઉપર ગુજરી ગયું.

**૨૨૮** : આમાં નસારા અને બધા જ મશ્રિકોને રદિયો અપાયો છે.

**૨૨૯** : જેમાં કુર્આન, તવરાત, ઈન્જીલનો મતભેદ નથી.

**૨૩૦** : ન હઝરત ઈસાને, ન હઝરત ઉઝૈરને કે ન કોઈ બીજાને.

**૨૩૧** : જેમ કે યહૂદીઓ અને નસરાનીઓએ પોતાના ધર્મગુરૂઓને બનાવ્યા. તેમને સિજદો અને તેમની ઈબાદત કરતા હતા. *(જુમલ)*

**૨૩૨ : શાને નુઝૂલ** : નજરાનના ખ્રિસ્તીઓ અને યહૂદીઓના ધર્મગુરૂઓમાં વિવાદ થયો. યહૂદી કહેતા હતા કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام યહૂદી હતા, અને ખ્રિસ્તીઓ કહેતા હતા કે તેઓ અમારા ધર્મના હતા. આ વિવાદ લંબાયો ત્યારે ઉભય પક્ષોએ હુઝૂર ﷺનો લવાદ તરીકે સ્વીકાર કર્યો અને આપને ફેંસલો કરી આપવા વિનંતી કરી. ત્યારે આ આયતે કરીમા ઉતરી અને તવરાત તથા ઈન્જીલના આલિમોની નરી અજ્ઞાનતા જાહેર કરી દેવામાં આવી કે એમાંથી દરેકનો દાવો તેની નરી અજ્ઞાનતાની દલીલરૂપે છે. યહૂદી અને ખ્રિસ્તી ધર્મો તવરાત અને ઈન્જીલ ઉતર્યા પછી શરૂ થયા, અને હઝરત મૂસા علیہ السلامનો સમય કે જેમના પર તવરાત ઉતરી હતી તે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના સમય કરતાં હજારો વર્ષ પછીનો છે, અને હઝરત ઈસા علیہ السلامનો જમાનો કે જેમના પર ઈન્જીલ ઉતરી તે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના જમાના કરતાં લગભગ બે હજાર વર્ષો પછીનો છે, તેમજ તવરાત કે ઈન્જીલ બેમાંથી એકમાં પણ આપને યહૂદી કે નસરાની કહેવામાં નથી આવ્યા, છતાં આપના વિશે એવા દાવા કરવા એ અજ્ઞાનતા અને મૂર્ખતાની ચરમ સીમા છે.

**૨૩૩** : હે અહલે કિતાબ તમે !

**૨૩૪** : અને તમારી કિતાબોમાં જેની ખબર આપવામાં આવી હતી, એટલે કે અંતિમ સમયના નબી ﷺના આગમન અને આપના વખાણ તેમજ ગુણોની, જ્યારે આ બધું જાણી લીધા પછી પણ તમે એમના પર ઈમાન ન લાવ્યા, અને એ વિશે ઝઘડામાં પડયા.

**૨૩૫** : એટલે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના યહૂદી કે નસરાની હોવાના વિવાદમાં.

**૨૩૬** : અસલ હકીકત આ છે કે.

**૨૩૭** : માટે કોઈ પણ યહૂદી કે નસરાની પોતાને હઝરત ઈબ્રાહીમના દીન પર હોવાનું જાહેર કરે તો તે ખોટુ છે, એવી જ રીતે કોઈ મુશ્રિક પણ એવું કહી શકતો નથી. અમુક મુફસ્સિરોએ કહ્યું કે આમાં યહૂદીઓ અને નસરાનીઓના મુશ્રિક હોવા તરફ ઈશારો છે.

**૨૩૮** : અને તેમની નબુવ્વતના સમય દરમિયાન તેમના પર ઈમાન લાવ્યા અને તેમની શરીઅત પર અમલ કરતા રહ્યા.

**૨૩૯** : સૈયદે આલમ ﷺ.

**૨૪૦** : અને આપના ઉમ્મતી.

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

***હદીષ :*** *શબ્દો બુખારીના છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, જ્યારે ગરમી તીવ્ર હોય ત્યારે નમાઝ ઠંડી કરો. અને બુખારીની એક રિવાયતમાં હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી છે કે, ઝોહર ઠંડી કરો[૧] કેમ કે ગરમીની તીવ્રતા દોઝખની ભડકથી છે[૨]. આગે પોતાના રબને શિકાયત કરી હતી. કહ્યું હતું, હે રબ ! મારા અમુકે અમુકને ખાય નાખ્યું. રબે તેને બે શ્વાસોની ઈજાઝત આપી, એક શ્વાસ શરદીમાં અને એક શ્વાસ ગરમીમાં. આ તે જ તીવ્ર ગરમી તથા ઠંડક છે, જેને તમો અનુભવો છો[૩]. (મુસ્લિમ, બુખારી)*

*અને બુખારીની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જે તીવ્ર ગરમી તમો પામો છો એ દોઝખના ગરમ શ્વાસથી છે, અને જે તીવ્ર ઠંડી તમો પામો છો એ એની ઠંડી શ્વાસથી છે.*

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ અસ્ર એ સમયે પઢતા હતા કે સૂરજ બુલંદ તથા સાફ હોતો, કે જનારો મદીનાની આસપાસ જતો ત્યાં ત્યારે પહોંચી જતો કે સૂરજ બુલંદ હોતો. જ્યારે અમુક વિસ્તારો મદીનાથી ચાર માઈલ કે તેના જેટલા હતા[૪]. (મુસ્લિમ, બુખારી)*

*તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એ મુનાફિકની નમાઝ છે કે બેઠો બેઠો સૂરજની રાહ જોયા કરે, ત્યાં સુધી કે જ્યારે પીળો પડી જાય અને શૈતાનની બે શીંગોની વચ્ચે આવી જાય, ત્યારે ઉભો થઈને ચાર ચાંચો મારે કે એમાં અલ્લાહનો થોડોક જ ઝિક્ર કરે[૫]. (મુસ્લિમ)*

*હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેની અસ્રની નમાઝ જતી રહી તો જાણે તેનો ઘરબાર અને માલ લૂટાય ગયો[૬]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે અસ્રની નમાઝ છોડી આપે તેના અમલો ઝબ્ત થઈ ગયા[૭]. (બુખારી)*

### :: સમજૂતી ::

**૧.** આ હદીષ તે સર્વ હદીષોની શરહ છે જેનામાં ફર્માવવામાં આવ્યું કે હુઝૂર ﷺ દો પહેરીમાં ઝોહર પઢતા હતા. તેમણે બતાવ્યું કે ત્યાં શિયાળાની ઝોહર મુરાદ છે. ગરમીઓ (ઉનાળા)માં ઝોહર ઠંડી કરવાનો તાકીદી હુકમ છે. એનાથી હનફીઓના બે મસ્અલા સાબિત થયા, એક એ કે ગરમીની ઝોહર ઠંડી કરીને પઢવી સુન્નત છે. બીજુ એ કે ઝોહરનો સમય બે મિષ્લ સાયા સુધી રહે છે, કેમ કે એક મિષ્લ સુધી દરેક જગાએ, ખાસ કરીને અરબમાં ખૂબ જ તાપ રહે છે. તેમજ બુખારી અબૂ દાઊદ બયહકી, તહાવી, તિર્મિઝી વગેરેએ હઝરત અબૂઝર ગફફારીથી રિવાયત કરી કે

નબી ﷺએ એક સફરમાં ઝોહર ત્યારે પઢી જ્યારે ટેકરીઓનો સાયો પડી ગયો. અને ટેકરીઓનો સાયો એક મિષ્લ પછી જ પડે છે. તેમજ બુખારી શરીફે હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, યહૂદી તે મજદૂરોની જેમ છે જેઓ સવારથી ઝોહર સુધી એક ક઼િરાત પર કામ કરે. ઈસાઈ તે મજદૂર છે જે ઝોહરથી અસર સુધી એક ક઼િરાત પર મહેનત કરે. અને તમે તે મજૂર છો જે અસ્રથી મગરિબ સુધી બે ક઼િરાતના બદલે કામ કરે. તમારું કામ થોડુ અને મજૂરી વધારે છે. આ હદીષથી જાણવા મળ્યું કે અસરનો સમય ઝોહરના સમયથી ઓછો છે, નહીં તો આ દષ્ટાંત દુરુસ્ત પુરવાર ન થાત. જો એક મિષ્લ પર અસર શરૂ થઈ જયા કરે તો તેનો સમય ઝોહરના જેટલો અથવા બલ્કે ઉનાળામાં એનાથી કેટલોય અધિક થઈ જશે. આ મસ્અલા પર ઈમામ સાહબની અન્ય ઘણી દલીલો છે, જો શોખ હોય તો અમારી કિતાબ જાઅલ હક્ક઼ (ભાગ–૨)નું આ પ્રકરણ જુઓ.

**૨.** યાદ રાખશો કે ફિલોસોફીની દષ્ટિએ ગરમી સૂર્યની નિકટતાથી આવે છે, પણ સૂર્યમાં ગરમી દોઝખથી આવી. બની શકે છે ગરમી સૂર્યથી પણ હોય અને દોઝખની ભડકના કારણે પણ હોય. જો કે ગરમીઓની ઋતુમાં અમુક પહાડો તથા અમુક સ્થળો પર ઠંડી રહે છે, તો એ આના વિરૂધ્ધ નથી. જેવી રીતે સૂર્યની ગરમી એક છે પણ તેની અસરનું પ્રદર્શન જમીન પર વિવિધ છે, ક્યાંક ઠંડી છે તો ક્યાંક ગરમી છે. એ જ પ્રમાણે અહીં પણ છે કે ભડકનું કેન્દ્ર સ્થાન જે બાજુ વધુ છે ત્યાં ગરમી અને જ્યાંથી દૂર છે ત્યાં ઠંડી છે. જેથી આ હદીષ પર ન તો આર્યો તથા ઈસાઈઓનો કોઈ વાંધો થઈ શકે છે ન ચકળાલ્વીઓનો.

**૩.** એટલે કે દોઝખ જ્યારે ઉપરની બાજુ શ્વાસ લે છે તો દુનિયામાં સામાન્યતઃ ઠંડીનું જોર વધે છે, અને જ્યારે નીચેની બાજુ શ્વાસ છોડે છે તો સામાન્યતઃ ગરમીની સખ્તી વધે છે. યાદ રાખશો કે આ હદીષ તદ્દન જાહેરી અર્થ પર છે, એમાં કોઈ અર્થઘટન કે સ્પષ્ટતાની જરૂરત નથી. દરેક ચીજમાં કુદરતે જિંદગી તથા અનુભૂતિ (શઊર) આપેલ છે. કુર્આને કરીમ ફર્માવે છે : فَمَا بَكَتْ عَلَيْهِمُ السَّمَآءُ وَالْاَرْضُ ''તો એમના પર આસ્માન તથા જમીન રડયા અને તેમને મોહલત ન આપવામાં આવી.'' *(સૂ. દુખાન, ૪૪/૨૯)* કાફિરોના મરવા પર આસ્માન તથા જમીન નથી રડતાં એટલે કે મુસલમાનના મરવા પર રડે છે. અને ફર્માવે છે, وَاِنَّ مِنْهَا لَمَا يَهْبِطُ مِنْ خَشْيَةِ اللّٰهِ ''અને કેટલાક તે છે જે ફાટી જાય છે તો એમાંથી પાણી નીકળે છે અને અમુક તે છે જે અલ્લાહના ડરથી ગબડી પડે છે. અને અલ્લાહ તમારાં કરતૂતોથી બેખબર નથી.''

*(સૂ. બકરહ, ૨/૭૪)*

ચકળાલ્વીઓએ આ હદીષો પર વાંધો ઉઠાવતા પહેલાં આ આયત જોવી જોઈએ.

**૪.** આ હદીષથી ન તો એ સાબિત થાય છે કે અસ્ર બે મિષ્લથી પહેલાં પઢતા હતા, અને ન એ કે અસ્ર શરૂ સમયે પઢી લેતા હતા. હનફી સમયમાં (ગુરૂબ આફતાબથી પાંચ મિનિટ પહેલાં) અસ્ર પઢીને આટલે દૂર સ્વભાવિકપણે ચાલ્યા જઈ શકાય છે. તહાવી શરીફમાં છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ સમયે અસ્ર પઢતા હતા જ્યારે તડકો ઊંચા પહાડ પર જોવા મળતો. અને સૈયદના ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ પોતાના અમલદારોને લખ્યું કે સહાબાએ કિરામ અસ્રની નમાઝ મોડેથી પઢતા હતા.

**૫.** આ હદીષથી ત્રણ મસ્અલા માલૂમ પડયા એક એ કે દુનિયવી કારોબારમાં ફસાયને અસ્રની નમાઝ મોડેથી પઢવી મુનાફિક઼ોની અલામત (નિશાની) છે. બીજુ એ કે સૂર્યાસ્ત (ગુરૂબ)થી ૨૦ મિનિટ પહેલાં કરાહતનો સમય છે. મુસ્તહબ સમયમાં અસ્ર પઢવી

જોઈએ. ત્રીજુ એ કે રુકૂઅ તથા સજદા ખૂબ જ ઈત્મિનાનની સાથે કરવા જોઈએ. હુઝૂર ﷺએ ઉતાવળીયા સજદાને મરઘીની ચાંચ મારવાની સાથે સરખાવેલ છે જે તે દાણા ચરતી વખતે જલ્દી જલ્દી જમીન પર મારે છે.

**૬.** એટલે તે શખ્સને એવું નુકસાન પહોંચ્યું જે ભરપાઈ નથી થઈ શકતું. એનું કારણ આગલી હદીષમાં આવી રહ્યું છે.

**૭.** લગભગ અમલથી મુરાદ તે દુનિયવી કામ છે જેના કારણે તેણે અસ્રની નમાઝ છોડી. ઝબ્તીથી મુરાદ એ કામની બરકતનું ખત્મ થઈ જવું છે. અથવા એ મતલબ છે કે જે અસ્ર છોડવાની આદતવાળો બની જાય તેના માટે અંદેશો છે કે તે કાફિર થઈને મરે જેનાથી અમલો ઝબ્ત થઈ જાય, એનો મતલબ એ નથી કે અસ્ર છોડવી કુફ્ર તથા ઈર્તેદાદ છે. યાદ રાખશો કે અસ્રની નમાઝને કુર્આને કરીમે વચલી નમાઝ ફર્માવીને તેની ઘણી જ તાકીદ કરી છે. તેમજ એ વખતે રાત તથા દિવસના ફરિશ્તાઓનો ઈજતેમા થાય છે. અને આ સમય લોકોની સૈરો તફરીહ (હરવા ફરવા)નો તથા વેપારીઓની વૃધ્ધિનો સમય છે, એટલા માટે મોટાભાગના લોકો અસરમાં સુસ્તી કરી જાય છે. એ કારણોને લઈને કુર્આન શરીફે પણ અસ્રની ખૂબ જ તાક઼ીદ ફર્માવી અને હદીષ શરીફે પણ.

પેજ 02 નું ચાલુ.. બારામાં આપણે ઘણે અંશે નિષ્ફળ છીએ. ઈલ્લા માશાઅલ્લાહ !

અલ્હમ્દુલિલ્લાહ ! દીનીયાતની સાથે આધુનિક શિક્ષણની તરફ "સુન્ની દાવતે ઈસ્લામી"એ મહત્વની કૂચ કરી જેના પરિણામે લગભગ ૧૫ સ્કૂલો ઈંગ્લિશ મિડિયમની હિંદુસ્તાનના વિવિધ વિસ્તારોમાં કામયાબીની સાથે ચાલી રહી છે.

જો સાચા અર્થમાં આપણી અંદર ક઼ૌમનું તથા ઈસ્લામી મિલ્લતનું દર્દ છે તો ઈખ્લાસ તથા લિલ્લાહિયતની સાથે અમલના મેદાનમાં કૂદવુ પડશે અને કોઈની ટીકા ટીપ્પણનો ડર રાખ્યા વિના સ્કૂલો, હોસ્પિટલો તથા સમાજ સેવાના થકી દીનની ઉચ્ચ કક્ષાઓ વિશે પોતાની ક઼ૌમને માહિતગાર કરાવવી પડશે, તો આપણે અડગતાથી રહી શકીશું અને અવામને દીન પર ક઼ાયમ જોઈ શકીશું. યક઼ીનન ! આજે ખૂબ જ પ્રમાણમાં કામની જરૂરત છે, સખત મહેનતની જરૂરત છે, મુખ્લિસ તથા દર્દમંદ દીનના દાઈઓ (નિમંત્રકો)ની જરૂરત છે, બાઅમલ ઉલમાની જરૂરત છે. દીન આપણને અવાજ આપી રહ્યો છે પરંતું આપણે છીએ કે નામના મુસલમાનો સુધી પણ દીનની પાયાની તાલીમ પહોંચાડવાથી આજિઝ છીએ. ઈલ્લા માશા અલ્લાહ !

એના પહેલાં કે દીનથી વિમુખતા (ઈર્તેદાદ) પોતાના ક઼દમ મજબૂત કરી લે આપણે જાગૃત થઈ જવાની સખત જરૂરત છે, ક્યાંક એવું ન બને કે અધિક મોડુ થઈ જાય અને પછી આપણે શિકવા શિકાયતના થકી આપણા એ દર્દને જાહેર કરતા રહીએ અને પછી કોઈ સાંભળનારો ન હોય. યાદ રાખશો કે અલ્લાહ એના પર ક઼ાદિર (શક્તિમાન) છે કે આપણી સુસ્તી તથા ગૈરલાયકપણાને જોઈને આપણી જગાએ કોઈ નવી ક઼ૌમ પેદા કરી આપે જે દીનની જિમ્મેદારી ક઼બૂલ કરી લે અને ઉમ્મતે મુસ્લિમાને સહીહ દીની સમજથી માહિતગાર કરી આપે. જેમ કે કુર્આને મુક઼દ્દસમાં અલ્લાહ ﷻએ ઈર્શાદ ફર્માવ્યો : اِنۡ يَّشَاۡ يُذۡهِبۡكُمۡ وَيَاۡتِ بِخَلۡقٍ جَدِيۡدٍ "તે ચાહે તો તમને લઈ જાય અને નવી મખ્લૂક઼ લઈ આવે."

*(સૂ. ઈબ્રાહીમ, ૨૪/૧૯)*

રબ તઆલા આપણને ગફ઼લતની નિદ્રાથી જાગૃત થવાની અને દરેક મુસલમાનને દીની તાલીમથી શણગારવાની તૌફ઼ીક઼ બખ્શે. આમીન. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૧૮)*

# ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ

હપ્તો ૦૫

અઝ : મુફતી સુબ્હાનલ્લાહ કાદરી
અમજદી બનારસી رحمۃ اللہ علیہ
અનુવાદક : હાફિઝ સલીમ ખત્રી ઉમલ્લાવાળા
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**હદીષ–૩૬** : સહીહ મુસ્લિમમાં ઉમ્મે અતિય્યહ رضی اللہ عنہاથી છે, જ્યારે ઔરતથી બયઅત લેવાની આયત નાઝિલ થઈ અને એમાં દરેક ગુનાહથી બચવાની શર્ત હતી કે, لَا يَعْصِيْنَكَ فِى مَعْرُوْفٍ અને મુડદા પર બયાન કરીને રડવું, ચીસો પાડવી પણ ગુનોહ હતું. તો મેં અર્ઝ કરી :

يَا رَسُوْلَ اللّٰهِ اِلَّا اٰلَ فُلَانٍ فَاِنَّهُمْ كَانُوْا اَسْعَدُوْنِىْ فِى الْجَاهِلِيَّةِ فَلَا بُدَّلِىْ مِنْ اَنْ اُسْعِدَ هُمْ

યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણા ઘરવાળાંઓને અપવાદ કરી આપો, એટલા માટે કે તેમણે જાહિલિયતના જમાનામાં મારી સાથે થઈને મારી એક મૈયત પર નોહા કર્યો હતો જેથી મારે તેમની મૈયત પર નોહામાં (રડવા પીટવામાં) તેમનો સાથ આપવો જરૂરી છે. فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اِلَّا اٰلَ فُلَانٍ રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સારું ! તેમને અપવાદ કરી દીધાં. *–(મુસ્લિમ શરીફ, ૧/૩૦૪, નિસાઈ, ૨/૧૬૩, બાબુલ બયઅહ)*

તિર્મિઝી શરીફની રિવાયતમાં છે : فَاَذِنَ لَهَا હુઝૂર ﷺએ તેમને નોહાની ઈજાઝત આપી દીધી. *–(તિર્મિઝી, ૨/૧૬૪, તફસીરે સૂરએ મુમ્તહિના)*

ઈમામ નવવી આ હદીષ હેઠળ ફર્માવે છે : "હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ આ ખાસ છૂટ આલે ફલાંના બારામાં આપી હતી. وَلِلشَّارِعِ اَنْ يَّخُصَّ مَنَ الْعُمُوْمِ مَاشَاءَ નબી કરીમ ﷺને ઈખ્તિયાર છે કે આમ હુકમોમાંથી જેને ચાહે ખાસ કરી આપે." *–(મુસ્લિમ મઅ શરહે નવવી, ૧/૩૦૪)*

**હદીષ–૩૭** : ઈબ્ને અસ્કનમાં અબૂ નોઅમાન અઝદી رضی اللہ عنہથી છે : એક શખ્સે એક સ્ત્રીને નિકાહનો પૈગામ આપ્યો. હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, તેણીને મહેર આપો ! તેણે કહ્યું કે મારી પાસે કાંઈ નથી. ઈર્શાદ ફર્માવ્યો, اَمَا تُحْسِنُ તેણીની મહેર આપો ! તેણે કહ્યું, મારી પાસે કાંઈ નથી. ઈર્શાદ ફર્માવ્યો :–

اَمَا تُحْسِنُ سُوْرَةً مِّنَ الْقُرْاٰنِ فَاَصْدِقْهَا السُّوْرَةَ وَلَا يَكُوْنُ لِاَحَدٍ بَعْدَكَ مَهْرًا۔

*(અલ્ ઈસાબા, ઈબ્ને હજર, ૭/૨૪૦, બહવાલા જામેઉલ અહાદીષ, ૪/૨૪૦)*

શું તને કુર્આન મજીદની કોઈ સૂરત નથી આવડતી ? તે સૂરત શીખવવું જ એનું મહેર કરી આપ, અને તારા બાદ આ મહેર કોઈ અન્યના માટે પૂરતી થશે નહીં.

**હદીષ–૩૮** : સિહાહ સિત્તહમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી છે કે એક શખ્સે જાને રહ્મત ﷺની બારગાહે બેકસ પનાહમાં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું હલાક થઈ ગયો. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે શું વાત છે ? તેણે કહ્યું કે મેં રમઝાનમાં મારી પત્ની સાથે સોહબત કરી. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ગુલામ આઝાદ કરી શકે છે ? કહ્યું, નહીં ! ફર્માવ્યું, સતત બે મહિનાના રોઝા રાખી શકે છે ? અર્ઝ કરી કે નહીં ! પછી ફર્માવ્યું, સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવી શકે છે ? કહ્યું, નહીં ! એ દરમિયાન નબી કરીમ ﷺની ખિદમતમાં ક્યાંકથી ખજૂરો આવી. હુઝૂર

علیہ الصلوٰۃ والسلامએ તે શખ્સને ફર્માવ્યું, લઈ જા ! એને ખૈરાત કરી આપ. તેણે કહ્યું, શું મારા કરતાં અધિક કોઈ મોહતાજ પર ? (મતલબ એ કે મદીનામાં કોઈ ઘર અમારા જેટલું મોહતાજ નથી.)

**فَضَحِكَ النَّبِیُّ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ حَتّٰی بَدَتْ نَوَا جِذُہٗ وَقَالَ اِذْھَبْ فَاَطْعِمْہُ اَھْلَكَ**

હુઝૂર صلی اللہ علیہ وسلم આ સાંભળીને હસ્યા ત્યાં સુધી કે દાંત મુબારક જાહેર થઈ ગયા, અને ફર્માવ્યું, જા ! તારાં ઘરવાળાંઓને ખવડાવી દે.

*–(મિશ્કાત શરીફ, પેજ : ૧૭૬)*

**નોંધ** : ગુનાહનો એવો કફ્ફારો કે પોતે ખાય લેવામાં આવે અને કફ્ફારો અદા થઈ જાય એ કેવળ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની જ અજોડ શાન છે અને ઈખ્તિયારનું પ્રદર્શન છે જે ખુદાવંદે કદીર جل جلالہ એ હુઝૂર صلی اللہ علیہ وسلمને અતા કર્યો છે. આજે જો કોઈ એવું કરે તો એણે કફ્ફારો આપવો જ પડશે[૧].

**હદીષ–૩૯** : ઉસદુલ ગાબા, ભાગ : ૨માં છે :

روی عنه ابنه عُمَارَةُ اَنَّ النَّبِیَّ صلی اللّٰہ تعالٰی عَلَیْہِ وسَلَّمَ اشْتَرٰی فَرَساً مِّنْ سَوَاءِ بْنِ قَیْسِ نِ الْمَحَارِبِیِّ فَجَحَدَہٗ عَلَیْہِ سَوَاءٌ فَشَھِدَ خُزَیْمَةُ بْنُ ثَابِتٍ لِلنَّبِیِّ صلی اللّٰہ عَلَیہ وَسَلَّمَ فَقَالَ لَہٗ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ علیہ وسلم مَاحَمَلَكَ عَلَی الشَّھَادَةِ وَلَمْ تَكُنْ مَعَنَا حَاضِراً قَالَ صَدَّقْتُكَ بِمَاجِئْتَ بِہٖ وَعَلِمْتُ اَنَّكَ لَا تَقُوْلُ اِلَّا حَقًّا فَقَالَ رَسُوْلُ اللّٰہ صلی اللّٰہُ علیہ وسلم مَنْ شَھِدَ لَہٗ خُزَیْمَةُ اَوْعَلَیْہِ فَحَسْبُہٗ۔

اِلاصابة فی تمییز الصحابة جلداول میں ہے:

رَوٰی اَبُوْ دَاءُوْدَ مِنْ طَرِیْقِ الزُّھْرِیِّ عَنْ عُمَارَةَ بْنِ خُزَیْمَةَ بْنِ ثَابِتٍ اَنَّ عَمَّہٗ حَدَّثَہٗ وَھُوَ مِنْ اَصْحَابِ النَّبِیِّ صلی اللّٰہ علیہ وسلم اَنَّ النَّبِیَّ صلی اللّٰہ علیہ وسلمَ ابْتَاعَ فَرَساً مِّنْ اَعْرَابِیٍّ (الحدیث) وَفِیْہِ فَقَالَ النَّبِیُّ صلی اللّٰہ علیہ وسلم مَنْ شَھِدَ لَہٗ خُزَیْمَةُ فَحَسْبُہٗ

એમાં છે :–

وَرَوَی الدَّارُقُطْنِی مِنْ طَرِیْقِ اَبِی حَنِیْفَةَ عن حماد عن ابراھیم عَنْ اَبِیْ عَبْدِاللّٰہ الْجَدَلِی عَنْ خُزَیْمَةَ بْنِ ثَابِتٍ اَنَّ النَّبِیَّ صلی اللّٰہ علیہ والہ وسلم جَعَلَ شَھَادَتَہٗ شَھَادَةَ رَجُلَیْنِ۔

એમાં છે :–

وَفِی الْبُخَارِیِّ مِنْ حَدِیْثِ زَیْدِ بْنِ ثَابِتٍ قَالَ فَوَجَدْتُّھَا مَعَ خُزَیْمَةَ بْنِ ثَابِتِ نِ الَّذِیْ جَعَلَ النَّبِیُّ صلی اللّٰہ علیہ وَاٰلِہٖ وَسَلَّمَ شَھَادَتَہٗ بِشَھَادَتَیْنِ۔

હઝરત અમ્મારા રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ સવાઅ બિન કૈસ મહારિબીથી એક ઘોડો ખરીદયો. સવાઅએ સોદાનો ઈન્કાર કર્યો. હઝરત ખુઝૈમા બિન ષાબિત અન્સારી رضی اللہ عنہએ ગવાહી આપી કે આપે ચોક્કસ એ ઘોડો સવાઅથી ખરીદયો છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ હઝરત ખુઝૈમાથી પૂછયું, કે તમે (જાણ્યા બુઝયા વિના) કેવી રીતે ગવાહી આપી દીધી ? તમે તો અમારી સાથે હતા પણ નહીં! તેમણે અર્ઝ કરી કે આપે આટલી બધી ખબરો આપી મેં સૌનું સમર્થન કર્યું (તો આમાં પણ) મેં એ જાણ્યું કે આપ હક્ક ફર્માવી રહ્યા છો. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, હવે ખુઝૈમા જે કોઈના નફા કે નુકસાનની ગવાહી આપી દે તો એમની એક ગવાહી જ પૂરતી ગણાશે. (બે ગવાહોની જરૂરત નહીં રહે.)

**નોંધ** : આ પરથી સાબિત થયું કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ કુર્આને કરીમના આમ (સામાન્ય) હુકમથી **وَاَشْھِدُوْا ذَوَیْ عَدْلٍ مِّنْکُمْ** હઝરત ખુઝૈમા رضی اللہ عنہને અપવાદ કરી આપ્યા.

**હદીષ–૪૦** : મિશ્કાત શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે :–

*૧. ઈમામ ઝહરી ફર્માવે છે : આ છૂટ ખાસ એ શખ્સના માટે હતી. જો કોઈ આજે એવું કરે તો તેણે કફ્ફારો આપવો જ પડશે. (નોઅમાની)*

خَطَبَنَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ يَآ يُّهَا النَّاسُ قَدْ فُرِضَ عَلَيْكُمُ الْحَجُّ فَحُجُّوْا فَقَالَ رَجُلٌ اَكُلَّ عَامٍ يَّا رَسُوْلَ اللّٰهِ فَسَكَتَ حَتّٰى قَالَهَا ثَلٰثًا فَقَالَ لَوْ قُلْتُ نَعَمْ لَوَجَبَتْ وَلَمَا اسْتَطَعْتُمْ ثُمَّ قَالَ ذَرُوْنِىْ مَا تَرَكْتُكُمْ فَاِنَّمَا هَلَكَ مَنْ كَانَ قَبْلَكُمْ بِكَثْرَةِ سُؤَالِهِمْ وَاخْتِلَافِهِمْ عَلٰى اَنْبِيَائِهِمْ فَاِذَا اَمَرْتُكُمْ بِشَيْءٍ فَأْتُوْا مِنْهُ مَا اسْتَطَعْتُمْ وَاِذَا نَهَيْتُكُمْ عَنْ شَيْءٍ فَدَعُوْهُ۔

રસૂલુલ્લાહ ﷺએ અમને ખુત્બો આપ્યો. પછી ઈર્શાદ ફર્માવ્યો કે, હે લોકો ! તમારા પર હજ્જ ફર્ઝ કરવામાં આવ્યો જેથી હજ્જ કરો. તો એક શખ્સે પૂછયું કે યા રસૂલુલ્લાહ ! ﷺ શું દર વરસે ? તો હુઝૂર علیہ الصلوۃ والسلام ખામોશ રહ્યા, ત્યાં સુધી કે તેણે ત્રણવાર પૂછયું તો ફર્માવ્યું, જો હું હા કહી આપતો તો દર વર્ષે હજ્જ વાજિબ થઈ જાત, અને તમે લોકો એની શક્તિ નથી ધરાવતા. પછી ઈર્શાદ ફર્માવ્યો કે તમે મને છોડેલો રાખો જ્યાં સુધી કે હું તમને છોડેલા રાખું. તમારાથી આગલી ઉમ્મતો આ જ અધિક્તર સવાલો કરવાને લીધે તથા પોતાના નબીઓની મુરાદથી વિરુદ્ધ ચાલવાના કારણે હલાક થઈ ગઈ. જેથી જ્યારે હું તમને કોઈ વાતનો હુકમ આપુ તો યથાશક્તિ તેને તમે કરો અને જ્યારે કોઈ વાતથી મના કરું તો તેને છોડી આપો. મલતબ એ કે જો કોઈ વાતના વિશે હું તમારા પર વાજિબ હોવાનો કે હરામ હોવાનો હુકમ ન આપુ તો તેને ઉખેડી ઉખેડીને ન પૂછો, કે પછી વાજિબ કે હરામનો હુકમ આપી દઉં તો તમે તકલીફમાં પડી જાવ.

*–(રવાહુ મુસ્લિમ ૧/૩૫૪, બુખારી ૧/૨૫૯, અબૂ દાઊદ ૧/૩૨૫, તિર્મિઝી ૧/૯૦, ૯૧, ઈબ્ને માજા ૧/૧૨૦, મિશ્કાતુલ મસાબીહ, કિતાબુલ મનાસિક, પેજ : ૨૨૦, ૨૨૧)*

## ઈમામોના કથનો

**(૧)** ઈમામ અહમદ બિન મુહમ્મદ ખતીબ કસ્તલાની મવાહિબે લદુન્નિયહમાં ફર્માવે છે :–

"નબી ﷺ અલ્લાહના રાઝોનો ખજાનો તથા હુકમ લાગુ પાડવાની જગા છે. કોઈ હુકમ લાગુ થતો નથી પણ હુઝૂર ﷺના દરબારથી. અને કોઈ નેઅમત કોઈને નથી મળતી પણ હુઝૂર علیہ الصلوۃ والسلامની સરકારથી. (ﷺ)

ખબરદાર થઈ જાવ ! મારાં માબાપ એમના પર કુર્બાન ! જે બાદશાહ તથા સરદાર છે એ સમયથી કે આદમ علیہ السلام હજી પાણી તથા માટીમાં જલ્વાગર હતા. આપ જે વાતનો ઈરાદો કરે તેનાથી વિરુદ્ધ નથી થતું. અને સમગ્ર જહાનમાં કોઈ એમના હુકમને ફેરવનાર નથી. *(મવાહિબે લદુન્નિયહ, ૧/૨૭, ૨૮, બૈરુત)*

**(૨)** ઈમામ અહમદ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ જૌહરે મુનઝ્ઝમમાં ફર્માવે છે :–

هُوَ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ خَلِيْفَةُ اللّٰهِ الْاَعْظَمُ الَّذِىْ جَعَلَ خَزَائِنَ كَرَمِهٖ وَمَوَائِدَ نِعَمِهٖ طَوْعَ يَدَيْهِ وَاِرَادَتِهٖ يُعْطِىْ مَنْ يَّشَاءُ

"હુઝૂર علیہ الصلوۃ والسلام અલ્લાહ عزوجلના તે ખલીફાએ આ'ઝમ છે કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના કરમના ખજાનાઓ અને પોતાની નેઅમતોના ખ્વાનો સૌ એમના હાથોના ફર્માબરદાર તથા તેમના ફર્માન હેઠળ કરી આપ્યા, જેને ચાહે છે અર્પણ કરે છે."

**(૩)** અલ્લામા ઝુર્કાની શરહે મવાહિબમાં ફર્માવે છે :–

قَدِ اشْتَهَرَ اِطْلَاقُهٗ عَلَيْهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِاَنَّهٗ شَرَعَ الدِّيْنَ وَالْاَحْكَامَ۔

"સૈયદે આલમ ﷺને શારેહ કહેવું મશહૂર તથા મઅરૂફ છે, એટલા માટે કે હુઝૂર ﷺએ દીને મતીન તથા દીનના હુકમોની શરીઅત કાઢી."

*(નસીમુર્રિયાઝ, ૧/૧૭૦, બૈરૂત)*

**(૪)** અલ્લામા શિહાબ ખફ્ફાજી رحمۃ اللہ علیہ નસીમુર્રિયાઝમાં કસીદા બુર્દાના શેઅર :–

نَبِيُّنَا الْاٰمِرُ النَّاهِىْ فَلَا اَحَدٌ ... اَبَرَّ فِىْ قَوْلِ لَا مِنْهُ وَلَا نَعَمٖ

(''આપણા નબી صلی اللہ علیہ وسلم સાહિબે અમ્રો નહી છે, તો એમનાથી વધુ 'હા' તથા 'ના' ફર્માવવામાં કોઈ સાચો નથી.'')ની શરહમાં ફર્માવે છે :–

مَعْنیٰ نَبِیُّنَا الْاَمِرُ الخ اَنَّهٗ لَا حَاكِمَ سِوَاهُ صَلَّی اللّٰهُ تَعَالیٰ عَلَیْهِ وَسَلَّمَ فَهُوَ حَاكِمٌ غَیْرُ مَحْكُوْمٍ۔

નબી صلی اللہ علیہ وسلمના સાહિબે અમ્રો નેહી હોવાનો અર્થ એ છે કે હુઝૂર હાકિમ છે, હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સિવાય દુનિયામાં કોઈ હાકિમ નથી, ન તો કોઈના મહકૂમ (હુકૂમત હેઠળ) છે. (صلی اللہ علیہ وسلم)

**(૫)** હઝરત શૈખ મુહક્કિક઼ અલ્લામા અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**અગર ખૈરિયતે દુન્યા ઉક઼બા આરઝૂદારી બદરગાહશ બયા વ હરચે મી ખ્વાહી તમન્ના કુન**

*–(અશિઅતુલ લમ્આત, ૧/૩૯૬)*

એટલે કે, ''જો દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહો છો તો હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં આવો અને જે ચાહો માગી લો !''

نَفَعَنِی اللّٰهُ تَعَالیٰ بِهٖ وَالْمُسْلِمِیْنَ فِی الدَّارَیْنِ بِالنَّفْعِ الْاَتَمِّ وَصَلَّی اللّٰهُ تَعَالیٰ عَلٰی سَیِّدِنَاوَمَوْلَانَامُحَمَّدٍ وَّاٰلِهٖ وَصَحْبِهٖ وَسَلَّمَ.


ખાદિમ સવાદે આ'ઝમ અહલે સુન્નત

**સુબ્હાનલ્લાહ અલ્ ક઼ાદરી અમજદી**

*(રહેવાસી : ક઼સ્બા સૈયદ રાજા, જિલ્લા : વાણારસી)*



**મેરેજ બ્યુરો કોર્નર**

**ક઼ાઝી યુવાન (શહેર ક઼ાઝી)** : ઉમર : ૩૦ વર્ષ, ઉંચાઈ : ૫.૫ ઈંચ, એજ્યુકેશન : B.com ગ્રેજયુએટ, બેઝીક કોમ્પ્યુટર નોલેઝ, જોબ : ટયૂશન ક્લાસિસ, આવક ૬ થી ૭ હજાર, દીનદાર સુન્ની યુવતી પસંદગીને પાત્ર. આલિમા હોય તો બેહતર (કરજણ તરફના) વધુ માટે સંપર્ક કરો :–

**Mob. 7801965082/9427464411**


# ગરીબી (ફક઼ીરી)ની ફઝીલત

*(કાર્યાલય)*

હુઝૂર صلی اللہ علیہ وسلمનું ફરમાન છે કે **આ ઉમ્મતના સૌથી શ્રેષ્ઠ લોકો ગરીબો છે અને સૌથી પહેલા જન્નતમાં દાખલ થનારા અશકત લોકો હશે.** *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૦)*

ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે **મારી બે વાતો છે, જે તેને પસંદ કરે છે તે મને પસંદ કરે છે અને જે તેને બુરી સમજે છે તે મને બુરો સમજે છે, ગરીબી અને જેહાદ.** *(અહયાઉલ ઉલૂમ–૪/૧૭૦)*

## આ દુનિયા તેનું ઘર છે જેનું કોઈ ઘર ન હોય

મરવી છે કે હઝરત જિબ્રઈલ علیہ السلام આપની ખિદમતમાં હાજર થયા અને કહ્યું કે અલ્લાહ તઆલા આપને સલામ ફરમાવે છે અને ફરમાવે છે કે **જો આપ ચાહો તો હું પહાડ સોનાનો બનાવી દઉં જે આપની સાથે સાથે રહે.** હુઝૂર صلی اللہ علیہ وسلمએ થોડીક ક્ષણો ખામોશ રહ્યા પછી ફર્માવ્યું કે જિબ્રઈલ ! **આ દુનિયા તો તેનું ઘર છે જેનું કોઈ ઘર ન હોય, એ તેની દૌલત છે જેની કોઈ દૌલત ન હોય, અને તેને તે જ ભેગી કરે છે જે મૂર્ખ હોય.** જિબ્રઈલ બોલ્યા કે હે અલ્લાહના નબી ! અલ્લાહ તમને તે જ હક્ક઼ તથા સદાકત (સત્ય) પર ક઼ાયમ રાખે. *(મુસ્નદે અહમદ બિન હંબલ–૭/૧૦૪, મિશ્કાતુલ મસાબીહ–૨/૪૪, કન્ઝુલ ઉમ્માલ–૩/૧૮૬)*

મરવી છે કે હઝરત ઈસા علیہ السلام સફર દરમ્યાન એક એવા શખ્સ પાસે થઈને પસાર થયા જે કમ્બલ લપેટીને સૂઈ રહ્યો હતો. આપે તેને જગાડીને ફરમાવ્યું કે હે સૂવાવાળા ઉઠ ! અને અલ્લાહને યાદ કર ! તે શખ્સે કહ્યું કે તમે મારાથી બીજુ શું ચાહો છો કે મેં દુનિયાને દુનિયાદારો માટે છોડી દીધી છે. આપે ફરમાવ્યું કે તો પછી હે મારા મિત્ર ! સૂઈ જા.

## અલ્લાહ પોતાના મહબૂબ બંદાના દિલથી દુનિયાની મહોબ્બત કાઢી નાખે છે

હઝરત મૂસા علیہ السلام એક એવા શખ્સની નજીકથી પસાર થયા જે ઈંટનો તકીયો બનાવીને કમ્બલ લપેટીને જમીન પર સૂઈ રહ્યો હતો અને તેની દાઢી અને તમામ ચહેરો ધૂળમાં ભરાઈ રહ્યો હતો. મૂસા علیہ السلامએ અર્ઝ કરી કે હે રબ તઆલા ! તારો આ બંદો દુનિયામાં બર્બાદ થઈ ગયો. અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامની તરફ વહી મોકલી અને ફરમાવ્યું કે તમને ખબર નથી કે જયારે હું કોઈ બંદા પર મારા કરમના દરવાજાઓ મુકમ્મલ તૌર પર ખોલી દઉ છું તો તેના દિલમાંથી દુનિયાની મહોબ્બત નષ્ટ કરી દઉ છું.

હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمનો એક મહેમાન આવ્યો પણ આપની પાસે તેની મિજબાનીના માટે કાંઈ ન હતું. હુઝૂર صلی اللہ علیہ وسلمએ મને ખૈબરના એક યહૂદીની પાસે મોકલ્યો અને ફરમાવ્યું કે તેને કહો કે રજબુલ મુરજ્જબના ચાંદ સુધી કર્ઝ અથવા ઉધારમાં લોટ દઈ દે. હું તે યહૂદી પાસે ગયો તો તેણે કહ્યું કે કોઈ ચીજ ગીરો મૂકો તો આટો મળશે. મેં આપને જણાવ્યું તો આપે ઈર્શાદ ફરમાવ્યો કે ખુદાની કસમ ! હું જમીન તથા આસમાનનો અમીન છું જો તે કર્ઝ કે ઉધાર લોટ આપત તો હું ચોક્કસ પાછો આપત. લો મારું આ બખ્તર લઈ જાવ અને તેની પાસે ગીરો મૂકી દો. જયારે હું બખ્તર લઈને નીકળ્યો તો આપની તસલ્લીના માટે આ આયત નાઝિલ થઈ :-

ولا تمدن عينيك الى ما متعنابه ازواجا منهم زهرة الحيوة الدنيا

"અને હે સાંભળનાર ! તેની તરફ તારી આંખો ન લગાડ જે અમે કાફિરોના જોડાંઓ (પતિ-પત્ની)ને વર્તવા માટે આપી છે, જીવતી દુનિયાની તાજગી."

*(પારા : ૧૬, સૂરએ તાહા, આ. ૧૩૧)*

ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે ગરીબી મુસલમાનના માટે ઘોડાના મુખ પર હસીન ખાલોથી પણ વધુ ખૂબસૂરત છે. *(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની-૭/૨૯૪)*

ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે જેનું શરીર તંદુરસ્ત અને સંતુષ્ટ છે અને તેની પાસે એક દિવસનો ખોરાક મૌજૂદ છે તો જાણે કે તેને (કાયનાતની) પૂરેપૂરી દૌલત મળી ગઈ છે.

હઝરતે કઅબ અહબાર رضی اللہ عنہથી મરવી છે કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને ફરમાવ્યું, જયારે તું ગરીબીને આવતી જુએ તો કહે કે ખુશ આમદેદ, હે નેકીઓના લિબાસ ! *(સુનને તિર્મિઝી-૨/૬૦, સુનને ઈબ્ને માજહ, અબ્વાબુઝ્ઝુહદ, પેજ-૩૦૮, સહીહ ઈબ્ને હબ્બાન-૨/૪૨, હિલ્યતુલ અવલિયા-૫/૨૮૩)*

## દીનદાર શિકાર ન કરી શકયો અને દુનિયાદારને ખૂબ શિકાર મળ્યો

હઝરત અતા ખુરાસાની رحمۃ اللہ علیہથી મન્કૂલ છે કે અલ્લાહ તઆલાના એક નબી નદી કિનારે થઈને પસાર થયા ત્યાં તેમણે જોયું કે એક શખ્સ માછલીઓનો શિકાર કરી રહ્યો છે. તેણે અલ્લાહ તઆલાનું નામ લઈને નદીમાં જાળ ફેંકી પણ કોઈ માછલી ન ફસાઈ. પછી તે જ નબી એક બીજા શખ્સની પાસે થઈને પસાર થયા જે માછલીઓનો શિકાર કરી રહ્યો હતો. તેણે શયતાનનું નામ લઈને પોતાની જાળ ફેંકી અને જયારે જાળ ખેંચી તો તે માછલીઓથી ભરાએલી નીકળી. અલ્લાહના નબીએ બારગાહે રબ્બુલ ઈઝઝતમાં અર્ઝ કરી કે હે આલિમુલ ગૈબ ! એમાં શુ રહસ્ય છે ? અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે મારા નબીને તે બંને શખ્સોનો આખેરતનો મકામ બતાવો. જયારે તેમણે પહેલા શખ્સનો અલ્લાહ તઆલાની હુઝૂરીમાં ઈજ્જત તથા વકાર અને બીજા શખ્સની બેઈજ્જતી જોઈ તો એકાએક કહી ઉઠયા કે, ઈલાહુલ આલમીન ! હું તારી વહેંચણીથી રાજી છું.

ફરમાને નબવી صلی اللہ علیہ وسلم છે કે મેં જન્નતને જોઈ તેમાં મોટાભાગના ગરીબો હતા. મેં જહન્નમને જોઈ તેમાં મોટાભાગના માલદાર તેમજ ઔરતો હતી. એક રિવાયતમાં છે કે, હુઝૂર صلی اللہ علیہ وسلمએ દર્યાફત કર્યું, માલદારો કયાં છે ? તેમને માલદારીએ ગિરફતાર કરી રાખેલા છે. બીજી હદીષમાં છે, મેં જહન્નમમાં મોટાભાગે સ્ત્રીઓને જોઈને કહ્યું, આવું શાથી છે ? તો મને જણાવવામાં આવ્યું કે આવું તેમની સોના તથા ખુશ્બુઓની મહોબ્બતના કારણે છે. *(સહીહ બુખારી-૨/૯૫૫, સુનને તિર્મિઝી, ૨/૮૭, મુસ્નદે અહમદ બિન હંબલ-૧/૩૮૮, મિશ્કાતુલ મસાબીહ, પેજ-૪૪૬)*

*-(મુકાશફતુલ્ કુલૂબ)*

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**કિસ કે જલ્વા કી ઝલક હૈ યહ ઉજાલા ક્યા હૈ–હર તરફ દીદએ હૈરતઝદા તકતા ક્યા હૈ**

*(જલ્વા = ચમક, તજલ્લી, ઝલક = રોશની, દીદએ હૈરતઝદા = આશ્ચયમય આંખ)*

**અર્થાત** : મેહશરના મેદાનમાં આ કોના જલ્વાની રોશની છે ? આ નૂરાનિયત તથા અજવાળુ કોનું છે કે આંખ આશ્ચર્યમય બની ચોતરફ જોઈ રહી છે ?!

**માંગ મન માનતી મુંહ માગી મુરાદેં લેગા–ન યહાં ન હૈ, ન મંગતા સે યહ કહના, ક્યા હૈ ?**

**અર્થાત** : હે સવાલી ! આ નૂરની ઠંડક બતાવી રહી છે કે આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلامની જલ્વાગરી થઈ રહી છે, તો પછી તૈયારી કરી લે અને મોં માગ્યી મુરાદના માટે જોલી ફેલાવી દે, કેમ કે આપણી સરકારની બારગાહમાં ન તો "ના" છે, ન તો એઓ કોઈ સવાલીને એ ફર્માવે છે કે આ શા માટે માગ્યું ?

*યહ ક્યૂં કહૂં મુઝકો યહ અતા હો યહ અતા હો–વો દો કે હમેશા મેરે ઘર ઘર કા ભલા હો*

**પંદ કળવી લગે નાસેહ ન તુર્શ હવાએ નફ઼્સ–ઝહરે ઈસ્યાંમેં સિતમગર તુઝે મીઠા ક્યા હૈ ?**

*(પંદ = નસીહતની વાત, નાસેહ = નસીહતકર્તા, તુર્શ = ખાટી, હવાએ નફ઼્સ = નફ઼્સની ખ્વાહિશો, મનેચ્છાઓ, ઈસ્યાં = ગુનાહ, સિતમગર = જાલિમ)*

**અર્થાત** : હે મારા ખ્વાહિશોવાળા નફ઼્સ ! શું તને નસીહત કરનારાઓની નસીહત બુરી લાગે છે ?! કે જે તારા માટે લાભદાયી છે. અને તને ગુનાહોનું ઝહેર ખૂબ જ મીઠુ લાગે છે કે જે સરાસર તારા માટે નુકસાનકર્તા છે. અરે ! જાલિમ ! કાંઈ તો ખયાલ કર ! અને પોતાના જ લાભાલાભનું વિચાર અને પોતાનામાં ઓળખ પેદા કર.

*તૂ અગર મેરા નહીં બનતા–ન બન અપના તો બન !*

**હમ હૈં ઉનકે, વો હૈં તેરે, તો હમ હૂએ તેરે–ઈસસે બળ્હકર તેરી સિમ્ત ઔર વસીલા ક્યા હૈ**

**અર્થાત** : આપણે આપણા આક઼ા ﷺના પ્યારા છીએ, અને આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام પોતાના રબના પ્યારા છે, આ રીતે આપણે અલ્લાહના પ્યારા થયા, કેમ કે દોસ્તનો દોસ્ત પણ તો દોસ્ત જ બને છે. હે અલ્લાહ ! આનાથી વધીને તો અમારી પાસે કોઈ વસીલો નથી.

*ઈલાહી બહક઼્ક઼ે બની ફ઼ાતિમા, કે બર ક઼ૌલે ઈમાં કુનમ ખાતિમા*
*અગર દઅવતમ રદ કુની વર કુબૂલ, મને દસ્તો દામાને આલે રસૂલ*

**ઉન્કી ઉમ્મત મેં બનાયા ઉન્હેં રહ઼મત ભેજા–યૂં ન ફ઼ર્મા કે તેરા રહમ મેં દઅવા ક્યા હે**

*(રહમ = મહેરબાની, દાવો = હક્ક઼)*

**અર્થાત :** હે અલ્લાહ ! તેં પોતે જ તો અમોને તારા મહબૂબના ઉમ્મતી થવાનો શરફ અતા કર્યો અને તેમને તેં રહમતુલ લિલ્ આલમીન બનાવીને મોકલ્યા, અને એમની જ ઝબાનથી કહેવડાવ્યું કે તમારા બંદાઓ (ગુલામો)ને કહી આપો : لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ "અલ્લાહની રહ઼મતથી નિરાશ ન થાવ." (સૂરએ ઝુમર, ૩૯/૫૩) તો હવે એવું તો ન ફ઼ર્માવ કે રહમતમાં તારો કોઈ હક્ક઼ નથી. ભલે નકામો છું પણ તારા મહબૂબનું નામ લેનારો છું. અને એમનો જ સદક઼ો માગી રહ્યો છું.

**સદક઼ા પ્યારે કી હયા કા કે ન લે મુઝસે હિસાબ–બખ્શ બે પૂછે લજાયે કો લજાના ક્યા હૈ !**

*(સદક઼ા = વસીલાથી, લજાએ = શર્મિંદા, લજાના = શર્મિંદા કરવું)*

**અર્થાત :** હે માલિક તથા મૌલા ! ﷻ આ જ પ્યારા મહબૂબનો સદક઼ો, જો મને વિના હિસાબે બખ્શી આપે તો તારું શું નુકસાન છે ? મારી વાત બની જશે ! ભલા ! પહેલેથી શર્મસાર છે તેનો હિસાબ લઈને તેને અધિક શર્મિંદો કરવો એનાથી શું થશે ! હું ઈક઼રારી મુજરિમ છું.

*માના કે બેઅમલ હૂં નિહાયત હી બુરા હૂં મૈં –લેકિન તેરે હબીબ કે દર કા ગદા હૂં મૈં*

**ઝાહિદ ઉન્કા મૈં ગુનેહગાર વો મેરે શાફેઅ–ઈતની નિસ્બત મુઝે ક્યા કમ હે તૂ સમઝતા ક્યા હૈ**

**અર્થાત :** હે ઝાહિદ સંકૂચિત દૃષ્ટિવાળા ! તું તારી ઈબાદત પર નાઝ કરીને મને પણ હક઼ીર ન જાણ ! મારો મક઼ામ પર કાંઈ કમ નથી ! જો તને તારી ઈબાદત અઝાબે ઈલાહીથી બચાવી લેશે તો શું મને હબીબની શફાઅત નહીં બચાવી લે ! તું શું સમજે છે કે હુઝૂરના ક઼દમોથી નિસ્બત શું મામૂલી ચીજ છે ?! તેમના ક઼દમોની સાથે તો લાગીને જોડા (નઅલૈન પાક) અર્શની ઉપર ચાલ્યા જાય છે તો અમે શું પાછળ બેસી રહીશું ?!

*જો સરપે રખને કો મિલ જાએ નઅલે પાકે હુઝૂર–તો ફિર કહેંગે કે હાં ! તાજદાર હમ ભી હૈં*

**બે બસી હો મુઝે જબ પુર્સિશે આમાલ કે વક઼્ત–દોસ્તો ક્યા કહૂં ઉસ વક઼્ત તમન્ના ક્યા હૈ !**

**અર્થાત :** જ્યારે ફરિશ્તા મને જવાબ લેવા માટે બારગાહે રબ્બુલ ઈઝ઼્ઝતમાં લઈને જઈ રહ્યા હશે, તો એ વખતે મારી જે કૈફિયત તથા આરઝૂ હશે તે મારાથી જ સાંભળી લો ! હું મારા આક઼ા ﷺને જ પુકારીશ, અને મારી આહોઝારી (રૂદન) સાંભળીને રેશમથી વધુ નરમ દિલ પોતાના સીનામાં રાખનાર મહબૂબ ભલા મારી દસ્તગીરી નહીં કરે ! હું નથી માનતો કે મહબૂબને મારા પર દયા નહીં આવે.

*હુઝૂર ! એક તબસ્સુમ કી ભીક માંગતા હૂં–રસૂલે રહ઼મતો અમ્નો સખા સલામ અલૈક*
*બસ એક નિગાહે કરમ કી પુકાર હૈ સરકાર–અતાએ ખૈર કે ઈલ્તિજા સલામ અલૈક*

**એક મુજરિમનો હાલ અને દુરૂદની ફઝીલત :** ત્યાર બાદ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે શાનની સાથે ક઼યામતના મેદાનમાં એક મુજરિમનો નક઼શો રજૂ કર્યો છે. જો કે આજીજીનારૂપે પોતાનો જ ઉલ્લેખ કર્યો છે,

પરંતુ અસલમાં એ એક રિવાયત છે જે હઝરત કઅબ અહબાર رضی اللہ عنہથી મરવી છે કે જ્યારે ફરિશ્તા હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઉમ્મતમાંથી એક ગુનેહગારને ઘસેડીને લઈ જઈ રહ્યા હશે તો હઝરત આદમ علیہ السلام એ મન્ઝર જોઈને હુઝૂર ﷺને અવાજ આપશે કે તમારા ઉમ્મતીનો હાલ તો જુઓ ! હુઝૂર علیہ الصلوٰۃ والسلام ગુનેહગાર ઉમ્મતીને જોઈને બેક઼રાર થઈ જશે અને ફર્માવશે, હે ફરિશ્તાઓ ! રોકાય જાવ ! તેઓ અર્ઝ કરશે, હુઝૂર ! ﷺ આપના પર નાઝિલ થનારી કિતાબમાં છે : لَا يَعْصُوْنَ اللّٰهَ مَآ اَمَرَهُمْ وَ يَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ (એના પર સખત શક્તિશાળી ફરિશ્તા નિયુક્ત છે જેઓ અલ્લાહનો હુકમ નથી ટાળતા અને એમને જે હુકમ થાય છે તે જ કરે છે. *–સૂરએ તહરીમ, ૬૬/૬*) પછી એટલામાં નિદા આવશે, હે ફરિશ્તાઓ ! મારો હબીબ જે કહે છે એના મુતાબિક઼ જ કરો ! જેથી આપ ફર્માવશે, એને મીઝાન પર લઈ ચાલો, અને મારી સામે તેના અમલો તોલો. જ્યારે અમલો તોલવામાં આવશે તો નેકી નહિવત અને ગુનાહ બેહિસાબ હશે. હુઝૂર ﷺ પોતાના ખિસ્સામાંથી કાગળનો એક ટુકડો કાઢશે એને નેકીઓવાળા પલ્લામાં રાખીને ફર્માવશે, હવે તોલો ! હવે ગુનાહોવાળુ પલ્લુ હલકુ થઈ જશે અને નેકીઓવાળુ ભારે થઈ જશે, અને એ ગુનેહગારની બખ્શિશ થઈ જશે. એ મુજરિમ (જે હવે બખ્શીદેવામાં આવેલ છે) સરકાર علیہ الصلوٰۃ والسلامના દામનને થામીને અર્ઝ કરશે, આ કાગળનું શું છે અને આપ કોણ છો ? તો સરકાર ﷺ ફર્માવશે, હું તારો નબી છું ! અને આ કાગળ દુરૂદ શરીફ છે જે તેં મારા પર પઢયું હતું, અને મેં આજના દિવસ માટે જ તારા માટે સાચવી રાખ્યું હતું. તે દીવાનો ઝુમી ઉઠશે અને સરકાર علیہ الصلوٰۃ والسلامના ક઼દમોને બોસો આપીને અર્ઝ કરશે.

*યહ કહાં નસીબ મેરે, મેરા યહ મક઼ામ હોતા–કોઈ જઝબએ મુહબ્બત મેરે કામ આ ગયા હૈ*

આ રિવાયતને જોઈને અને એક મુજરિમ પર હુઝૂર ﷺનો કરમ જોઈને મહાન મહાન અવલિયાએ કિરામે તમન્ના કરી છે કે કાશ ! એ મુજરિમ અમે હોત ! આ'લા હઝરતે પણ અવલિયાએ કિરામની ઈત્તેબાઅ (અનુસરણ)માં આ કૈફિયત પોતાના ઉપર લાગુ કરી છે. જરા સાંભળો ! અને આપણા આક઼ા ﷺના કરમ પર કુર્બાન થઈ જાવ.

*ઉનકા કરમ ફિર ઉનકા કરમ હૈ–ઉન્કે કરમ કી બાત ન પૂછો*

**કાશ ! ફર્યાદ મેરી સુન કે યહ ફર્માએં હુઝૂર–હાં, કોઈ દેખો યહ ક્યા શોર હૈ ગોગા ક્યા હૈ**

**અર્થાત** : જ્યારે ફરિશ્તા મને ઘસેડીને જહન્નમની તરફ લઈ જઈ રહ્યા હોય તો કાશ ! કોઈ (આદમ علیہ السلام) મારા આક઼ા ﷺને ખબર કરે કે તમારા ગુનેહગારનો જરા હાલ તો જુઓ ! હુઝૂર ﷺ જ્યારે ધ્યાન કરે તો મારી ચીસ તથા પુકારનો અવાજ સાંભળીને આક઼ા પોતાના ગુલામોને ફર્માવે, જરા જુઓ તો શોર બકોર શાનો છે ?!

મેરે દુશ્મનો ન છેળો, મેરા હૈ કોઈ જહાંમેં–મૈં અભી પુકાર લુંગા નહીં દૂર હૈ મદીના

મેરે ડૂબને મેં બાક઼ી ન કોઈ કસર રહી થી–કહા "અલ મદદ મુહમ્મદ" તો ઉભર ગયા સફીના

**કૌન આફતઝદા હૈ કિસપે બલા તૂટી હૈ–કિસ મુસીબતમેં ગિરફતાર હૈ સદમા ક્યા હૈ**

**અર્થાત** : આ કોના પર શું મુસીબત તૂટી છે, કોને કઈ આફતે ઘેર્યો છે, આ બીચારો કોણ મુસીબતનો માર્યો છે ! એને પૂછો તેને શું તકલીફ પહોંચી છે, એ કેમ ધ્રુસ્કાં ભરી ભરીને આહોઝારી (રૂદન કકળાટ) કરી રહ્યો છે ?!

**કિસ સે કહતા હૈ કે લિલ્લાહ ખબર લિજીયે મેરી–ક્યૂં હૈ બેતાબ યહ બેચૈની કા રોના ક્યા હૈ ?!**

**અર્થાત :** (હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે) જરા જુઓ તો એ કોને કહી રહ્યો છે કે ખુદારા મારી ખબર લો અને મારી મદદ કરો, કેમ આટલી બેતાબી તથા બેચૈનીનું રૂદન રડી રહ્યો છે ?!

**ઉસકી બેચૈનીસે હૈ ખાતિરે અક઼દસ પે મલાલ–બેકસી કૈસી હૈ પૂછો કોઈ ગુઝરા ક્યા હૈ ?!**

**અર્થાત :** હુઝૂર ﷺનું ફર્માન સાંભળીને આપના ગુલામો દોડીને જશે અને ફરિશ્તાઓને કહેશે, હે ફરિશ્તાઓ ! આ કોણ છે ? એણે શું કર્યું છે ? એની ચીસો તથા બૂમો સાંભળીને તો અમારા આક઼ા علیہ الصلوٰۃ والسلام પણ બેચૈન તથા બેક઼રાર થઈ ગયા છે. જરા એને પૂછીને અમને જણાવો કે તેની સાથે શી ઘટના ઘટી છે ? જેથી એ બીચારાની કાંઈક મદદ કરવામાં આવે. સુબ્હાનલ્લાહ !

**યૂં મલાઈકા કરેં મઅરૂઝ કે ઈક મુજરિમ હૈ–ઉસસે પુર્સિશ હૈ બતા તૂને ક્યા ક્યા કિયા હૈ**

**અર્થાત :** જ્યારે હુઝૂર ﷺના ખાદિમે ખાસ ફરિશ્તાઓ સાથે આટલી વાત કરશે તો ફરિશ્તા જવાબ આપશે કે એ એક મુજરિમ (ગુનેહગાર) છે (નામ એનુ અહમદ રઝા છે) એને અમે હિસાબના માટે લઈ જઈએ છીએ. ત્યાં તેને પૂછવામાં આવશે, તેં ક્યા ક્યા ગુનાહ કર્યા છે ? બસ આટલી જ વાત છે જેના પર એ ચીખી રહેલ છે. જાણે છે ને ! પોતાનાં કરતૂતોને ! એટલા માટે મદદ માટે દુહાઈ આપી રહેલ છે.


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ–૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૭–૧૮નું બુકીંગ ચાલુ છે.

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.




❑ લેખક ❑

**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**

❑ અનુવાદકો ❑

**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)*

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ગઝવએ અહઝાબ

### *(ઝી કઅદા હિ.સ. ૫)*

તમે વાંચી ચૂક્યા છો કે રસૂલે અકરમ ﷺએ મદીના પહોંચીને યહૂદીઓથી પોતાની જાન માલની હિફાઝતનો કરાર કરી લીધો હતો. યહૂદીઓએ કરાર કરવા પૂરતો કરી લીધો હતો, પણ તેમને મુસલમાનોની પ્રગતિ ગમતી ન હતી. તેઓ ચુપકે ચુપકે સાઝિશો કરવા લાગ્યા. એ છુપી શરારતોને કારણે મુસલમાનોને ઘણુ નુકસાન થયું.

યહૂદીઓએ જંગે ઓહદ પછી જ મક્કાવાળાઓથી મળીને કરાર ભંગ શરૂ કરી આપ્યો હતો. કબીલા બનૂ નઝીરે જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર પથ્થર ગબડાવીને તેમને શહીદ કરવાની નાપાક સાઝિશ કરી હતી પણ પરવરદિગારે આલમે આપને એમની આ નાપાક સાઝિશથી બચાવી લીધા. એની સજા આપવાના માટે રસૂલે કરીમ ﷺએ બનૂ નઝીરનો લશ્કરી ઘેરાવ કર્યો. ઈસ્લામી લશ્કરને જોઈને યહૂદીઓ પોતાના કિલ્લાઓની અંદર છુપાઈ ગયા, અને ઈસ્લામી લશ્કરે કિલ્લાઓનો ઘેરાવ કરી લીધો. જ્યારે બે અઠવાડિયાં પસાર થઈ ગયાં તો તેમણે હુઝૂર ﷺથી દરખાસ્ત કરી કે તેમને મદીના છોડીને ક્યાંક ચાલ્યા જવાની ઈજાઝત આપવામાં આપી દેવામાં આવે. રસૂલ કરીમ ﷺએ તેમને ઈજાઝત આપી દીધી. એ લોકો મદીનાથી નીકળી ગયા. એમનામાંથી કેટલાક ખયબર પહોંચ્યા જે એમનું મર્કઝ (સેન્ટર) હતું. હવે એઓ ખયબર પહોંચીને પોતાને શક્તિશાળી તથા મજબૂત સમજવા લાગ્યા. મક્કાવાળાઓ સાથે સાઠગાંઠ કરી અને તેઓને મુસલમાનનો સાથે લડવા માટે તૈયાર કર્યા. આ રીતે યહૂદી તથા મક્કાના કાફિરોમાં સાંઠ ગાંઠ થઈ ગઈ અને ચોવીસ હજારનું એક જબરદસ્ત લશ્કર લઈને મદીના પર હુમ્લો કરવાના માટે રવાના થઈ ગયું.

એ વખતે મુસલમાનોની સંખ્યા કુલ ત્રણ હજાર હતી. રસૂલે અકરમ ﷺએ સહાબાથી મશ્વરો કર્યો કે જંગ કેવી રીતે લડવામાં આવે. હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہએ મશ્વરો આપ્યો કે મદીનાની આસપાસ ખંદક (ખાઈ) ખોદી નાખવામાં આવે અને મદીનામાં રહીને દુશ્મનો સાથે મુકાબલો કરવામાં આવે. આ મશ્વરા પર સર્વ લોકોએ એકમતિ દર્શાવી અને ખંદકનું ખોદકામ શરૂ થઈ ગયું. દસ દસ ગઝ જમીન દસ દસ માણસો વચ્ચે વહેંચી દેવામાં આવી. ખુદ રસૂલે અકરમ ﷺ પણ ખંદકના ખોદકામમાં સમાન રીતે શરીક રહ્યા.

લગભગ વીસ દિવસોમાં એ ખંદક તૈયાર થઈ. સદ્ નસીબે ખંદક કેવળ એક જ બાજુ ખોદાવવી પડી કેમ કે મદીના ત્રણ બાજુએ મકાનો અને ખજૂરોના ઝુંડ હતા, અને એ ત્રણેવ બાજુથી હુમ્લાની કોઈ શક્યતા ન હતી.

ખંદક તૈયાર થઈ જતાં રસૂલે આલી વક઼ાર صلی اللہ علیہ وسلمએ સ્ત્રીઓ તથા બાળકોને કિલ્લામાં સુરક્ષિત કરી દીધાં અને ત્રણ હજારનું ઈસ્લામી લશ્કર લઈને સલ્અ પહાડની તળેટીમાં તશરીફ લઈ ગયા. સલ્અ પહાડ આપની પીઠ તરફ હતો અને સામે ખંદક હતી આપે મુહાજિરીનોનો ઝંડો હઝરત ઝયદ બિન હારિષાના હાથમાં આપ્યો અને અન્સારના સેનાપતિ હઝરત સઅદ બિન ઓબાદાને બનાવ્યા.

અરબવાળાઓ માટે આ જંગ એક અજીબ ચીજ હતી. એટલા કાફિરો એ જોઈને આશ્ચર્યમાં પડી ગયા અને વિચારવા લાગ્યા કે લડાઈ થાય તો કેવી રીતે ?! હાથોહાથની લડાઈ તો નથી થઈ શકતી. બંને બાજુથી તીરંદાઝી તથા પથ્થરબાજી જરૂર થઈ.

દુશ્મનોએ કોશિશ કરી કોઈ રીતે ખંદકને પાર કરીને મુસલમાનો પર હુમ્લો કરવામાં આવે પરંતું તેમની કોશિશ નિષ્ફળ રહી. એક બાજુએથી ખંદક કાંઈક ઓછી પહોળી હતી ત્યાંથી કેટલાક મુશ્રિકોએ ખંદક પાર કરી લીધી. એમનામાંથી જે શખ્સ સૌથી આગળ વધ્યો તે એમનો મશહૂર તથા બહાદુર ઘોડે સવાર અમ્ર બિન અબ્દે વુદ હતો. તેણે આગળ વધીને ત્રણવાર કહ્યું, કોણે છે જે મારા મુક઼ાબલામાં આવે ?! દરેક વખતે હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે હું અલી ઈબ્ને તાલિબ ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ આપને રોક્યા કે હે અલી ! આ અમ્ર ઈબ્ને અબ્દે વુદ છે ! હઝરત અલી رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! હું સારી રીતે જાણુ છું કે આ અમ્ર ઈબ્ને અબ્દે વુદ છે પરંતુ હું એનાથી લડીશ. આ સાંભળીને રસૂલે આલી વક઼ાર صلی اللہ علیہ وسلمએ પોતાની ખાસ તલ્વાર ઝુલ્ફિક઼ાર હઝરત અલીના હાથમાં આપી એમના માથા પર અમામા બાંધ્યો, અને દુઆ ફર્માવી કે હે અલ્લાહ ! તું અલીની મદદ ફર્માવ ! હઝરત અલી શેરે ખુદા મુજાહિદાના શાન સાથે તેની સામે ઉભા થઈ ગયા અને બંનેવની વચ્ચે આ પ્રમાણે વાતચીત શરૂ થઈ.

હઝરત અલી رضی اللہ عنہ : હે અમ્ર બિન અબ્દે વુદ ! તું મુસલમાન થઈ જા !

અમ્ર બિન અબ્દે વુદ : એ મારાથી કદાપિ પણ નથી થઈ શકતું.

હઝરત અલી رضی اللہ عنہ : લડાઈથી પરત ચાલ્યો જા !

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : એ મને મંઝૂર નથી.

હઝરત અલી رضی اللہ عنہ : તો પછી મારી સાથે લડવા તૈયાર થઈ જા !

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : હસીને કહ્યું કે હું કદી એ વિચારી પણ શકતો ન હતો કે દુનિયામાં કોઈ મને જંગની દાવત આપશે.

હઝરત અલી رضی اللہ عنہ : પણ હું તારી સાથે લડવા ચાહું છું.

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : છેવટે તારું નામ શું છુ ?

હઝરત અલી رضی اللہ عنہ : અલી ઈબ્ને અબી તાલિબ

અમ્ર ઈબ્ને અબ્દે વુદ : હે ભત્રીજા ! તું હજી બહુ નાની વયનો છે. હું તારું

લોહી વહાવવું પસંદ નથી કરતો.

હઝરત અલી رضی اللہ عنہ : પરંતું હું તારું ખૂન વહાવવું બેહદ પસંદ કરું છું !

અમ્ર બિન અબ્દે વુદ આ રીતે ગુસ્સો ચઢાવે એવું વાક્ય સાંભળીને ગુસ્સાનો માર્યો કાબૂ બહાર થઈ ગયો. હઝરત અલી પગપાળા હતા તો તે પણ જોશનો માર્યો ઘોડા પરથી નીચે ઉતરી પડયો. ઘોડાના પગો કાપીને આગળ વધ્યો અને હઝરત અલી رضی اللہ عنہ પર ભરપુર વાર કર્યો. એ વાર એટલો સખ્ત હતો કે તલ્વાર ઢાલ તથા અમામાને કાપતી પેશાની પર પહોંચી ગઈ. ઝખ્મ બહું ગાઢ તો ન લાગ્યો છતાં જીવનભર એનું નિશાન પેશાની પર બાકી રહ્યું. હવે હઝરત અલી رضی اللہ عنہએ લલકારીને કહ્યું, હે અમ્ર બિન અબ્દે વુદ ! સંભલી જા ! હવે મારી વારી છે ! આવું કહીને શેરે ખુદાએ એવો જબરદસ્ત વાર કર્યો કે તલ્વાર તેના ખભાને કાપતી કમરથી નીચે ઉતરી ગઈ અને તે ત્યાં જ જમીન પર ઢગલો થઈ ગયો. ત્યારબાદ નુફલ ગુસ્સામાં ચૂર થઈને મેદાનમાં આવ્યો અને કહ્યું, કોણ છે મારાથી મુકાબલો કરે ?! હઝરત ઝુબૈર બિન અવ્વામ ઈસ્લામી જોશો ખરોશની સાથે તેના પર ઝપટયા અને પોતાની તલ્વાર વડે એક એવો વાર કર્યો કે તે બે ટુકડા થઈ ગયો. જ્યારે કાફિરોએ પોતાના બહાદુરોને આ રીતે ગાજર મૂળી જેમ કપાતા જોયા તો તેમની હિંમત તૂટી ગઈ અને મેદાન છોડીને ભાગી નીકળ્યા અને ખંદકને પેલે પાર જઈને પનાહ લીધી.

કાફિરોએ લગભગ એક મહિનો મદીનાનો ઘેરાવ કરી રાખ્યો જેના કારણે મુસલમાન પરેશાનીઓમાં સપડાયા, અને કાફિરો પણ ગભરાય ઉઠયા. તેઓ તો લૂટમારના આદી હતા. જામીને લડવું એમના વશની વાત ન હતી. ચોવીસ હજારના લશ્કરના ખાવા પીવાની વ્યવસ્થા કોઈ સરળ કામ ન હતું. તેમનો ખાવા પીવાનો સામાન ખત્મ થઈ ગયો. જાનવરો ભૂખે મરવા લાગ્યાં. સખત ઠંડીની મોસમ હતી. કાફિરો તંગ આવી ગયા. એક રાત્રે જોરદાર તોફાન આવ્યું, તેમના તંબૂઓ ઉખડી ગયા. ચુલાઓ પરથી હાંડલીઓ ઉલટ પલટ થઈ ગઈ. કાફિરો હોશહવાસ વિનાના થઈ ગયા. સવાર થતાં જ કુરૈશના સરદાર અબૂ સુફયાને મક્કાનો રસ્તો પકડયો અને અન્ય કબીલાઓ જે તેમની સાથે તેઓ પણ પાછા ચાલ્યા ગયા.

એ જંગમાં મક્કાના કાફિરો ઉપરાંત અરબના ઘણા કબીલાઓએ ભાગ લીધો હતો એટલા માટે એ જંગને ગઝવએ અહઝાબ કહેવામાં આવે છે. હિઝ્બ અરબી શબ્દ છે જેનો અર્થ જમાઅત છે અને તે બહુવચન અહઝાબ છે જેનો અર્થ થયો ઘણી જમાઅતો.

અને એ જંગમાં મદીનાની આસપાસ ખંદક ખોદવામાં આવી હતી એટલા માટે એને ગઝવએ ખંદક પણ કહે છે. ......*(ક્રમશઃ)*

**ઈન્તેકાલ પુરમલાલ !** **મુંબઈ** : ખાતે ૧૬/૧૨/૨૦૧૭ શનિવારના રોજ મશ્હૂર નઅતખ્વાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ અહમદ સાહબનો યુવાન વયે ઈન્તેકાલ થયો એ સમાચાર વાયુવેગે ફેલાતાં જગતભરમાં ચાહકોમાં ગમગીની છવાઈ ગઈ હતી. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ તથા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ ઉપરાંત જગતભરમાં વિવિધ દારુલ ઉલૂમો તથા ઈદારાઓમાં મર્હૂમ માટે મગફિરતની, દરજાતની બુલંદીની દુઆઓ કરવામાં આવી. રબ્બે કરીમ મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, સર્વ ચાહકોને, ઘરવાળાંઓને સબ્રે જમીલ અતા કરે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 4 પયગમ્બરે ઈસ્લામ ﷺ

રજૂકર્તા : **હાફેઝ મૂસા વેમી ઝંઘારવી** *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### સ્ત્રીઓ પર મહેરબાની, કૃપા

ઈસ્લામના આગમન પહેલાં માનવજાતની સ્ત્રી જાતિ જુલ્મ સિતમની ખાઈમાં ધકેલાઈ ગઈ હતી અને પુરૂષોના જુલ્મ, જબરદસ્તી માટેનું એક સાધન હતું. અરબ દેશમાં લગ્ન માટે સ્ત્રીઓની કોઈ હદ નક્કી ન હતી. જેમ કે હઝરત ગીલાન ષક્ફી ઈમાન લાવ્યા તો તે સમયે એમને દસ સ્ત્રીઓ હતી. જ્યારે કોઈ વ્યક્તિ મૃત્યુ પામતો તો તેના પુત્રના વારસામાં તેની મતરાઈ માતા પણ આવતી, તે પોતે તેણી સાથે લગ્ન કરી લેતો, અથવા પોતાના ભાઈને કે નજીકના સગા સંબંધીઓને લગ્ન માટે આપી દેતો, નહીંતર તેણીને બીજીવાર લગ્ન કરવાથી રોકી દેતો. આ રીતે પણ ઘણી ખરાબીઓ હતી જેનું વર્ણન આગળ વાંચી ગયા છો.

હિંદુસ્તાનમાં બહુપત્નીત્વ અને ન્યોગ (બીજાથી નુત્ફો લેવા)ને જાઈઝ સમજવામાં આવતુ હતું. જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામતો તો તેણી વિધવા ગણાતી. અને વિધવા સ્ત્રી પૂરી જિંદગી બીજુ લગ્ન કરી શકતી ન હતી. એમની કેટલીક કૌમોમાં તો (હિંદુ ધર્મના કાયદા મુજબ) તેણીઓને પતિના મૃત્યુ પછી પોતાને જીવંત રહેવાનો કોઈ અધિકાર રહેતો ન હતો અને તેણીએ પતિની સાથે જ સતિ થઈ જવું પડતું (સતિ એટલે પતિની ચિતામાં પત્નીએ પણ જીવતી સળગી જવું અને તે પવિત્ર ગણાતી !). આશ્ચર્યની વાત તો એ કે આ ભૂંડો કાયદો ફક્ત સ્ત્રીને જ લાગુ પડતો, સ્ત્રીના (પત્ની)ના મૃત્યુ સાથે પુરૂષ (પતિ) ચિતામાં કૂદતો નહીં ! બલ્કે તે તો એકને બદલે અનેક પત્નીઓ કરી શકતો !

કેટલાક દેશો જેમ કે તિબેટમાં રિવાજ હતો કે, સ્ત્રી એક મર્દ સાથે લગ્ન કરતી તો તેના જેટલા ભાઈઓ હોય તે બધાની એ પત્ની સમજવામાં આવતી. અગ્નિપૂજકોમાં પુત્રી અને માતા સાથે પણ લગ્ન કરવું જાઈઝ સમજવામાં આવતુ હતું.

મસીહી (ખ્રિસ્તીઓ)ની ધાર્મિક કિતાબોમાં પણ સ્ત્રીની ઈજ્જત અને એહતેરામની તા'લીમ અપાયેલી હોય તેવું બિલ્કુલ દેખાતું જ નથી. ખુદ મસીહ (ઈસા) પોતાની માતા માટે "હે ઔરત"નો શબ્દ વાપરે છે. (યુહુન્ના, બાબ : ૧૯, આયત : ૨૬) (શક્ય છે આ ફેરફારવાળી બાઈબલમાં હોય. –પ્રકાશક) વળી જુલ્મ તો જુઓ કે પતિ નાર્મદ હોય, પાગલ, ગાંડો હોય કે પૂરી જિંદગી માટે સજા ભોગવતો હોય આવી પરિસ્થિતિમાં પત્નીએ પતિથી છૂટકારો મેળવવા માટેના કોઈ નીતિ નિયમો બતાવ્યા જ નથી પણ એ કે તેવા સંજોગોમાં તેણી ઝિનાકારી કરાવી શકે.

*–(મતી, બાબ : ૫, આયત : ૩૨, બાબ : ૧૯, આયત : ૯)*

જઝીરા પાપુઆ (ન્યુગિની)ના પહેલાં જમાનાના લોકોની હાલત જાણવા મળી છે તે મુજબ જણાય છે કે, "પતિ પોતાની પત્ની ઉપર સંપૂર્ણ હક્ક ધરાવે છે કે તેણી તેનો માલ હતી, કારણ કે પતિ તેના માટે અમુક રકમ અદા કરતો હોય છે. કેટલીક

પરિસ્થિતિમાં તો તે તેણીને કતલ પણ કરી શક્તો.

*–(નેલસનની ઈન્સાક્લોપિડીયા, સ્ત્રીઓના પ્રકરણમાં)*

**દુનિયાના કોઈપણ ધર્મમાં મા, બાપ અથવા પતિના વારસામાં સ્ત્રીને વારસાઈ મેળવવાનો કોઈ જ હક્ક઼ ન હતો ! અને આજ સુધી જોઈએ તો ઈસ્લામ સિવાય કોઈ પણ ધર્મએ સ્ત્રીને વારસામાં હક્ક઼દાર ઠરાવી નથી.**

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامના તશરીફ લાવવાથી આ બેઈજ્જતીની ઊંડી ખાઈમાં પડેલી નાઝુક, મઝલૂમ એક સ્ત્રી જાતિને એનો હક્ક઼ મળ્યો છે જે દુનિયાના કોઈ ધર્મથી એને મળ્યો નથી. હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ ઈજ્જત, એહતેરામના બારામાં સ્ત્રીઓને પુરૂષો જેટલો જ હક્ક઼ આપ્યો છે અને ઉપરની વર્ણન થયેલી જેટલીય બુરાઈઓ હતી તેનો સફાયો કર્યો છે.

ઈસ્લામના આગમન પહેલાં બહુપત્નીત્વની કોઈ હદ ન હતી, જેમ કે ઉપર વર્ણન થયું. ઈસ્લામે એને ખાસ જરૂરત પ્રસંગે વધુમાં વધુ ચાર પત્નીની હદ નક્કી કરી આપી. અને તેમાં પણ એણે ચારેવ અથવા એકથી વધુ હોય તેની સાથે ઈન્સાફ કરવાનું જરૂરી ગણાવ્યું. અને જો ઈન્સાફ ન કરી શકે તેમ હોય તેણે એક જ પત્ની કરવા જણાવ્યું. પુરૂષ સ્ત્રી ઉપર હાકિમ છે એટલા માટે રૈયત (પ્રજા) હોવામાં તેણી પત્ની તરીક઼ે એકથી વધુ જાઈઝ રાખવામાં આવી, પરંતુ હાકિમની સંખ્યા એકથી વધુ જાઈઝ થઈ શક્તી નથી એટલા માટે કે એક ઔરતના અનેક પતિ (હાકિમ) નથી થઈ શક્તા. કુર્આને કરીમમાં મહરમ, નામહરમનું વિગતવાર બયાન છે. જેમ કે મા, બેટી મહરમમાં ગણાવેલ છે. ઉપરાંત આત્મહત્યા કોઈપણ પ્રકારની હોય હરામ મના છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : (نساء ٢٩) وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ "અને ન મારી નાખો પોતે પોતાને." *(સૂ. નિસાઅ, ૪/૨૯)*

## ★ સામાજિક વ્યવહારમાં સદ્‌વર્તન ★

અલ્લાહ તબારક વ તઆલા ક઼લામે પાકમાં ફર્માવે છે કે, وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ "તેણીઓથી સારી વર્તણૂંક રાખો." *(સૂરએ નિસાઅ, ૪/૧૯)*

જો પત્ની ચારિત્ર્ય અને વ્યવહારિક બાબતોમાં શરીઅતના ફર્માન મુજબ ન વર્તે તો પતિને એને ક઼તલ કરવાનો હક્ક઼ નથી, પરંતુ તેણીને સમજાવવાનો પ્રયત્ન કરે. છતાં જો ન સમજે તો ઘરમાં જ એનાથી સૂવાનું અલગ કરી દે, છતાં ન સમજે અને મારવાની જરૂરત પડી તો તેણીને એવું ન મારે કે તેણીને નિશાન પડે. મતલબ વધારે ન મારે, ફક્ત ચીમકી રૂપે જ હાથ વાપરે. જેમ કે કુર્આન મજીદમાં ફર્માન છે કે :

وَالّٰتِیْ تَخَافُوْنَ نُشُوْزَهُنَّ فَعِظُوْهُنَّ وَاهْجُرُوْهُنَّ فِی الْمَضَاجِعِ وَاضْرِبُوْهُنَّ ۚ

"અને જે સ્ત્રીઓની નાફર્માનીનો ડર હોય તો પ્રથમ એને નસીહત કરો. અને ખ્વાબગાહ (સૂવાની જગા)માં અલગ કરી દો અને (છતાં ન સમજે તો) એને મારો." *(સૂ. નિસાઅ, ૪/૩૪)*

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે કે, "خَيْرُكُمْ خَيْرُكُمْ لِاَهْلِهٖ وَاَنَا خَيْرُكُمْ لِاَهْلِيْ" "તમારામાં સૌથી સારો તે છે જે પોતાના ઘરવાળાંઓ સાથે સારો (વર્તાવ કરે) છે. અને હું મારા ઘરવાળાઓ માટે સૌથી સારો છું."

હુઝૂરે અક઼દસ علیہ الصلوٰۃ والسلامએ પુરૂષોને સ્ત્રીઓની બદ્‌ઝબાની, દુવ્યવહારની બાબત સબ્ર કરવાની આ રીતે વસિયત કરી છે :–

اِسْتَوْصُوْا بِالنِّسَاءِ خَيْرًا فَاِنَّ الْمَرْاَةَ خُلِقَتْ مِنْ ضِلَعٍ وَّاِنَّ اَعْوَجَ شَيْءٍ فِي الضِّلَعِ اَعْلَاهُ فَاِنْ ذَهَبْتَ تُقِيْمُهٗ كَسَرْتَهٗ وَاِنْ تَرَكْتَهٗ لَمْ يَزَلْ اَعْوَجَ فَاسْتَوْصُوْا بِالنِّسَاءِ. (6)

**અર્થાત** : હું જે તમોને સ્ત્રીઓ સાથે સદ્‌વર્તન કરવાની વસિયત કરું છું, તમે મારી વસિયતને ક઼બૂલ

કરો. કારણે કે સ્ત્રીને ડાબી પાંસળીથી પેદા કરવામાં આવી છે અને ડાબી પાંસળીમાં સૌથી વધુ વાંકી ચીજ એનો ઉપરનો ભાગ છે. જો તમે એને સીધી કરવાનો પ્રયાસ કરશો તો એને ભાગી નાખશો, અને જો એના હાલ પર છોડી દેશો તો વાંકી રહેશે. માટે તમે સ્ત્રીઓ બાબત મારી વસિયત કૂબૂલ કરો.

*–(બુખારી : બાબુ ખુલ્કે આદમ વ ઝુર્રિયહ)*

નબીએ કરીમ ﷺ સ્ત્રીઓ પર એટલા મહેરબાન હતા કે જો આપ નમાઝ પઢતા હોય અને નાનાં બચ્ચાના રડવાનો અવાજ સાંભળતા તો તેની માતાને થતી તકલીફ, ચિંતાનો ખયાલ કરીને નમાઝ ટૂંકાવી આપતા. *(બુખારી, બાબુલ ઈજાઝ ફિસ્સલાત વલ માલહા)*

આપ હઝરત علیہ الصلوٰۃ والسلامનો એક હબશી ગુલામ અન્જશા નામનો હતો. તે ઊંટોની આગળ હુદી પઢયા કરતો. એક વેળા સફરમાં ઉમ્મહાતુલ મો'મિનીન (નબી ﷺની પવિત્ર બીબીઓ) પણ સાથે હતી, ઊંટો ખૂબ જલ્દી ચાલવા લાગ્યાં, તો હુઝૂરે અક્દસ علیہ الصلوٰۃ والسلامએ ગુલામને કહ્યું, અન્જશા ! જો (ધ્યાન રાખ !) કાચને (સ્ત્રીઓને) ધીમેથી લઈ ચાલ ! *(બુખારી, કિતાબુલ અદબ)*

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہا મક્કા શરીફમાં ઝુબેર બિન અવ્વામના નિકાહમાં હતાં. હઝરત ઝુબૈર પાસે એક ઘોડો અને એક પાણી લાવનાર ઊંટ સિવાય બીજી કોઈ માલ મિલ્કત જેવું હતું નહીં. એટલા માટે હઝરત અસ્મા رضی اللہ عنہا ઘરકામ કરવા ઉપરાંત ઘોડા માટે ઘાસચારો લાવતાં અને ઊંટને ખજૂરના ઠળિયા ખાંડીને ખવડાવતાં. જેમ કે હઝરત અસ્મા رضی اللہ عنہا કહે છે કે, હું તે જમીનથી કે જે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ (હિજરત પછી અમ્વાલ બની નુદેરમાંથી) હઝરત ઝુબૈર رضی اللہ عنہને આપી હતી અને મારા ઘરથી બે માઈલ દૂર હતી ત્યાંથી ખજૂરના ઠળિયા માથે ઊંચકીને લાવ્યા કરતી હતી. એક દિવસે હું આવી રહી હતી અને ઠળિયાનું પોટલુ મારા માથા પર હતું. આ સ્થિતિમાં મારી નજર સરકાર علیہ الصلوٰۃ والسلام પર પડી. આપની સાથે અન્સારના અમુક લોકો હતા. આપે મને બૂમ પાડી અને પોતાનું ઊંટ બેસાડી દીધું કે મને પાછળ બેસાડી દે, પરંતુ બીજા લોકોની હાજરીમાં સાથે ચાલવાથી શરમાઈ ગઈ. આપ علیہ الصلوٰۃ والسلام આગળ ચાલ્યા ગયા. થોડાક સમય પછી (હઝરત સૈયદના સિદ્દીકે અકબર) મારા પિતાએ મારા માટે એક નોકરાની મોકલી આપી જે ઘોડાની દેખભાળ કરતી. એ રીતે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ (મારા પિતાએ) મને ગુલામીમાંથી આઝાદ કરી આપી.

સહીહ મુસ્લિમ શરીફની બીજી રિવાયતમાં હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہ બયાન કરે છે કે, "હું હઝરત ઝુબૈર બિન અવ્વામના ત્યાં કામ કરતી, તેમનો એક ઘોડો હતો, તેની દેખભાળ કરવાની મારા માથે જવાબદારી હતી. ઘોડાની દેખરેખથી વધુ મુશ્કેલ જવાબદારી બીજી કોઈ ન હતી. હું એના માટે ઘાસચારો લાવતી, એની સેવાચાકરી કરતી. કેટલાક સમય પછી રસૂલુલ્લાહ ﷺ પાસે ગુલામો આવ્યા તેમાંથી એક ખાદિમા (કામ કરનારી) હઝરત અસ્મા رضی اللہ عنہاને અર્પણ કરી જે ઘોડાની દેખભાળ કર્યા કરતી હતી. *(સહીહ મુસ્લિમ)*

બંને રિવાયતોમાં કોઈ વિરોધાભાસી બયાન નથી બલ્કે તેમનો બંનેનો મેળાપ એ રીતે થઈ શકે છે કે, આપ علیہ الصلوٰۃ والسلامએ એ લોંડી (કામ કરનારી)ને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને મોકલી આપી હોય કે તેઓ હઝરત અસ્મા (જે એમની બેટી જ થાય)ને પહોંચાડી આપે. ......*(ક્રમશઃ)*

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### આયતે કરીમાની ફઝીલત તથા ફાયદા

ત્યારબાદ ફર્માવ્યું કે ખત્મુલ મુજતહિદીન અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہની કિતાબ બકિય્યહમાં લખેલું જોયું છે કે મને એ વાતનું ઘણુ આશ્ચર્ય છે કે ચાર ચીજોથી ચાર ગિરોહ ગાફેલ છે : એક તે ગિરોહ જે ગમમાં સપડાયેલ હોય તેમ છતાં لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّىْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ (**લાઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાનક ઈન્ની કુન્તુ મિનઝ્ઝાલિમીન.** "કોઈ મઅબૂદ નથી તારા સિવાય, પાકી છે તને. બેશક ! મારાથી અયોગ્ય થયું. *સૂ. અંબિયા, ૨/૮૭*) ન કહે. એ વાસ્તે કે અલ્લાહ તઆલા કુર્આન મજીદમાં ફર્માવે છે :–

فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَنَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ۭ وَكَذٰلِكَ نُـْجِي الْمُؤْمِنِيْنَ

"તો અમે એની પોકાર સાંભળી લીધી અને તેને ગમથી નજાત બખ્શી અને એવી જ નજાત આપીશું મુસલમાનોને." *(સૂ. અંબિયા, ૨૧/૮૮)*

### ગમ દૂર કરવાનો ઈલાજ

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે હઝરત ઐયૂબ علیہ السلام બીમારીની બલામાં સપડાયા તો ૪૦ વરસો સુધી તકલીફ ઉઠાવી. જ્યારે નજાતનો સમય નજીક આવ્યો તો દુઆ કરી. હુકમ થયો કે لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّىْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ખૂબ જ પઢ. થોડાક દિવસ આ કલમો પઢયો તો હક્ક તઆલાએ આપને આ મુસીબતથી નજાત ઈનાયત કરી.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર એક યુવાનને હારૂન રશીદે કુસૂરના સબબે કૈદ કરી દીધો. પછી તેને હલાક કરવા ચાહયો. એક બુઝુર્ગે તેને ખૂબ જ ગમગીન જોઈને હાલ પૂછયો. હાલત અર્ઝ કરી તો ફર્માવ્યું કે આ આયત પઢયા કરો. થોડાક દિવસ પઢી તો તે મુક્ત થઈ ગયો અને ખાસ સન્માનથી નવાઝવામાં આવ્યો.

### દરેક પ્રકારના નુકસાનથી બચવાનો ઈલાજ

ત્યારબાદ ફર્માવ્યું, બીજો તે ગિરોહ જે કોઈનાથી ડરે છે પરંતુ حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ **હસ્બુનલ્લાહુ વનિઅમલ વકીલ.** "અલ્લાહ અમારા માટે પૂરતો છે અને કેટલો સારો કામ બનાવનાર." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૭૩)* નથી કહેતો. એટલા માટે કે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું છે :

فَانْقَلَبُوْا بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ لَّمْ يَمْسَسْهُمْ سُوْٓءٌ

"તો પલટયા અલ્લાહના એહસાન તથા ફઝ્લથી કે તેમને કોઈ બુરાઈ ન પહોંચી." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૭૪)*

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર એક બાદશાહે જે પાગલ થઈ ગયો હતો તેણે ખુદાઈનો દાવો કર્યો. તેણે

વિચાર્યું કે હું શું હીલો કરું તો મારા પગ જામી જાય. તેનો વઝીર ધોકાબાઝ હતો તેણે કહ્યું કે શહેરમાંના દાનિશમંદ લોકોને પબ્લિકમાંથી કેદ કરી લો તો કોઈ ઉલઝન નહીં રહે. એ જ અરસામાં ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہના મુરીદોમાંથી એક બુઝુર્ગ ગિરફતાર થઈને આવ્યા. તે આ કલ્મો ખૂબ જ અધિક પ્રમાણમાં કહ્યા કરતા હતા. બાદશાહ તેમને જોતાં જ તખ્ત પટથી ઉતરી આવ્યો અને માફી માગી અને કહ્યું, એને છોડી દો ! અને માન સન્માનથી વિદાય કર્યા. એ બાદશાહે કહ્યું કે જ્યારે એ બુઝુર્ગને લાવવામાં આવ્યા તો તેમના ડાબે જમણે બે અજગરો મને જોવા મળ્યા, જેમનો એક હોઠ જમીન પર અને બીજો આસ્માન પર હતો અને મોઢેથી આગ વેરી રહ્યા હતા. તેમણે મને ગળી જવા ચાહ્યું. મેં આજિઝી વર્તી. કહેવામાં આવ્યું કે એ બુઝુર્ગથી દૂર રહેજે નહીં તો અમે તમને હલાક કરી દઈશું. જ્યારે એ બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે આપ કેવી રીતે મુક્ત થયા ? તો ફર્માવ્યું કે :–

حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِيْلُ۔ نِعْمَ الْمَوْلٰى وَ نِعْمَ النَّصِيْرُ

ઘણી જ વેળા પઢયા કરતો હતો. જે શખ્સ આ કલમાને ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે છે તેને કોઈ ચીજ નુકસાન નથી કરતી.

## કોઈના ડર તથા ધોકાથી બચવાનો ઈલાજ

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ત્રીજો ગિરોહ તે છે જે લોકોના ધોકાથી ડરે અને

وَاُفَوِّضُ اَمْرِیْۤ اِلَى اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ بَصِیْرٌۢ بِالْعِبَادِ

**"ઉફવ્વિદુ અમ્રિ ઈલલ્લાહિ ઈન્નલ્લાહ બસીરુમ બિલ્ઈબાદ."** "હું મારાં કામ અલ્લાહને સોંપુ છું. બેશક ! અલ્લાહ બંદાઓને જુએ છે" *(સૂ. ગાફિર, ૪૦/૪૪)* ન પઢે. એટલા માટે કે કુર્આને કરીમમાં અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَوَقٰىهُ اللّٰهُ سَيِّاٰتِ مَا مَكَرُوْا "તો અલ્લાહે એને બચાવી લીધો એના ધોકાની બુરાઈઓથી."

*(સૂ. ગાફિર, ૪૦/૪૫)*

પછી શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ જ્યારે હજ્જાજ ઈબ્ને યૂસુફની પાસે જતા તો આ આયત પઢતા. હજ્જાજ ઈબ્ને યૂસુફ સોગંદ ખાઈને કહેતો હતો કે મને કોઈનાથી એટલો ડર નથી લાગતો જેટલો ખ્વાજા હસન બસરીથી લાગે છે. જ્યારે તે ચહેરો જ દેખાડે છે તો હું કાંપી ઉઠુ છું. તેમની સાથે બે સિંહો આવે છે તે જાણે મને હમણા જ ફાડી ખાશે એવું લાગે છે.

## માશા અલ્લાહ કલમાની ફઝીલત

ત્યારબાદ ફર્માવ્યું કે ચોથો ગિરોહ તે જે બહિશ્ત (જન્નત)ની તરફ વળેલો છે પણ مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ **(માશા અલ્લાહુ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.** "જે ચાહે અલ્લાહ, અમારામાં કોઈ જોર નથી પણ અલ્લાહની મદદનું." *–સૂરએ કહફ, ૧૮/૩૯)* નથી કહેતો. રબ ફર્માવે છે : فَعَسٰى رَبِّیْۤ اَنْ یُّؤْتِیَنِ خَیْرًا مِّنْ جَنَّتِكَ "તો નજીક છે કે મારો રબ મને તારા બાગ કરતાં સારો આપે." *(સૂ. કહફ, ૧૮/૪૦)*

ત્યારબાદ ફર્માવ્યું કે તાબઈનના આષારમાં લખેલું જોયું છે કે એકવાર એક યુવાન અતિ ફાસિક્ હમેશાં બદકારીમાં મશગૂલ રહેતો પરંતુ સૂતી વખતે આ કલમાને ઘણીવાર પઢયા કરતો હતો. જ્યારે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે જન્નતમાં ટહેલી રહ્યો છે. આશ્ચર્ય પામીને પૂછયું તો કહ્યું, જો કે હું એ કામ કરતો હતો, પરંતુ સવાર સાંજ આ કલમા مَا شَآءَ اللّٰهُ ۙ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ખૂબ જ પ્રમાણમાં પઢયા કરતો હતો. મને જે સઆદત નસીબ થઈ તે એના જ સબબે થઈ છે.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# ક઼ાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## તલાક઼નું બયાન

નિકાહ વડે પતિ પત્ની પાબંદ થઈ જાય છે, એ પાબંદીને ઉઠાવી દેવાનું નામ તલાક઼ છે. તલાક઼ માટે અમુક શબ્દો નિશ્ચિત છે જેનું વર્ણન આગળ આવશે. તલાક઼ના બે પ્રકાર છે : એક એ કે તે જ ઘડીએ નિકાહથી બહાર થઈ જાય, તેને "બાઈન" કહે છે. બીજી એ કે ઈદ્દત ગુજરતાં બહાર થશે તેને "રજઈ" કહે છે.

**મસ્અલા** : તલાક઼ આપવી જાઈઝ છે પણ શરઈ કારણ વિના મના છે અને શરઈ કારણ હોય તો મુબાહ છે બલ્કે અમુક સંજોગોમાં મુસ્તહબ છે. (જેમ કે સ્ત્રી તેને અથવા અન્યોને તકલીફ આપે છે અથવા નમાઝ નથી પઢતી) અને કેટલાક સંજોગોમાં તલાક આપવી વાજિબ છે. (જેમ કે પતિ નાર્મદ કે હિજડો છે અથવા તેના પર કોઈકે જાદૂ કે અમલ કરી દીધો છે કે સંભોગ નથી કરી શક્તો અને તેના નિવારણનો પણ કોઈ માર્ગ નથી જોવા મળતો. તો આવા સંજોગોમાં તલાક઼ ન આપવી સખત તકલીફ પહોંચાડવું છે.) *(દુર્રે મુખ્તાર, બિહાર વગેરે)*

**મસ્અલા** : તલાક઼ના ત્રણ તરીક઼ા છે :–

(૧) હસન (૨) અહસન (૩) બિદઈ. "તલાક઼ે અહસન" આપવાની સ્થિતિ એ છે કે જે પાકીમાં સંભોગ ન કર્યો હોય તેમાં એક રજઈ તલાક઼ આપે અને રહેવા દે ત્યાં સુધી કે ઈદ્દત ગુજરી જાય, આ અહસન છે. અને "તલાક઼ે હસન" એ છે કે ગૈર મૌતૂઆને તલાક઼ આપી કે મૌતૂઆને ત્રણ પાકીના અરસા ત્રણ તલાક઼ો આપી એ શરતે કે એ પાકીઓમાં સંભોગ ન કર્યો હોય ન હૈઝમાં અથવા ત્રણ મહીનામાં ત્રણ તલાક઼ો તે ઔરતને આપી જેને હૈઝ નથી આવતું. (જેમ કે નાબાલિગ અથવા સગર્ભા અથવા હૈઝ આવવાનો કાળ વિતાવી ચૂકેલી) આ સર્વ સંજોગોમાં તલાક "અહસન" છે. "બદઈ" એ છે કે એક પાકીના ગાળામાં બે કે ત્રણ તલાક઼ો આપી દે (ચાહે ત્રણ વાર થઈને કે બે વાર કે પછી એક જ વેળામાં, ચાહે ત્રણ વાર શબ્દો કહે અથવા એવું કહે કે તને ત્રણ તલાક઼ો !) અથવા એક પાકીના ગાળામાં એક જ તલાક આપી પણ એ પાકીના ગાળામાં સંભોગ કર્યો હતો અથવા એ હૈઝમાં તલાક઼ આપી હતી અથવા આ સૌ વાતો નથી પણ પાકીના ગાળામાં "તલાક઼ે બાઈન" આપી તો આ તમામ સ્થિતિઓ "બદઈ" તલાક઼ની છે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : જો હૈઝમાં તલાક઼ આપી તો રજઅત વાજિબ છે એટલા માટે કે એ હાલતમાં તલાક઼ આપવી ગુનોહ હતો, જો તલાક઼ આપવી જ છે તો તે હૈઝ પછી પાકીનો ગાળો વહી જાય પછી હૈઝ આવીને પાક થાય તો હવે આપી શકે છે. એ તે વખતે છે કે સંભોગ વડે રજઅત કરી હોય. અથવા જો કથનથી યા ચુંબન થકી અથવા સ્પર્શવાળી રજઅત કરી હોય તો તે હૈઝ બાદ જે પાકીનો ગાળો છે તેમાં પણ તલાક઼ આપી શકે છે. (જૌહરા તથા બહાર વગેરે)

**મસ્અલા** : એવી મૌતૂઆ જેને હૈઝ આવે છે તેને કહ્યું તને સુન્નતના પ્રમાણે બે કે ત્રણ તલાક઼ો, તો તેનાથી દરેક પાકીના ગાળામાં એક તલાક઼ લાગુ થશે. પ્રથમ એ પાકીના ગાળામાં થશે જેમાં વતી ન કરવામાં આવી હોય.

**મસ્અલા** : જેને હૈઝ આવતું હોય એવી **મૌતૂઆ**ને હૈઝથી પાક થવાના સમયમાં જો સંભોગ

ન કર્યો હોય અને કહેવામાં આવ્યું કે તને સુન્નત પ્રમાણે બે યા ત્રણ તલાક઼ આપું છું તો એક તલાક઼ તાત્કાલિક (તરત જ) લાગુ પડશે.

**મસ્અલા** : જે **મૌતૂઆ**ને હૈઝ આવે છે એને હૈઝની હાલતમાં કહેવામાં આવ્યું કે તને સુન્નત પ્રમાણે બે યા ત્રણ તલાક઼ આપું છું તો હૈઝ પછીના પાકીના સમયમાં પહેલી તલાક઼ લાગુ પડશે.

**મસ્અલા** : જે **મૌતૂઆ**ને હૈઝ આવે છે એને હૈઝ આવતું હોય એને હૈઝથી પાક થયા પછીના સમયમાં જો સંભોગ કર્યો હોય અને તેને કહેવામાં આવ્યું કે તને સુન્નત મુજબ બે કે ત્રણ તલાક઼ આપું છું તો હવે પછીના હૈઝથી પાક થયેલી પહેલી તલાક઼ લાગુ પડશે.

**મસ્અલા** : **ગૈર મૌતૂઆ**ને કહેવામાં આવ્યું કે તને સુન્નત મુજબ બે કે ત્રણ તલાક આપું છું તો એક તલાક઼ તાત્કાલિક જ લાગુ પડશે (ભલે તે હૈઝનો સમય હોય) બાકી તે વખતે લાગુ પડશે કે એનાથી નિકાહ કરે. (કારણ કે પહેલી તલાક઼થી જ **બાઈન** થઈ ગઈ, નિકાહમાંથી નીકળી ગઈ. બીજી તલાક઼નો અવકાશ જ ન રહ્યો.)

**મસ્અલા** : જેને હૈઝ નથી આવતું એવી **મૌતૂઆ**ને કહેવામાં આવ્યું કે તને સુન્નત મુજબ બે કે ત્રણ તલાક઼ આપુ છું તો એક તલાક઼ તાત્કાલિક (તે જ ઘડીએ) લાગુ પડશે. બીજા મહીને બીજી અને ત્રીજા મહિને ત્રીજી લાગુ પડશે.

**મસ્અલા** : જો ઓરતને એમ કહેવામાં આવ્યું કે તને સુન્નત મુજબ બે કે ત્રણ તલાક઼. જો એવું કહેવા પાછળ તેની એવી નિય્યત હોય કે ત્રણે તલાક઼ અત્યારે જ લાગુ પડે અથવા દર મહિનાની શરૂઆતમાં એક તલાક઼ લાગુ પડે તો એ નિય્યત પણ સહીહ ગણાશે. પરંતુ **ગૈર મૌતૂઆ** માટે એવી નિય્યત કરવી કે દર મહિને એક લાગુ પડે તે બેકાર છે. કેમ કે પહેલી તલાક઼થી જ છૂટી થઈ જશે બીજીની જરૂર નહીં રહેવા પામે.

*–(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : તલાક માટે શર્ત એ છે કે પતિ બાલિગ તથા અકલમંદ હોય. ગાંડો કે મજનૂ પોતે તલાક઼ આપી શકતો નથી કે એના તરફથી એનો કોઈ વાલી આપી શકતો નથી.

*–(દુર્રે મુખ્તાર, હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : નશાની હાલતમાં તલાક઼ દીધી તો લાગુ પડશે કેમ કે એ આક઼િલના (અકલમંદના) હુકમમાં આવે છે, ભલે શરાબ પીવાથી નશો ચઢયો હોય કે ભાંગ પીવાથી કે બીજી કોઈ ચીજથી નશો ચઢયો હોય. અફીણના નશામાં તલાક઼ દીધી તો પણ લાગુ પડશે. તલાક઼ની બાબતમાં ઓરત તરફથી કોઈ શર્ત નથી. નાબાલિગ હોય કે મજનૂ હોય, બહરહાલ તલાક઼ લાગુ પડશે. *(દુર્રે મુખ્તાર, હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : કોઈએ મજબૂર કરીને નશો કરાવ્યો અથવા બેઈખ્તિયાર નશો કર્યો (જેમ કે તરસે જીવ જતો હતો, પાણી ન હતું તેવાએ પી લીધું) અને નશામાં તલાક઼ દીધી તો સહીહ એ છે કે લાગુ નહીં પડે. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : તલાક઼ માટે શર્ત એ નથી કે ખુશીથી આપવામાં આવે બલ્કે શરઈ નફરતની હાલતમાં પણ તલાક઼ લાગુ પડશે.

*–(હિદાયા, જોહરા, હિંદિયા વગેરે)*

**મસ્અલા** : તલાક઼ના શબ્દો મશ્કરીના ઈરાદે કહ્યા હોય એટલે કે એના બોલવા પાછળ બીજો કોઈ અશકય બાબતનો ઈરાદો હોય તો પણ તલાક઼ થઈ જશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : કમઅકલે (આપેલી) તલાક઼ પણ લાગુ પડી જાય છે. એ **બોહરા** મજનૂની ગણતરીમાં આવે છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ગુંગાએ ઈશારાથી તલાક઼ આપી અને જો તે લખી શકતો ન હોય તો તલાક઼ થઈ જશે અને લખી શકતો હોય તો ઈશારાથી આપેલી તલાક઼ લાગુ નહીં પડે બલ્કે લખવાથી થશે. *(ફત્હુલ્ કદીર, બહાર)*

**મસ્અલા** : કોઈ બીજા શબ્દો બોલવા ઈચ્છતો હતો પરંતુ તલાક઼ના એવા શબ્દો બોલાઈ ગયા જેનો અર્થ ન જાણતો હતો, યા ભૂલથી કે ગફલતથી કહ્યા હોય, યા હસી મજાકમાં કે દિલ્લગી માટે કહ્યા હોય કે ડરાવવા,ધમકાવવા માટે કહ્યા હોય. આ બધી હાલતમાં તલાક઼ લાગુ પડી જશે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : રોગિષ્ઠ કે જેનો રોગ એટલા પ્રમાણમાં વધી ગયો હોય કે જેનાથી અક્કલ જતી રહે એણે આપેલી તલાક઼ લાગુ પડી જશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : **સરસામ** તગા **બરસામ** (મગજમાં વરમની બીમારી) અથવા બીજી કોઈ બીમારી જેમાં અક્કલ જતી રહી હોય યા બેહોશીની હાલતમાં, યા સૂતામાં તલાક઼ દીધી તો લાગુ નહીં પડે.

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એટલી હદનો ગુસ્સો હોય કે જેના કારણે અક્કલ જતી રહેવા પામે તો તલાક઼ લાગુ નહીં પડે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

આજકાલ મોટાભાગે લોકો તલાક઼ આપી તો દે છે પણ પાછળથી અફસોસ કરતા હોય છે અને તરહ તરહનાં બહાનાં ઊભાં કરી તલાક઼ સાબિત ન થાય એવા પ્રયત્નો કરે છે, તેમાં એક બહાનું એવું પણ બતાવે છે કે એ તો ગુસ્સામાં તલાક઼ આપી હતી. તો એવા સંજોગોમાં મુફતીએ આ માટે જરૂર ધ્યાન આપવું , કેમ કે ગુસ્સાનો બિલ્કુલ એ'તેબાર નથી. મામૂલી ગુસ્સામાં પણ તલાક઼ થઈ જાય છે અને તે હાલત કે ગુસ્સાને કારણે અક્કલ ન રહી હતી એ જવલ્લે જ બને છે, જેથી જ્યાં સુધી એની સાબિતી ન મળે તો કેવળ પ્રશ્નકર્તાના કહી આપવા પર વિશ્વાસ ન કરે. *(બહારે શરીઅત)*

**મસ્અલા** : નાબાલિગની ઓરત મુસલમાન બની ગઈ અને કાઝીએ પતિ સમક્ષ ઈસ્લામ પેશ કર્યો. જો તે સમજવાળો છે અને ઈસ્લામથી ઈન્કાર કરે તો તલાક઼ થઈ ગઈ. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : પોતાની જીભે તલાકના શબ્દો બોલવાના બદલે કોઈ એવી ચીજ પર લખે કે અક્ષરો ન દેખાતા હોય (જેમ કે પાણી કે હવા પર લખે) તો તલાક઼ થશે નહીં અને જો એવી ચીજ પર લખે કે અક્ષરો દેખાતા (વંચાતા) હોય (જેમ કે કાગળ યા તકતા વગેરે પર) અને તે તલાક઼ની નિય્યતથી લખ્યા હોય તો(તલાક઼) થઈ જશે અને અને જો લખીને મોકલ્યા એટલે કે જેવી રીતે કાગળ લખે છે એ રીતે લખીને મોકલ્યા (મામૂલી લક઼બ, અદબ પછી પોતાનો મતલબ લખવામાં આવે છે એ રીતે) તો પણ (તલાક઼) થઈ જશે બલ્કે લખાણ ન મોકલે તો પણ આવી હાલતમાં (તલાક઼) થઈ જશે અને એ તલાક઼ લખાણ લખ્યું ત્યારથી જ લાગુ પડી જશે અને તે વખતથી જ ઈદ્દતની ગણતરી ગણાશે અને જો એ પ્રમાણે ન લખાણ લખ્યું કે મારો આ કાગળ મળેથી તને તલાક઼ છે તો ઓરતને જ્યારે એ કાગળ મળશે ત્યારે (તે વખતે) તલાક઼ થશે. ઓરત ભલે એને વાંચે કે ન વાંચે (કાગળને) જો ઓરતને એ લખાણ (કાગળ) ન મળ્યું. ધારો કે લખાણ (કાગળ) મોકલ્યો ન હોય કે રસ્તામાં ગુમ થયું તો તલાક઼ થશે નહીં અને જો એ લખાણ ઓરતના બાપને મળ્યું તેણે ફાડી નાખ્યુ, છોકરીને ન આપ્યું તો જો છોકરીનાં તમામ કામો (દરેક બાબત) એ કરતો હોય અને જે શહેરમાં (જગ્યાએ) છોકરી રહેતી હોય તે જગ્યાએ (શહેરમાં) બાપને (લખાણ) ટપાલ મળી તો તલાક઼ થઈ જશે નહીંતર નહીં, પરંતુ જ્યારે લખાણ આવ્યાની ખબર છોકરીને આપવામાં આવી અને તે ફાટેલું લખાણ પણ (છોકરીને) આપવામાં આવ્યું અને તે વાંચી શકાય છે તો જરૂર લાગુ પડશે. (તલાક઼ થઈ જશે).

*–(ક઼ાઝીખાન, દુર્રે મુખ્તાર, હિંદયા, બહાર)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી

અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## ★ ચકલી તથા જાનદાર પર જુલ્મનો અંજામ ! ★

સરકારે મદીના ﷺએ ફર્માવ્યું કે કોઈના માટે હલાલ નથી કે હક઼્ક઼ વિના જાનદારને તકલીફ પહોંચાડે ભલે ચકલી કેમ ન હોય. જ્યારે ઈન્સાન ચકલી સાથે છેડછાડ કરે, ત્યાં સુધી કે તે મરી જાય, અને તેને હાજત વિના ઝબહ કરે તો તે ચકલી કયામતના દિવસે એ હાલમાં આવશે કે દિલો ફાડી નાખનાર કડાકા જેવો તેનો અવાજ હશે. તે કહેશે, હે અલ્લાહ ! ﷻ હું સવાલ કરું છું કે એણે વિના જરૂરત મને શા માટે તકલીફ પહોંચાડી અને શા માટે મને મારી નાખી ? અલ્લાહ તઆલા ફર્માવશે, મને ક઼સમ છે મારી ઈજ્જત તથા જલાલની ! હું તારો હક઼્ક઼ જરૂર અપાવીશ, હું જરૂર એ શખ્સને અઝાબ આપીશ જેણે હક઼્ક઼ વિના કોઈ જાનને તકલીફ આપી, નહીં તો હું ખુદ જાલિમ ઠરીશ જ્યારે કે જાલિમથી મઝલૂમને પૂરેપૂરો હક઼્ક઼ ન અપાવું. ત્યાર બાદ અલ્લાહ તઆલા ફર્માવશે, હું મલિકુદયાન છું, હું આજના દિવસે કોઈના પર જુલ્મ કરીશ નહીં. ક઼સમ છે મને મારી ઈજ્જત તથા જલાલની હું જુલ્મનો બદલો જરૂર લઈશ !

**૦૧.** જો કોઈએ કોઈને તમાચો માર્યો અથવા હાથ મરોડયો, હું તેને આગની સીંગો વડે જરૂર ઘાયલ કરીશ. જો કોઈએ કોઈને લાકડી ચુભાવી (ખોસી) તો હું તેને લાકડીની સૂળી પર ચઢાવી દઈશ.

**૦૨.** જો કોઈને પથ્થરથી ઝખ્મી કર્યો છે તો હું તેને પથ્થરની સૂળી આપીશ અને તે જન્નતમાં દાખલ થશે નહીં. જેના પર મઝલૂમનો હક઼્ક઼ છે જ્યાં સુધી પોતાની નેકીઓથી તેનો હક઼્ક઼ અદા ન કરી આપે, અને જો તેની નેકીઓ ન હોય તો તે મઝલૂમના ગુનાહોનો બોજ ઉઠાવશે અને જહન્નમમાં જશે. *(કુર્રતુલ ઓયૂન)*

## ★ મુફલિસ કોણ ? ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમે જાણો છો કે મુફલિસ કોણ છે ? અર્ઝ કરી કે જેની પાસે દિરહમ તથા દીનાર અને માલ મત્તા (સંપત્તિ) ન હોય. ફર્માવ્યું કે **મારી ઉમ્મતમાંથી મુફલિસ તે છે જે ક઼યામતના દિવસે નમાઝ, રોઝા અને ઝકાતની સાથે આવશે, પરંતુ દુનિયામાં તેણે કોઈને ગાળ આપી હશે, કોઈના પર આક્ષેપ લગાડયો હશે, કોઈનો માલ ખાધો હશે, કોઈનુ ખૂન વહાવ્યું હશે, કોઈને માર્યો હશે, તેની સર્વ નેકીઓ તે મઝલૂમોને આપી દેવામાં આવશે. જો તેની નેકીઓ સર્વના હક઼્કો પૂર્ણ થતા પહેલાં ખત્મ થઈ ગઈ તો બાકી લોકોના ગુનાહ તેના માથા પર નાખી દેવામાં આવશે, પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.**

અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે મદીના علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે તમે પોતે પોતાને મઝલૂમની બદ્દુઆથી

બચાવો ! એટલા માટે કે તે અલ્લાહ તઆલાથી પોતાના હક્કનો સવાલ કરશે. અલ્લાહ તઆલા કોઈ હક્કવાળાના હક્કને રોકતો નથી. *(મિશ્કાત)*

## ★ કોઈની જમીન પર નાજાઈઝ કબજો કરવાની સજા ! ★

હઝરત યઅલા બિન મર્રા رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈએ કોઈ અન્યની એક વેંત જમીન જુલ્મથી દબાવી લીધી તો એ જમીન કયામતના દિવસે તેના ગળામાં તોક (હાર) બનાવીને રાખી દેવામાં આવશે. અને આ એક વેંતની માત્રા પણ સાતેવ જમીનની ગહરાઈ (પાતળ) સુધીનો પૂરો હિસ્સો તોક બનાવવામાં આવશે અને હડપ કરનારની ગરદનમાં તે તોક પહેરાવવામાં આવશે. *(બુખારી તથા મુસ્લિમ)*

મતલબ એ કે તેને મજબૂર કરવામાં આવશે કે એ વજનને ઉઠાવે અથવા એ આદમીને જમીનમાં ધસાવી દેવામાં આવશે અને ગરદન સુધી ધસ્યા બાદ તે જમીન આપોઆપ તોકની જેમ ગરદનમાં આવી જશે.

## ★ જાદૂની બુરાઈ ★

ઈસ્લામમાં જાદૂ હરામ તથા કબીરા ગુનોહ છે કેમ કે જાદૂમાં શૈતાની શક્તિ વડે એવાં કામ કરાવવામાં આવે છે જે શરીઅત વિરુદ્ધ હોય છે, જેનાથી ઈસ્લામનું અદ્લનું બંધારણ અસંતુલિત થઈ જાય છે. જાદૂના થકી એવા લોકોનું બુરુ ચાહવામાં આવે છે જેમને ખબર સુદ્ધાં નથી હોતી પરંતુ સિફલી શક્તિ વડે તેમને નુકસાન પહોંચાડવામાં આવે છે, જે સરાસર જુલ્મ તથા ઝયાદતી છે, એટલા માટે ઈસ્લામ જાદૂનો સખત વિરોધી છે.

જેથી જે લોકો જાદૂ કરે છે અને જેઓ કરાવે છે અને ખૂદ શીખે તથા શીખવાડે છે તેઓ ગુનેહગાર તથા મુજરિમ છે. એનાથી ઈન્સાનનો દીન તથા દુનિયા બંનેવ તબાહ થઈ જાય છે. જેથી જે લોકો આ બુરા કાર્યમાં પડેલા છે તેમણે પ્રથમ ફુરસદમાં એનાથી તૌબા કરી લેવી જોઈએ.

તિબ્રાની શરીફની હદીષ છે : જેણે ગાંઠમાં ફૂંક મારી તેણે જાદૂ કર્યો અને જેણે જાદૂ કર્યો તે શિર્કમાં સપડાયો.

આગળ ફર્માવ્યું, તે શખ્સ અમારામાંથી નથી જે બુરુ ગુમાન (અપશુકન) લે અથવા એના માટે અપ સુકન લેવામાં આવે અથવા જેના માટે કહાન (જ્યોતિષ વિદ્યા) કરવામાં આવે અથવા જે જાદૂ કરે અથવા કરાવે. *(બઝ્ઝાર)*

જન્નતમાં શરાબી દાખલ થશે નહીં અને ન જાદૂ પર એ'તેકાદ (યકીન) રાખનારો અને સગાઈ કટ કરનારો. *(ઈબ્ને હબ્બાન)*

ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે જે શખ્સે જ્યોતિષ કે જાદૂગર કે કાહિનની પાસે જઈને સવાલો કર્યા અને તેની વાતોને સાચી માની, તેણે મુહમ્મદ ﷺ પર નાઝિલ થયેલા સાથે કુફ્ર કર્યું. *(બઝ્ઝાર)*

ઈસ્લામે જે રીતે નજૂમી (જ્યોતિષ)ની પાસે ગયબ તથા રાઝની વાતો માલૂમ કરવાની ગરજથી જવું હરામ ઠરાવ્યું છે એવી જ રીતે જાદૂ શીખવા તથા જાદૂગરોની પાસે કોઈ બીમારીના ઈલાજ માટે અથવા કોઈ મુશ્કેલીને હલ કરાવવા જવું પણ હરામ ઠરાવ્યું છે.

તેમજ જાદૂ પર યકીન રાખનારા, તેને પ્રોત્સાહિત કરનારા અને જાદૂગરની વાતોને સહીહ સમજનારા પણ સામેલ છે, અને આ બુરાઈ એ સ્થિતિમાં અધિક વધી જાય છે જ્યારે જાદૂનો ઉપયોગ એવા હેતુઓ માટે જે જાતે પોતે હરામ છે, દા.ત. પતિ પત્ની વચ્ચે જુદાઈ પેદા કરવી, કોઈને શારીરિક નુકસાન પહોંચાડવુ... વગેરેના માટે હોય.

# તઝકેરતુલ અવલિયા

હપ્તો ૧૧

# હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**રઝાએ ઈલાહીનો મક઼ામ** : એકવાર હસન બસરી رحمۃ اللہ علیہ મગરિબની નમાઝના સમયે આપને ત્યાં પહોંચ્યા. પરંતું આપ નમાઝના માટે ઉભા થઈ ચૂક્યા હતા. અને હસન બસરી رحمۃ اللہ علیہએ જ્યારે એ જોયું કે આપ اَلْحَمْدُ (અલ્હ઼મ્દ)ના બદલે اَلْهَمْدُ (અલ્હમ્દ) નાની (હ)થી ક઼િરાઅત કરી રહ્યા છે તો એ ખયાલ કરીને કે આપ કેમ કે ક઼િરાઅતનો ઉચ્ચાર સહીહ નથી કરી શકતા એટલા માટે આપની પાછળ નમાઝ પઢવી ન જોઈએ. જેથી તેમણે અલગ નમાઝ પઢી. પરંતું એ જ રાતે ખ્વાબમાં અલ્લાહ તઆલાનો દીદાર થયો તો આપે અર્ઝ કરી કે યા અલ્લાહ ! તારી રઝાનો ઝરીયો શું છે ? ઈર્શાદ થયો કે તેં અમારી રઝા પામી પણ તેનો મક઼ામ ન સમજ્યો. આપે પૂછ્યું કે તે કઈ રઝા હતી ? ઈર્શાદ થયો કે જો તું નમાઝમાં હબીબ અજમીની ઈક઼તેદા કરી લેત તો તમામ ઉમરની નમાઝોથી બેહતર હતું. કેમ કે તેં એની જાહેરી ઈબાદતનો ખયાલ તો કર્યો પણ તેની નિય્યત ન જોયી. જ્યારે કે વલીની નિય્યત કરતાં ઉચ્ચાર કમ દરજો ધરાવે છે.

નક઼લ થયેલ છે કે એકવાર હસન બસરી رحمۃ اللہ علیہ હજ્જાજ બિન યૂસુફના સિપાહીઓથી છુપાવા હબીબ અજમીની ઈબાદતગાહમાં પહોંચી ગયા. અને જ્યારે સિપાહીઓએ હબીબ અજમીથી માલૂમાત કરી તો તેમણે સ્પષ્ટ જણાવી આપ્યું કે હસન ઈબાદતગાહની અંદર છે પરંતું પૂરા ઈબાદતખાનાની તલાશી છતાં પણ હઝરત હસનની ભાળ ન મળી શકી. અને હઝરત હસન ફર્માવે છે કે સાત વાર સિપાહીઓએ મારા ઉપર હાથ રાખ્યો પણ મને ન જોઈ શક્યા. પછી સિપાહીઓએ હઝરત હબીબને કહ્યું કે હજ્જાજ તમને જૂઠુ બોલવાની સજા આપશે. આપે ફર્માવ્યું કે હસન મારી સામે ઈબાદતગાહમાં પ્રવેશ્યા હતા, પરંતું જો એ તમને ન દેખાય તો એમાં મારો શો દોષ છે ? જેથી બીજીવાર ફરી તલાશી લીધી પરંતું તેમને ન પામતાં પરત આવી ગયા. હઝરત હસને બહાર નીકળીને હઝરત હબીબને કહ્યું કે તમે તો ઉસ્તાદીના હક્ક઼નો પણ કાંઈ લેહાઝ ન કર્યો અને સ્પષ્ટ રીતે મારો પતો બતાવી આપ્યો. તેમણે જવાબ આપ્યો કે મેં સત્યથી કામ લીધું એટલા માટે આપ સુરક્ષિત રહ્યા. અને જો હું જૂઠુ બોલીને કામ લેતો તો પછી યક઼ીનન ! આપણને બંનેવને પકડી લેવામાં આવત. આ સાંભળીને હઝરત હસને પૂછ્યું કે છેવટે તમે કયુ મંત્ર પઢી આપ્યું હતું કે જેના કારણે હું સિપાહીઓને ન દેખાય શક્યો ? આપે ફર્માવ્યું કે બે વાર આયતુલ કુર્સી, બે વાર કુલ્હુવલ્લાહ અને બે વાર આમનર્રસૂલ પઢીને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે હસનને તારા હવાલે કર્યો, તું જ એની હિફાઝત કરજે.

**દિલની સફાઈની ફઝીલત** : હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા તો દજલા નદીના કિનારે હઝરત હબીબ رحمۃ اللہ علیہથી મુલાકાત થઈ. તેમણે પૂછ્યું કે ક્યાંનો ઈરાદો છે ? હઝરત હસને કહ્યું કે નદીને પાર જવા ચાહું છું અને નાવડીની રાહ જોઈ રહ્યો છું. આપે ફર્માવ્યું કે કીના

તથા દુનિયાની મહોબ્બતને દિલથી કાઢીને મુસીબતોને ગનીમત ખયાલ કરો અને અલ્લાહ પર ભરોસો કરીને પાણીની ઉપર ચાલવા માંડો. આવું કહીને ખુદ પાણીની ઉપર ચાલતા ચાલતા બીજા કિનારે જઈ પહોંચ્યા. આ કૈફિયત જોઈને હઝરત હસન પર બેહોશી છવાઈ ગઈ અને હોશ આવ્યા બાદ જયારે લોકોએ બેહોશીનો સબબ પૂછયો તો ફર્માવ્યું કે હબીબને ઈલ્મ મેં શીખવાડયો પણ અત્યારે એ મને નસીહત કરીને ખુદ પાણીની ઉપર રવાના થઈ ગયા, અને એ જ ગભરામણમાં મને બેહોશી છવાઈ ગઈ કે જયારે મેહશરના દિવસે પુલસિરાત પર ચાલવાનો હુકમ આપવામાં આવશે અને જો હું તે વખતે પણ મેહરૂમ રહી ગયો તો શું હાલત થશે ?! પછી આપે બીજી મુલાકાતમાં હઝરત હબીબ رحمۃ اللہ علیہને પૂછયું કે તમને આ મર્તબો કેવી રીતે હાંસલ થયો ? ફર્માવ્યું, હું દિલની કાળાશને ધોતો રહું છું અને આપ કાગળને કાળા કરતા રહો છો. આ સાંભળીને આપે ફર્માવ્યું કે સેંકડો અફસોસ ! બીજાઓએ તો મારા ઈલ્મથી ફાયદો મેળવી લીધો પરંતું મને કાંઈ મળી ન શકયું. લેખક ફર્માવે છે કે જો કોઈને એ શક હોય કે હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہનો મકામ હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ કરતાં બુલંદ હતો તો એ એની ગલતફહમી છે, કેમ કે અલ્લાહ તઆલાએ ઈલ્મને દરેક ચીજ પર ફઝીલત અતા ફર્માવી છે. એના કારણે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને સંબોધન કરતાં રબે ફર્માવ્યું, قُلْ رَّبِّ زِدْنِيْ عِلْمًا "હે નબી ! આપ કહો, હે રબ ! મારા ઈલ્મમાં વધારો કર." *(સૂરએ તાહા, આ. ૧૧૪)* અને જેવું કે મશાઈખનો કૌલ છે કે તરીકતમાં ૧૪મો દરજો કરામતનો છે અને અઢારમો અસ્રારો રુમૂઝ (ભેદો)નો. કેમ કે કરામતની પ્રાપ્તિ ઈબાદતોથી સંબંધિત છે અને અસ્રારો રુમૂઝનો સંબંધ અકલ તથા ચિંતન સાથે છે. જેમ કે હઝરત સુલૈમાન علیہ السلامની હુકૂમત દરેક ચીજ પર હતી, પણ ઈત્તેબાબ (પયરવી) હઝરત મૂસા علیہ السلامની કરતા હતા. અને ખુદ સાહિબે કિતાબ નબી ન હોવાના કારણે હમેશાં તેમની જ કિતાબ પર અમલ કરતા રહ્યા.

હઝરત ઈમામ શાફઈ તથા હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہما કોઈ જગાએ બેઠેલા હતા. એવામાં હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہ પણ સંજોગોવસાત ત્યાં પહોંચી ગયા. એમને જોઈને ઈમામ હંબલે કહ્યું કે હું એમને એક સવાલ કરીશ. પરંતું ઈમામ શાફઈએ મના કરતાં ફર્માવ્યું કે વાસિલ બિલ્લાહ લોકોને શું સવાલ કરશો ! એમનો તો મસ્લક જ અલગ ટાઈપનો હોય છે. પરંતું મના કરવા છતાં તેમણે એ સવાલ કરી જ નાખ્યો કે જે શખ્સની પાંચ નમાઝોમાંથી એક કઝા થઈ ગઈ હોય અને તે ભૂલી ગયો હોય કે કઈ નમાઝ કઝા થઈ તો તેણે શું કરવું જોઈએ ? હઝરત હબીબ અજમી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, સર્વ નમાઝોની કઝા કરે, એટલા માટે કે તે ખુદાથી ગાફિલ થઈને આટલા પ્રમાણમાં બેઅદબીમાં કેમ સપડાયો ! આ સાંભળીને ઈમામ શાફઈએ કહ્યું કે મેં એટલા માટે મના કર્યું હતું કે એ લોકોને કોઈ સવાલ ન કરો.

એકવાર અંધારામાં આપના હાથેથી સોય પડી ગઈ. એ જ વખતે ગયબથી આપનું મકાન મુનવ્વર (પ્રકાશિત) થઈ ગયું. જેથી આપે આંખો બંધ કરીને ફર્માવ્યું કે હું ચિરાગ વિના સોય શોધવા નથી માગતો.

એક લોંડી ૨૦ વરસ સુધી આપને ત્યાં રહી પરંતું કદી આપે એનો ચહેરો નથી જોયો અને એક દિવસે એ જ લોંડીને ફર્માવ્યું કે જરા મારી કનીઝને બોલાવી આપો. તેણીએ અર્ઝ કરી કે હું જ તો આપની લોંડી છું ! ફર્માવ્યું કે ૩૦ વરસમાં મારો ખયાલ અલ્લાહ તઆલા સિવાય કોઈ અન્યની તરફ નથી ગયો, એ જ કારણે હું તમને ઓળખી ન શકયો.

વધુ પેજ 41 પર..

# પોતે પોતાને કુર્આન મજીદમાં



# કાર્યાલય શોધો !

હું કુર્આનમાં ક્યાં છું ? ખૂબ જ દિલચસ્પ તથા બોધપાત્ર સવાલ છે કે હું કુર્આનમાં ક્યાં છું ? મારું વર્ણન ક્યાં છે ? એક જલીલુલકદર તાબઈ અને અરબ સરદાર અહનફ બિન કૈસ رضی اللہ عنہ એક દિવસ બેઠેલા હતા એવામાં કોઈએ આ આયત પઢી :–

لَقَدْ اَنْزَلْنَآ اِلَيْكُمْ كِتٰبًا فِيْهِ ذِكْرُكُمْ ۭ اَفَلَا تَعْقِلُوْنَ ﴿١٠﴾

"બેશક ! અમે તમારા તરફ એવી કિતાબ નાઝિલ કરી છે જેમાં તમારું વર્ણન છે. શું તમો નથી સમજતા ?" *(સૂ. અંબિયા, ૧૦)*

આ સાંભળીને તે ચોંકી ઉઠયા અને કહ્યું કે જરા કુર્આન મજીદ તો લાવો ! એમાં હું મારું વર્ણન શોધું અને જોઉં કે હું કયા લોકોની સાથે છું અને કોની સાથે મારું મળતાપણુ છે.

તેમણે કુર્આન મજીદ ખોલ્યું. કેટલાક લોકો વિશે વર્ણન જોવા મળ્યું જે આ પ્રમાણે હતું :–

كَانُوْا قَلِيْلًا مِّنَ الَّيْلِ مَا يَهْجَعُوْنَ ﴿١٧﴾ وَبِالْاَسْحَارِ هُمْ يَسْتَغْفِرُوْنَ ﴿١٨﴾ وَفِيْٓ اَمْوَالِهِمْ حَقٌّ لِّلسَّاۗىِٕلِ وَالْمَحْرُوْمِ ﴿١٩﴾

"તેઓ રાતના થોડાક જ હિસ્સામાં સૂતા અને વહેલી સવારના સમયમાં (ઉઠી ઉઠીને) મગફિરત તલબ કરતા હતા. તેમના માલમાં માગનારાઓ તથા ન માગનારાનો (બંનેવ) સૌ હાજતમંદોનો હક્ક નિશ્ચિત રહેતો હતો." *(સૂ. ઝુરિયાત, આ–૧૭, ૧૯, ૧૯)*

કેટલાક એવા લોકોનું વર્ણન જોયું જેમનો હાલ આ પ્રમાણે હતો ! :–

تَتَجَافٰى جُنُوْبُهُمْ عَنِ الْمَضَاجِعِ يَدْعُوْنَ رَبَّهُمْ خَوْفًا وَّطَمَعًا ۫ وَّمِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿١٦﴾

"તેમનાં પાસાં બિછોનાઓથી અલગ રહે છે. (અને) તેઓ પોતાના પરવરદિગારને ખૌફ તથા ઉમ્મીદ(ની મિશ્ર કૈફિયત)થી પોકારે છે અને જે (માલ) અમે તેમને આપ્યો છે અમાંથી (અમારા માર્ગમાં) ખર્ચ કરે છે" *(સૂ. સજદા, આ–૧૬)*

કેટલાક અન્ય લોકો જોવા મળ્યા જેમના વિશે વર્ણન આ પ્રમાણે હતું :–

وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا ﴿٦٤﴾

"આ તે લોકો છે જેઓ પોતાના પરવરદિગારની સમક્ષ સજદો કરીને અને (આજિઝી તથા અદબથી) ઉભા રહીને રાતો પસાર કરે છે. *(સૂ. ફુર્કાન, આ–૬૪)*

અને કુર્આનમાં કેટલાક લોકો એવા જોવા મળ્યા જેમનું વર્ણન આ પ્રમાણે છે :–

الَّذِيْنَ يُنْفِقُوْنَ فِي السَّرَّآءِ وَالضَّرَّآءِ وَالْكٰظِمِيْنَ الْغَيْظَ وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ۭ وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ﴿١٣٤﴾

"આ તે લોકો છે જેઓ માલદારીમાં તથા તંગીમાં (બંને હાલતોમાં પોતાનો માલ ખુદાની રાહમાં) ખર્ચ કરનારા તથા ગુસ્સાને કાબૂમાં રાખનારા છે અને લોકોને એમની ગલતીઓ પર માફ કરનારા છે. અને ખુદા એહસાન કરવાવાળાઓ સાથે મહોબ્બત કરે છે." *(સૂ. આલે ઈમરાન, આ–૧૩૪)*

અને કેટલાક એવા લોકોનું વર્ણન જોયું જેમની હાલત આ પ્રમાણે હતી :–

وَيُؤْثِرُوْنَ عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ ڵ وَمَنْ يُّوْقَ شُحَّ نَفْسِهٖ فَاُولٰۗىِٕكَ هُمُ الْمُفْلِحُوْنَ ﴿٩﴾

"અન્યોને પોતાની જાનો પર અગ્રતા આપે છે

ભલે તેમને સખત હાજત જ હોય. અને જે શખ્સ પોતાના નફસની કંજૂસાઈથી બચાવી લેવામાં આવ્યો, તો એવા જ લોકો કામયાબ તથા મુરાદ પામનારા હોય છે.'' *(સૂ. હશ્ર, આ–૯)*

અને કેટલાક લોકોના અખ્લાક઼નું આ પ્રમાણે વર્ણન છે :–

وَ الَّذِيْنَ يَجْتَنِبُوْنَ كَبٰٓئِرَ الْاِثْمِ وَ الْفَوَاحِشَ وَ اِذَا مَا غَضِبُوْا هُمْ يَغْفِرُوْنَ ﴿٣٧﴾

''જેઓ મોટા મોટા ગુનાહો તથા બેહયાઈની વાતોથી પરહેઝ કરે છે, અને જ્યારે ગુસ્સો આવે છે તો માફ કરી આપે છે.'' *(સૂ. શૂરા, આ–૩૭)*

અને કેટલાક લોકોનું વર્ણન આ પ્રમાણે છે :–

وَ الَّذِيْنَ اسْتَجَابُوْا لِرَبِّهِمْ وَ اَقَامُوا الصَّلٰوةَ وَ اَمْرُهُمْ شُوْرٰى بَيْنَهُمْ وَ مِمَّا رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿٣٨﴾

''જેઓ પોતાના પરવરદિગારનું ફર્માન ક઼બૂલ કરે છે અને નમાઝ ક઼ાયમ કરે છે, અને પોતાનાં કામો આપસના મશ્વરાથી કરે છે, અને જે માલ એમને અતા ફર્માવ્યો છે એમાંથી ખર્ચ કરે છે.'' *(સૂ. શૂરા–૩૮)*

હઝરત અહનફ બિન ક઼ૈસ رضی اللہ عنہ આટલે સુધી પહોંચીને (આ વર્ણનો વાંચીને) થથરી ગયા અને કહ્યું, હે અલ્લાહ ! હું મારા હાલથી વાકેફ છું, હું તો આ લોકોમાં ક્યાંય જોવા નથી મળતો ! પછી તેમણે બીજો માર્ગ લીધો. હવે તેમને કેટલાક એવા લોકોનું વર્ણન જોવા મળ્યું જેમનો હાલ આ પ્રમાણે હતો. :–

اِنَّهُمْ كَانُوْٓا اِذَا قِيْلَ لَهُمْ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ يَسْتَكْبِرُوْنَ ﴿٣٥﴾ وَ يَقُوْلُوْنَ اَئِنَّا لَتَارِكُوْٓا اٰلِهَتِنَا لِشَاعِرٍ مَّجْنُوْنٍ ﴿٣٦﴾

''યક઼ીનન ! તેઓ એવા લોકો હતા કે જ્યારે તેમને કહેવામાં આવતું કે ખુદાના સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તો ઘમંડ કરતા અને કહેતા હતા કે શું અમે એક દીવાના શાઈરના કહેવાથી કાંઈ અમારા મઅબૂદોને છોડવાવાળા છીએ ?!

–*(સૂ. સાફફાત, આ.૩૫–૩૬)*

પછી એ લોકોનું વર્ણન સામે આવ્યું જેમની હાલત આ પ્રમાણે હતી :–

وَ اِذَا ذُكِرَ اللّٰهُ وَحْدَهُ اشْمَاَزَّتْ قُلُوْبُ الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ ۚ وَ اِذَا ذُكِرَ الَّذِيْنَ مِنْ دُوْنِهٖٓ اِذَا هُمْ يَسْتَبْشِرُوْنَ ﴿٤٥﴾

''જ્યારે એકલો અલ્લાહ તઆલાનો ઝિક્ર કરવામાં આવે છે તો જે લોકો આખેરત પર ઈમાન નથી ધરાવતા તેમનાં દિલ ગુંગળામણ તથા કરાહતનો શિકાર બની જાય છે. અને જ્યારે અલ્લાહના સિવાય મૂર્તિઓનો ઉલ્લેખ કરવામાં આવે છે (જેને તેઓ પૂજે છે) તો તેમના ચહેરા ખાલી ઉઠે છે.''

–*(સૂ. ઝુમર, આ–૪૫)*

વર્ણનમાં કેટલાક અન્ય લોકો પાસેથી પસાર થયા જેમને જ્યારે પૂછવામાં આવ્યું કે :–

مَا سَلَكَكُمْ فِيْ سَقَرَ ﴿٤٢﴾ قَالُوْا لَمْ نَكُ مِنَ الْمُصَلِّيْنَ ﴿٤٣﴾ وَ لَمْ نَكُ نُطْعِمُ الْمِسْكِيْنَ ﴿٤٤﴾ وَ كُنَّا نَخُوْضُ مَعَ الْخَآئِضِيْنَ ﴿٤٥﴾ وَ كُنَّا نُكَذِّبُ بِيَوْمِ الدِّيْنِ ﴿٤٦﴾ حَتّٰىٓ اَتٰىنَا الْيَقِيْنُ ﴿٤٧﴾

''તમે દોઝખમાં શાથી પડયા ? તેઓ જવાબ આપશે કે અમે નમાઝ પઢતા ન હતા, ન ફક઼ીરોને ખાવા ખવડાવતા હતા અને અમે જૂઠી સાચી વાતો બનાવનારાઓની સાથે વાતો બનાવ્યા કરતા હતા અને બદલાના (ક઼યામતના) દિવસને જૂઠો ઠરાવતા હતા, ત્યાં સુધી કે અમને આ યક઼ીની ચીજથી મેળાપ થઈ ગયો.'' *(સૂ. મુદ્દષ્ષિર, આ.૪૨–૪૭)*

આ વર્ણન પર પહોંચીને પણ હઝરત અહનફ બિન ક઼ૈસ رضی اللہ عنہ મૌન બનીને ઉભા રહી ગયા. પછી કાનો પર હાથ રાખીને કહ્યું, હે અલ્લાહ ! આ લોકોથી તારી પનાહ ! હું આ લોકોથી દૂર છું. હવે તે કુર્આન મજીદનાં વરક઼ો ઉલટાવી રહ્યા હતા અને પોતાનું વર્ણન શોધી રહ્યા હતા, ત્યાં સુધી કે આ આયત પર જઈને અટકી ગયા :–

وَ اٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا وَّ اٰخَرَ سَيِّئًا عَسَى اللّٰهُ اَنْ يَّتُوْبَ عَلَيْهِمْ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝

''કેટલાક અન્ય લોકો છે જેમને પોતાના ગુનાહોનો (સાફ) ઈકરાર છે, તેમણે સારા તથા બુરા અમલોને મિલાવી જુલાવી દીધા હતા. નજીક છે કે ખુદા એમની તૌબા કબૂલ ફર્માવી લે, બેશક ! ખુદા બખ્શનારો મહેરબાન છે.'' *(સૂ. તૌબા, આ-૧૦૨)*

આ મોકા પર હઝરત અહનફ બિન કૈસ رضی اللہ عنہની ઝબાનથી આપોઆપ નીકળ્યું, ''હા ! હા ! આ બેશક ! મારી હાલતનું વર્ણન છે !''

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ ઉપરોક્ત લખાણને ફરી ફરીને ગંભીરતાથી વાંચો અને વિચારો કે આપણે કયા લોકોમાંથી છીએ ?! આવો ! વિચારણા તથા ચિંતન કરો, કુર્આન મજીદમાં પોતાને શોધો કે હું કુર્આન મજીદમાં કયાં છું ?! યા અલ્લાહ ! અમારા અમલો તથા હાલતો કુર્આને કરીમના પ્રમાણે કરી આપ, અમને કુર્આન પર ચિંતન તથા વિચારણા કરવાની લાઝવાલ દૌલતથી માલામાલ ફર્માવે. (આમીન)

*(ઉર્દૂ મંથલી કન્ઝુલ ઈમાન-દિલ્હી, ફેબ્રુ.૨૦૧૮)*

આજે આપણે મોબાઈલ પર સોશિયલ મીડિયા પર કે અન્ય માધ્યમો થકી દુનિયાભરની ચીજો શોધીએ છીએ, જગતભરની ચિંતા લઈને ફરીએ છીએ, નાહક્કની ફિકરોમાં જલ્દી સૂતા પણ નથી ! પણ આવો દોસ્તો ! રબના કલામમાં જે આપણા નબી પાક ﷺ પર આપણી રહબરી માટે નાઝિલ થયું તેમાં આપણા સ્થાનને પણ શોધીએ અને સમજી વિચારીને હિદાયતનો માર્ગ પકડીએ જેમાં આપણી બંને જહાનની ભલાઈ સમાયેલી છે.

પેજ 38 નું ચાલુ..

જે વખતે આપની સામે કુર્આનની તિલાવત થતી તો બેચૈન બનીને ગિર્યાઓ ઝારી (રૂદન) કરવા લાગતા. એક દિવસે કોઈકે સવાલ કર્યો કે આપ કુર્આનનો ભાવાર્થ કેવી રીતે સમજી લો છો જ્યારે કે એ અરબી ભાષામાં છે અને તમો અજમી છો ? તો ફર્માવ્યું કે મારી ઝબાન ભલે અજમી છે પણ દિલ અરબી છે !

એકવાર કોઈ ખૂણામાં બેસીને ફર્માવી રહ્યા હતા કે, ''જેનું દિલ તારાથી ખુશીવાળુ ન થાય તેને કોઈ ખુશી હાંસલ ન થઈ, અને જેને તારાથી ઉન્સ (લગાવ) ન હોય તેને કોઈનાથી લગાવ નથી હોતો. લોકોએ પૂછયું કે જ્યારે આપ ગોશાનશીન થઈને દુનિયાની સર્વ બાબતોથી અલિપ્ત થઈ ચૂકયા છો તો એ બતાવો કે રઝા કઈ ચીજમાં છે ? ફર્માવ્યું કે રઝા તો કેવળ એ જ દિલને છે જેમાં કોઈ મેલ (કદૂરત) ન હોય.

એક ખૂનીને ફાંસીના તખ્તે ચઢાવવામાં આવ્યો તો એ રાત્રે લોકોએ ખ્વાબમાં ઉમદા લિબાસ પહેરીને જન્નતમાં ટહેલતો જોયો. અને જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તમે તો કત્લ કરી હતી પછી આ મર્તબે કેવી રીતે પહોંચી ગયા ? તેણે કહ્યું કે સૂળી ચઢાવતી વખતે હબીબ અજમી رحمۃ اللہ علیہ આ તરફ આવી ચઢયા અને મારી તરફ ધ્યાનિત થઈને મગફેરતની દુઆ કરી, આ એ જ મગફિરતની દુઆની બરકતનું પરિણામ છે. (સંપૂર્ણ)

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# હજ્જ સબસીડીનો ખેલ ખત્મ !

## અન્ય ક્યારે ખત્મ થશે ?!

-(કાર્યાલય)

ગવર્નમેન્ટે હજ્જ સબસીડી ખત્મ કરી આપી છે, જે ઘણા પહેલાં ખત્મ થઈ જવી જોઈતી હતી. આ સાથે જ મુસલમાનો પર કહેવાતુ સરકારી એહસાન પણ ખત્મ થયું. કોઈ પણ ધર્મ નિરપેક્ષ લોકતાંત્રિક દેશમાં ધાર્મિક યાત્રા કરાવવું સરકારનું કામ ન હોવું જોઈએ. મુસ્લિમ માન્યતાના પ્રમાણે પણ હજ્જ તેના પર વાજિબ છે જે પોતાની દુનિયાવી જિમ્મેદારીઓથી ફારિગ હોય અને જે હજ્જ પર જવાની ક્ષમતા ધરાવતો હોય.

હજ્જની સબસીડીનો ખેલ સમજવો ખૂબ જ જરૂરી છે. ચાલુ સાલે ૧,૭૫,૦૦૦ લોકો હિંદુસ્તાનથી હજ્જ કરવાના માટે સઊદી અરબ જશે. એમને કેવળ એર ઈન્ડિયા જ લઈ જઈ શકે છે. એના માટે હાજીઓ પાસેથી લગભગ આઠ મહિના પહેલાં પૈસા જમા કરાવી લેવામાં આવે છે. **જો એનું ગ્લોબલ ટેન્ડર હોય અને એર લાઈન્સને પોણા બે લાખ મુસાફરો આપવાની ગેરંટી હોય તો દુનિયાની તમામ એર લાઈન્સ, એર ઈન્ડિયા કરતાં ઘણા ઓછા પૈસામાં હજ્જ પર લઈ જાય.** જો કોઈ ઈન્ટર નેશનલ ટૂર ઓપરેટરને પોણા બે લાખ મુસાફરો આપવામાં આવે તો **તેનું પેકેજ પણ સસ્તુ રહેશે.** પરંતુ હિંદુસ્તાનમાં સરકાર થકી મુસલમાન ઘણી મોંઘી હજ્જ કરે છે અને ઉપરથી સબસીડીના એહસાન તળે દબાયેલો રહે છે !

આવો ! એના ગણિતને આસાન તરીક઼ાથી સમજીએ. દા.ત. આ વરસે ૧,૭૫,૦૦૦ હાજીઓ એર ઈન્ડિયાથી હજ્જ માટે જશે. હજ્જના ફોર્મની કિંમત ૩૦૦ રૂા. છે જે પાછા નથી મળતા. આ વખતે ૩,૫૫,૦૦૦ લોકોએ ફોર્મ ભર્યાં છે. એનાથી **સરકારને ૧૦ કરોડ ૬૫ લાખ રૂપિયાની આવક થઈ.** ફર્સ્ટ કલાસ હાજીથી સરકાર રૂા. ૨,૪૧,૦૦૦/– લે છે અને સેકંડ કલાસ હાજીથી રૂા. ૨,૧૧,૦૦૦/– લે છે. લગભગ ૭૦% લોકો સેકન્ડ કલાસની સહૂલત લે છે, જ્યારે કે ૩૦% ફર્સ્ટ કલાસ સહૂલત લે છે. આ રીતે આ વરસે ૫૨,૫૦૦ લોકો ફર્સ્ટ કલાસમાં હજ્જમાં જશે, તેઓ સરકારને ૧૨૬૫ કરોડ ૨૫ લાખ ફીઝ આપશે અને લગભગ ૧,૨૨,૫૦૦ લોકો સેકંડ કલાસમાં જશે જશે ૨૫૮૪ કરોડ ૭૫ લાખ ફીઝ સરકારને આપશે. આ રીતે સર્વ હાજીઓ **૩૮૫૦ કરોડ રૂપિયા સરકાર હાજીઓ પાસેથી ૮ મહિના પહેલાં લઈ લે છે.** આ રકમ પર સાત ટકાના દરે સરકારને **૧૮૦ કરોડ રૂપિયા ઈન્ટરેસ્ટ** મળશે. છતાં પણ મુસલમાન સબસીડીના બોજ તળે દબાયેલો હતો !

એક યાદી પ્રમાણે, ભારત સરકાર તરફથી કુલ ૬૫૦ કરોડ રૂા. હજ્જ સબસીડી મળતી હતી, જે પ્રતિ હજ્જ યાત્રી રૂા. ૪૩૦૦૦/– મળતી હતી. હજ્જયાત્રી એર ઈન્ડિયા સિવાય કોઈ અન્ય એર લાઈનથી હજ્જ કરી શક્તા ન હતા. એર ઈન્ડિયા દિલ્હીથી મક્કા રિર્ટન ટિકિટના માટે પ્રતિ હજ્જ યાત્રી રૂા. ૭૩,૦૦૦/– ભાડુ લેતી હતી. એ જ હજ્જ યાત્રી જો કોઈ અન્ય એર લાઈન મારફતે હજ્જ કરવા જાય તો દિલ્હીથી મક્કાની રિટર્ન ટિકિટ રૂા. ૨૮૦૦૦/– થાય છે. એર ઈન્ડિયાથી હજ્જ કરવામાં અથવા કોઈ અન્ય એર લાઈનથી હજ્જ યાત્રા કરવામાં ભાડાનો તફાવત રૂા. ૪૫૦૦૦/–નો છે. એટલે કે સબસીડી ખત્મ થયા બાદ

પ્રત્યેક હાજીને રૂા. ૪૫૦૦૦/– રૂા.નો ફાયદો થઈ રહ્યો છે.

તો આટલા વરસો સુધી હજ્જ સબસીડીના નામ પર સર્વ સરકારો હજ્જ યાત્રીઓને ફાયદો પહોંચાડતી રહી કે એર ઈન્ડિયાને ?! હવે તમે જ વિચારો કે હજ્જ સબસીડી ખત્મ થવાથી હજ્જ યાત્રીઓને ફાયદો થયો કે નુકસાન ?!

ગવર્નમેન્ટો જનતાના વોટ હાંસલ કરવા માટે તેમને ધાર્મિક યાત્રાઓમાં સબસીડીના લોલીપોપ આપે છે. હજ્જ સબસીડીનો ખેલ ખત્મ થઈ ગયો છે. હવે અન્ય ધાર્મિક યાત્રાઓની સબસીડી પણ બંધ થવી જોઈએ. કૈલાશ માનવસરોવરના યાત્રીઓને યુ.પી. સરકાર પહેલાં રૂા. ૨૫,૦૦૦/– સબસીડી આપતી હતી, જેને અખિલેશ યાદવે ડબલ રૂા. ૫૦,૦૦૦/– કરી દીધી હતી. યોગી આદિત્યનાથે એને પણ ડબલ કરીને એક લાખ રૂા. કરી દીધા. ઉત્તરાખંડ સરકાર પણ કૈલાશ માનવસરોવર યાત્રા પર રૂા. ૩૦,૦૦૦ પ્રતિ યાત્રી સબસીડી આપી રહી છે. યુ.પી.માં અખિલેશ યાદવની સરકારે સમાજવાદી શ્રવણ યાત્રાના નામથી ઉમરવાળાઓ માટે મફત તીર્થયાત્રા શરૂ કરી હતી. **યોગીએ તો સરકારી પૈસાથી અયોધ્યામાં આલીશાન દિવાળી પણ મનાવી. તેમણે સરકારી હેલિકોપ્ટર વડે દિલ્હીથી કેટલાક મોડેલોને રામ, લક્ષ્મણ તથા સીતા બનાવીને ત્યાં ઉતાર્યા અને કહ્યું કે રાવણનો વધ કર્યા બાદ ભગવાન રામ પુષ્પક વિમાન વડે અયોધ્યા પરત આવ્યા !**


એક ધર્મ નિરપેક્ષ લોકતાંત્રિક દેશમાં સરકારનું આ કામ નથી, નહીં તો અન્ય ધર્મના લોકો સરકારને બકરા ઈદ પર કુર્બાની કરવા તથા કોઈ અન્ય તહેવાર પર કાંઈ બીજો કર્મકાંડ કે ધાર્મિક પ્રક્રિયા કરવા માટે કહી શકે છે. હવે સમય આવી ગયો છે કે બિનસાંપ્રદાયિક દેશમાં આ સર્વ કાંઈ બંધ થવું જોઈએ.

◀◀ પેજ 44 નું ચાલુ.. આવો મુખ્લિસ બારીક દષ્ટિવાળો સુધારક ક્યાં મળે ?! જેની ઈસ્લાહી કરમનવાઝીઓએ હજારો ગલત રવિશ પર જનારાઓને દુરુસ્ત કરી આપ્યા.

**અસ્થાને "ક઼ાલલ્લાહુ ફી શાને હ઼બીબિહી" પઢનારની સુધારણા :** એકવાર હુઝૂર સૈયદી સરકાર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ ફાતિહાખ્વાનીની મજલિસમાં શિર્કત કરી. એક સાહબે ફાતિહા પઢતાં આખિરમાં આયતે દુરૂદ પઢવાથી પહેલાં આ પ્રમાણે પઢયા :

قال اللّٰہ تعالیٰ فی شان حبیبہ الکریم، اعوذ باللّٰہ من الشیطٰن الرجیم ان اللّٰہ وملئکتہ یصلون علی النبی

હઝરતે આ પઢનારને તરત જ ટોક્યો અને ફર્માવ્યું, "મઆઝલ્લાહ ! મઆઝલ્લાહ !" આપે *ક઼ાલલ્લાહ ફી શાને હબીબિહી* પછી તરત જ જોડાણ સાથે *અઊઝુ બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ* પઢયું ! શું અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺની શાને અક઼દસમાં મઆઝલ્લાહ ! *"અઊઝુબિલ્લાહ"* ફર્માવ્યું છે ?! આપ જે પઢયા એનો તર્જુમો એ થશે કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺની શાનમાં ફર્માવ્યું કે, "હું પનાહ માગુ છું મરદૂદ શૈતાનથી, બેશક ! અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે નબી ﷺ પર." આપની નિય્યતમાં ભલાઈ છે, તેમ છતાં તૌબા કરો અને ભવિષ્યમાં આ પ્રમાણે પઢવાથી દૂર રહેજો. *"ક઼ાલલ્લાહ ફી શાને હબીબિહી"* પઢવાની જરૂરત નથી. *અઊઝુબિલ્લાહ* પછી *ઈન્નલ્લાહ વ મલાઈકતહૂ*......પઢો, જ્યારે કે કુર્આની આયતો તથા *ઈન્નલ્લાહ વ મલાઈકતહૂ*.....ની વચ્ચે ગૈર કુર્આનથી ફસ્લ (અલગતા) હોય. અને જો ફસ્લ નથી તો *અઊઝુબિલ્લાહ* પણ પઢવાની જરૂરત નથી, આયતે કુર્આનીની તિલાવત બાદ જોડે જ *ઈન્નલ્લાહ વ મલાઈકતહૂ* પઢયા કરવું. સુબ્હાનલ્લાહ ! શું ઈમાની રૂહાની ઈસ્લાહ છે. *(હવાલો : તાબિશે અન્વારે મુફ્તીએ આ'ઝમ, અઝ : મુફ્તી મુજીબ અશ્રફ સાહબ નાગપુરી)*



# દુઆ
## પર અસ્થાને "આમીન" કહેવાની સુધારણા

**રજૂકર્તા : મૌલાના મક્સૂદ મિસ્બાહી વાગરાવાળા** *(હાલ : યુ.કે.)*

ક્યારેક ક્યારેક એવું પણ બને છે કે લોકો એવા મોક઼ા પર પણ "આમીન" બોલી દે છે જે "આમીન" કહેવાનો મોક઼ો નથી હોતો, પણ આ બાબતનો ખયાલ રાખવો જોઈએ.

એકવાર સૈયદી સરકાર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ જિ. ભંડારા (મહારાષ્ટ્ર) તશરીફ લાવ્યા હતા. અને આપનો ક઼યામ (ઉતારો) જનાબ અલ્હાજ મુહમ્મદ ઈસ્માઈલ સાહબ રઝવી, ખલીલ એન્ડ બ્રધર્સના માલિકના મકાન પર હતો. હાજી સાહબના મકાનથી મસ્જિદ ઘણી દૂર છે એટલા માટે નમાઝથી વ્યવસ્થા મકાન પર જ કરવામાં આવી હતી. મગરિબની નમાઝની ઈમામત ફક઼ીર લેખક (મુફતી મુજીબ અશ્રફ સાહબ–નાગપુરી)એ કરી. નમાઝ બાદ દુઆ માગતાં પઢ્યું :–

رَبَّنَا ظَلَمْنَاۤ اَنْفُسَنَا وَ اِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَ تَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِیْنَ

તો લોકોએ "આમીન" કહ્યું. દુઆ બાદ હઝરતે ફર્માવ્યું, આ જગા "આમીન" કહેવાની નથી. એટલા માટે કે આ ઈર્શાદનો અર્થ છે કે, "હે અમારા રબ ! અમે પોતે અમારું પોતાનું બુરુ કર્યું. અને જો તું અમને ન બખ્શે અને અમારા પર રહમ ન કરે તો અમે જરૂર નુકસાનવાળાઓમાં થયા." અને "આમીન"નો અર્થ છે, "હે અલ્લાહ ! ક઼બૂલ ફર્માવ." તો જ્યારે એવું કહેવામાં આવ્યું કે અમે જરૂર નુકસાનવાળાઓમાં થયા, તો "આમીન" કહીને જાણે એ તમન્ના કરી કે અલ્લાહ એને ક઼બૂલ ફર્માવે ! (ઈમામે પણ આ પ્રમાણે દુઆ કરવી જોઈએ :–

رَبَّنَا ظَلَمْنَاۤ اَنْفُسَنَا۔ فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَیْرُ الرّٰحِمِیْنَ وَاَنْتَ خَیْرُ الْغَافِرِیْنَ

*રબ્બના ઝલમ્ના અન્ફુસના, ફગ્ફિરલના વરહમ્ના વ અન્ત ખૈરુર્રાહિમીન, વ અન્ત ખૈરુલ ગાફિરીન.* આ જ બેહતર છે.)

એ જ પ્રમાણે અકોલાની કચ્છી મસ્જિદમાં ઈમામ સાહબે દુઆ માગતાં પઢ્યું :– لَاۤ اِلٰهَ اِلَّاۤ اَنْتَ سُبْحٰنَكَ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ તો લોકોએ આદત મુજબ "આમીન" કહ્યું. હઝરતે ફર્માવ્યું, اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ પછી "આમીન" કહેવું અસ્થાને છે એટલા માટે કે اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَનો અર્થ છે, "બેશક ! હું જાલિમોમાંથી છું !" હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ દરેક પળે શરઈ સાવધાની પ્રતિ ધ્યાનિત રહેતા હતા.

### حَرِیْص (હરીસ) પર વક઼્ફ કરવાથી મનાઈ !

અમુક ઈમામ હઝરાતને સાંભળવામાં આવ્યું છે કે સૂરએ તૌબાની આયત નં. ૧૨૮ તિલાવત કરતાં عَزِیْزٌ عَلَیْهِ مَا عَنِتُّمْ حَرِیْصٌ عَلَیْكُمْને જ્યારે પઢે છે તો حَرِیْصٌ પર વક઼્ફ કરીને શ્વાસ તોડી નાખે છે. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે حَرِیْصٌ (હરીસ) પર વક઼્ફ તબીઅત પર ભારે લાગે છે. حَرِیْصٌને બદલે عَلَیْكُمْ પર વક઼્ફ કરવો જોઈએ. કેમ કે હુઝૂરે અકરમ નૂરે મુજસ્સમ ﷺનો વસ્ફ (ખૂબી) કેવળ حَرِیْصٌ નથી, બલ્કે : حَرِیْصٌ عَلَیْكُمْ۔ حَرِیْصٌ عَلَی الْمُؤْمِنِیْنَ۔ حَرِیْصٌ عَلَی الطَّاعَةِ છે.

અલ્લાહ ! અલ્લાહ ! વધુ પેજ 43 પર..

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

- **ભરૂચ** : ખાતે દર અઠવાડિયે રવિવારે મગરિબ બાદ હફતાવારી સુન્ની ઈજતેમા દારુલ ઉલૂમ ગુલશને અજમેર, મસ્જિદે બાબા રયહાનમાં થયો જેમાં નિઝામત હાફિઝ સઈદ સાહબ, કિરાઅત–નઅત મૌલાના હુસૈન નજમી તથા તલબા, બયાન–મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, હાફિઝ અ. રહીમ બરકાતી, મૌલાના અશરફ રઝા વગેરે થકી થયાં. ઝિક્ર દુઆ મૌલાના સુહેલ નજમીએ કરાવી. દર જુમ્આના ઈશા બાદ ઈજતેમા સીદીમિયાં મસ્જિદ–બાવડી ખાતે જનાબ મોઈનભાઈ (હાજીપીર કિર્માણીવાળા) થકી ઈજતેમા થયો. ફયઝાને રઝા ઈબાદતગાહ (પાંચબત્તી) દરરોજ અસર બાદ *બરકાતે શરીઅત*માંથી દર્સ જનાબ તારીક઼ભાઈ શેખે આપ્યો. ભોલાવ મસ્જિદ ખાતે હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી થકી દર્સી બયાનો થયા. તે ઉપરાંત દર જુમ્આના નમાઝ બાદ બહેનો માટે પણ ઈજતેમા થતા રહ્યા જેમાં આલિમા બહેનોએ બયાન કર્યા.
- **આમોદ** : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના ઉસ્તાદો તથા તલબા થકી દર જુમેરાતે ત્રણ કાફલા અસર, મગરિબ, ઈશામાં વિવિધ મસ્જિદોએ પહોંચ્યા ગશ્ત કરીને તર્બિયતી ઈજતેમા બુવા, કેરવાડા, ઈટોલા, કુરચણ, સૂડી, ઓરા, પહાજ, મોસમ, રોઝા ટંકારીઆ, માતર, પુરસા વગેરે ગામોમાં કર્યા. એક કાફલાએ આમોદ ખાતે વિવિધ મસ્જિદો પુરસા નવી નગરી, બાવડી ફળિયા, જુમ્આ મસ્જિદ, ફયઝાને અશરફ ઈબાદતગાહ...વગેરેમાં ગશ્ત કરી દર્સ તથા ઈજતેમા કર્યા.
- **પાલેજ** : તા. ૧૫–૧૧–૨૦૧૭ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ સાધલીએ બયાન કર્યુ. તા. ૧૭–૧૧–૨૦૧૭ હાફિઝ અ. રહીમ બરકાતીએ શિનોર ઈજતેમા કર્યો. ઈમરાન નૂરી, મૌલાના શોએબ રઝા ક઼ાદરી, યૂસુફ નૂરી વગેરે મુબલ્લિગો થકી સાધલી, પારખેત, તા. ૧૮–૧–૨૦૧૮ તરસાલી આદર્શ નગર શાદી પ્રસંગે નઅત–બયાન, એ ઉપરાંત ડેડિયાપાડા, મુહમ્મદપુરા (વડોદરા), વેલુગામ, શિનોર, કપુરાઈ, ઉતરાજ, દેવલિયા, કનાયડા, તરસાલી, મોતીપુરા, કુકસ તેમજ ધોરાજી ઈજતેમા પહેલાં પહોંચીને કાફલા સાથે જઈને વિવિધ ઠેકાણે ઈજતેમા કર્યા.
- **બોડેલી** : ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી ઉષ્માનભાઈ ખત્રી તથા સાથીઓ થકી વિવિધ મસ્જિદોમાં હફતાવારી ઈજતેમા થયા તેમજ આસપાસ ગામોમાં તર્બિયતી કાફલા લઈ જઈને ઈજતેમા કરવામાં આવે છે.
- **વાગરા** : ખાતે મૌલાના ઈબ્રાહીમ જંબુસરી થકી નૂરાની મસ્જિદમાં દર શનિવારે ઈશા બાદ દર્સે કુર્આન તેમજ વાગરા તથા જુનેદ ખાતે મીલાદુન્નબી ﷺ પર બયાન તેમજ દર રવિવારે આસપાસના ગામોમાં કલમ વગેરે ખાતે ઈજતેમા કર્યા.
- **જંબુસર** : ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના ઈમરાન નજમી, હાફેઝ અસ્લમ, મૌલાના જાબિર દહેગામી, મૌલાના મુબારક સાહબ, હાફિઝ મુશ્તાક વગેરેએ તર્બિયતી ઈજતેમા કર્યા. મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે દર પંદર દિવસે પાદરામાં ઈજતેમા, વડોદરા એકતા નગરમાં ઈજતેમા કર્યા, દહેગામ, સીગામ, ટંકારીબંદર, નોબાર, ટુંડજ, ચાંદપુરા કહાનવા, ભોજ, ડાભા વગેરે ગામોમાં હફતાવારી ઈજતેમા કર્યા. જંબુસર હફતાવારી ઈજતેમા સોમવારે સુન્ની દા'વતે ઈસ્લામી મર્કઝ પર થતો રહ્યો, મદ્રસા બાલીગાન, ચાંદપીર, નૂરી ઈબાદતગાહ, કહાનવા ચાલે છે. ઔરતોનો ઈજતેમા દર જુમ્આના થયો જેમાં રૂબીના આપાએ બયાન કરી મસાઈલ વગેરેની તાલીમ આપી.
- **દયાદરા** : ખાતે દરરોજ અસર બાદ દર્સ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હાફિઝ અફઝલ સરનારવી થકી

*બરકાતે શરીઅત*માંથી આપવામાં આવ્યો તેમજ દર રવિવારે અસર/ઈશા બાદ તર્બિયતી ઈજતેમા થયા જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના મુબારક દહેગામી, મૌલાના અશરફ રઝા–ભરૂચ વગેરેએ બયાનો કર્યા. તેમજ રબીઉલ આખરના ચાંદ ૭,૮,૯ના રોજ ઈશા બાદ મસ્જિદમાં મૌલાના તૌસીફ રઝા હલદરવી સાહબે શાને ગૌષિયતમાં બયાનો કર્યા. ૧૦મા ચાંદે ઈશા બાદ મોટા ચકલા પર નઅતો–મન્કૂબતોનો પ્રોગ્રામ થયો જેમાં હાફિઝ ઝયનુલ આબિદીન તેમજ હાફિઝો કારી મકસૂદ કાવીવાળાએ નઅતોના નગ્મા પેશ કર્યા. ૧૧મીની રાત્રે મૌલાના ઝહીર મિસ્બાહીએ શાને ગૌષપાક رضی اللہ عنہમાં શાનદાર બયાન કર્યું તેમજ સવારે જુલૂસે ગૌષિયા બાદ મસ્જિદમાં પણ અસરઅંગેઝ બયાન કર્યું હતું.

તે ઉપરાંત **કોસંબા, બાસ્કા, વડોદરા, ભાવનગર, ધોરાજી, સૂરત, પાલીતાણા** વગેરે સુન્ની દા'વતે ઈસ્લામીની શાખાઓ થકી હફતાવારી ઈજતેમા, ડેઈલી દર્સ, ચોક દર્સ વગેરે દીની તર્બિયતી ઈજતેમા કરવામાં આવ્યા.

## ★ દયાદરામાં શાદી પ્રસંગે જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ★

**દયાદરા :** ખાતે તા ૨૨–૧૨–૨૦૧૭ના જુમ્આની રાત્રે ઈશાની નમાઝ બાદ અકુજી કોમ્યુ. હોલ પાસે જનાબ હાફિઝ સાદિક દાઉદ મૂસા બાજીભાઈના નેક ફરઝંદ હાશિમની શાદીના મુબારક પ્રસંગે "જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ" મનાવાયો જેમાં આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ رضی اللہ عنہ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)એ ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં તેમજ નવયુવાનોની ઈસ્લાહમાં ઈમાન અફરોઝ બયાન પોતાના આગવા અંદાઝમાં કર્યું હતું. નિઝામત હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહીએ સંભાળી તથા કારી મકસૂદ સાહબે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા. એ જ દિવસે જુમ્આની નમાઝ વખતે મસ્જિદમાં શાનદાર બયાન હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી સાહબે કર્યું અને નમાઝ બાદ નિકાહ પણ આપે પઢાવ્યા હતા. દુલ્હામિયાં હાશિમના નિકાહ ભરૂચ નિવાસી ગુલામભાઈ પરફેકટવાલા (જાંબિયા)ની નેક દુખ્તર રઈસા સાથે થયા. આ મુબારક પ્રસંગે દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં બંને જહાનની ખુશીઓથી સૌને નવાઝે. (આમીન) *–તંત્રી :*

તે ઉપરાંત હઝરત કિબ્લા સૈયદ અમીનઅલી કાદરી સાહબે તા. ૨૦ ડિસેમ્બર સરખેજ, અહમદાબાદ હઝરત સૈયદ યાસીનબાપુની સદારતમાં વર્તમાન હાલતમાં મુસલમાન કઈ મંઝિલેથી પસાર થઈ રહેલ છે તેના વિશે દર્દઅંગેઝ બયાન કરી યુવાનોની ઈસ્લાહ કરી હતી. તેમજ ૨૧ ડિસેમ્બરે પાદરા ખાતે "પયગામે ઔલિયા કોન્ફ્રન્સ"માં પણ શાનદાર બયાન કર્યું હતું.

## ★ ભાવનગરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો વાર્ષિક ઈજતેમા સંપન્ન ★

**ભાવનગર :** ખાતે તા. ૨૨–૧૨–૨૦૧૭ તથા ૨૩–૧૨–૨૦૧૭ શનિવાર તથા રવિવાર બે દિવસીય સુન્ની ઈજતેમા યોજાયો જેમાં શનિવારે ઝહોરથી ઈશા સુધી બહેનોના ઈજતેમામાં હઝરત મૌલાના સૈયદ મોમિન અકબર બાપુની સદારતમાં મુબલ્લિગો હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (ભરૂચ) તેમજ અન્ય સ્થાનિક મુબલ્લિગોના બયાનો બાદ ખાસ બયાન હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)એ ખૂબ જ સુધારણાજનક અસરકારક બયાન કરી બહેનોને સારો માહોલ સ્થાપિત કરવા તાકીદ કરી હતી. બીજા દિવસે મર્દોનો ઈજતેમા બપોરના ૧૨ થી રાતના ૧૦ સુધીમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે તર્બિયત સાથે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા તથા સુંદર રીતે નિઝામત સંભાળી હતી. બીજા દિવસે પણ હઝરત સૈયદ અમીન બાપુ તેમજ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી સાહબે બયાનો કર્યા હતાં. છેવટે ઈશા બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવીએ શાનદાર ઈસ્લાહી બયાન કર્યું હતું. ઝિક્ર દુઆ પર ઈજતેમા સંપન્ન થયો હતો.

## ★ દયાદરા ખાતે અતિ ગમખ્વાર અકસ્માત ! ★

**દયાદરા** : ખાતે તા. ૩૧–૧–૨૦૧૭ના રોજ મગરિબ બાદ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરાના તલબા ફોર વ્હીલર ગાડીમાં બેસી ક્યાંકથી પઢીને પરત થઈ રહ્યા હતા ત્યારે દારુલ ઉલૂમ સામેની જ ફાટક પસાર કરતાં રેલ્વે ગુડઝ ટ્રેન સાથે ટક્કર થઈ જતાં ખૂબ જ દુઃખદ તથા કરૂણ બનાવ બની ગયો જેમાં પાંચ તલબા શહીદ થઈ ગયા અને અન્ય છ ને સખત ઈજાઓ થઈ. આ સમાચાર વાયુવેગે ફેલાતાં દયાદરા ગામ તથા સમગ્ર પંથકમાં ગમનું મોજુ ફેલાય ગયું હતું અને અનેક લોકો ભરૂચ હોસ્પિટલ પર ઉમટી પડયા હતા તથા સહાનુભૂતિમાં અનેક લોકોએ સહાય માટે તત્પર જોવા મળ્યા. જેણે જે ભાવના દર્શાવી કે સહાય કરી સૌને અલ્લાહ તઆલા જઝાએ ખૈર અતા કરે.

અમને મદીના શરીફમાં આ સમાચાર મળતાં જ આંચકો અનુભવ્યો, દિલમાં બેચૈની છવાય ગઈ તથા સરકારે દો આલમ ﷺની બારગાહમાં ખૂબ દુઆ ગુઝારવામાં આવી. રબ્બે કરીમ તેના મેહબૂબ ﷺના સદકામાં ઈન્તેકાલ કરનારાઓની મગફિરત ફર્માવે, તેમના દરજાતને બુલંદ ફર્માવે, ઘરવાળાઓને, તેમનાં મા બાપને સબ્રે જમીલ અતા કરે, નેઅમલ બદલ અતા કરે. તેમજ ઘાયલ થયેલાઓને વહેલી તકે શિફાયાબ ફર્માવે, તથા અરાકીને દારુલ ઉલૂમને આ સંકટ સમયમાં હિંમત તથા હોસલો અતા ફર્માવે. સર્વ શહીદ થનાર તલબાના વાલિદૈનને રબ તઆલા સબ્રે જમીલ અતા કરે, (૧) મુહમ્મદશફીક સુલેમાન મૂસા કોદર–મછાસરા (૨) મુહમ્મદઅમાન અબ્દુલ્લાહ ચોકવાલા–મુંબઈ (૩) મુહમ્મદસાહિલ ઐયૂબ મલેક–ડાભા (૪) પટેલ શાહનવાઝ નઝીર સુબા–હિંગલ્લા, બિલ્ખુસૂસ : (૫) હઝરત મૌલાના સાદિક઼ સાબરી સાહબ (મુદર્રિસ દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી)ના નેક ફરઝંદ ગુલામ સાબિર શહીદ થયા છે, તેમને રબ તઆલા સબ્રે જમીલ અતા કરે, નેઅમલ બદલ અતા કરે. અમો સૌના ગમમાં સહભાગી છીએ. મૌલા કરીમ સર્વના પર રહમો કરમ ફર્માવે. (આમીન)*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેક઼ાલ પુરમલાલ ! ★

**દયાદરા** : ખાતે યાકૂબ મૂસા ઘંટીવાલાનો તા. ૧૯–૧૨–૨૦૧૭, ૧–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૯, મંગળવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ ઝુલેખાબેન અબ્દુલ્લાહ રેડીયોવાલાનો તા. ૨૩–૧૨–૨૦૧૭, ૪–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૯, શનિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ રસીદા ઈકબાલ દેસાઈનો લાબી માંદગી બાદ તા. ૨૪–૧૨–૨૦૧૭, ૫– રબીઉલ આખર હિ.સ. ૧૪૩૯, રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ સુલેમાન ઈસ્માઈલ રખાનો તા. ૭–૧–૨૦૧૮ ૨૦ રબીઉલ આખર રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. ❐ ગફૂર અહમદ ખલીફાનો ૧૩–૧–૨૦૧૮ ૨૪ રબીઉલ આખર શનિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે.

**ગોંડલ** : જનાબ અ. રઝ્ઝાકભાઈ અ. કરીમભાઈ નાગાણી જણાવે છે કે અમારા નાના ભાઈ ઈસ્માઈલભાઈ અ. કરીમભાઈ કોટડાવાળા ધ્રોલ મુક઼ામે બે દિવસની ટૂંકી માંદગી બાદ હાર્ટનો હુમલો થવાથી તા. ૧૩/૧૨/૨૦૧૭ બુધવારનની સવારે ૬૦ વર્ષની વયે ઈન્તેક઼ાલ કરી ગયા છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ધોરાજીમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો વાર્ષિક ઈજતેમા સંપન્ન ★

**ધોરાજી** : વિશ્વભરમાં દીનની તાલીમ માટે આમંત્રણ આપી લોકોને એક સારા સંસ્કારી નાગરિક બનાવવા માટે કામ કરતી આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામી દ્વારા આજરોજ ખ્વાજા સાહેબના મેદાન ખાતે વાર્ષિક ઈજતેમાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વર્ષે તકરીર માટે ખાસ માલેગાંવથી તશરીફ લાવીને હઝરત સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ તકરીર કરી હતી. ખ્વાજા સાહેબના મેદાન ખાતે બપોરે ત્રણથી રાત્રે અગ્યાર વાગ્યા સુધી ઈજતેમાના કાર્યક્રમમાં આલિમોએ ઈસ્લામ ધર્મમાં અખ્લાક઼ (શિસ્ત)નું મહત્વ સમજાવેલ. આપણા અખ્લાક઼ (શિસ્ત) જોઈને જ બીજા ધર્મના લોકો આપણા ધર્મ તરફ આકર્ષાયા છે. જેમાં ઝેરે ક઼યાદત સૈયદ મુન્નેમિયાં સાહેબ, અમીરે સુન્ને દા'વતે ઈસ્લામી મૌલાના શાકિર સાહબ, સૈયદ અમીન અલી ક઼ાદરી સાહબ, ક઼ારી અલ્હાજ મુહમ્મદ રિઝવાન સાહેબ, મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ અશરફી, પ્રિન્સિપાલ ગુલામ ગોષ અલ્વી સાહબ સહિત અગ્રણી આલિમે દીન, મુફ્તી મુનવ્વર રઝા સાહબ, હાજી ઈકબાલ બાપુ ક઼ાદરી સહિતના અગ્રણી આલિમે દીન હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સુન્ની દા'વતે ઈસ્લામી ધોરાજી શાખાના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી..

## ઈસ્લામિક સેન્ટર–લેસ્ટર ખાતે દસ્તારબંદી

**લેસ્ટર (યુ.કે.)** : તા. ૧૪–૧–૨૦૧૮ રવિવારે ઈસ્લામિક સેન્ટર (સેન્ટ્રલ મસ્જિદ યુ.કે.) ખાતે ૪ તાલિબે ઈલ્મ : (૧) મૌલાના શોએબ અલ્તાફ (૨) મૌલાના શાહિદ અઝીમ જગત (૩) મૌલાના બિલાલ અશ્ફાક સકરાની (૪) મૌલાના હમ્ઝા આબિદ મક઼સૂદને આલિમ ફાઝિલની સનદ આપી. હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાખાં આ'ઝમી, હઝરત મૌલાના શાહિદ રઝા સાહબની સદારતમાં તેમજ અન્ય ઉલમાના મુબારક હાથો વડે દસ્તારે ફઝીલતથી નવાઝવામાં આવ્યા. આ પ્રસંગે મૌલાના શાહિદ રઝા સાહબે અલ્લાહનો શુક્ર અદા કરતાં મસ્જિદની કમિટી તેમજ સર્વ ઉસ્તાદોને મુબારકબાદ આપ્યા બાદ મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર (S/o. પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)ની મહેનતને બિરદાવતાં કહ્યું કે, ''મૌલાના મુફ્તી શાકિર પટેલ મિસ્બાહી કો અગર આજ મૈં ઉસ્તાઝુલ ઉલમા કહું તો બે જા ન હોગા. ઉસ્તાઝુલ ઉલમા હઝરત મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ સાહબ હમ સબ કી જાનિબસે મુબારકબાદ કે મુસ્તહિક઼ હૈં, મૈં ઉન્હેં મુબારકબાદ દેતા હૂં કે ઉન્હોંને અપની બેપનાહ મેહનતો શફક઼ત ઔર કમિટમેન્ટકે બાદ ઈન તલબા કે દિલોં કો ઈનકે દિમાગોં કો ઈલ્મે દીનસે આરાસ્તા ફર્માયા. તફસીર, હદીષ, ફિક઼હકી આ'લા તા'લીમ દર્સે નિઝામી કી કિતાબોં કો પળ્હાકર ઈન્હોંને યહ નવ જવાનોં કો દી હૈ. મૌલાના શાકિર પટેલ સાહબ હમ સબકી જાનિબસે મુબારકબાદ કે મુસ્તહિક઼ હૈં. ઉન્હોંને સિર્ફ હમારે દારુલ ઉલૂમ કી સરપરસ્તી હી નહીં ફર્માઈ હૈ, આજ ઉન્હોંને અપની મેહનત અપની શફક઼ત કા જો નતીઝા પેશ કિયા હૈ, હમ હમેશા ઉસ પર ફખ્ર કરતે રહેંગે.'' ત્યાર બાદ મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાં આ'ઝમી (સેક્રે. : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)એ શાનદાર ખિતાબ કર્યો હતો. આ પ્રોગ્રામમાં સુન્ની અવામ ઉપરાંત સ્થાનિક ઉલમા ઉપરાંત મૌલાના ડો. અઝહરહુસૈન અઝહરી, હાફેઝ સુલેમાન સાહબ, હાફિઝ યાસીન સાહબ, હાફિઝ ઈકબાલ માંગરોલવી સાહબ વગેરે હાજર રહ્યા હતા. (ઈદારા તથા ઉસ્તાદો તથા ફારિગ થનારાઓને મુબારકબાદ ! –*તંત્રી*)